હજરતે ફરમાવ્યું છે
"ખોદા જેના વિષે ભલાઈ ધારે છે તેને દીનમાં સમજ આપે છે"

બેહેશ્તી ઝેવર

અથવા

સ્વર્ગનું ઘરેણું.

ભાગ ૮ મો.

છપાવી પ્રસિદ્ધકર્ત્તા
અબદુલ્લાહ બી૦ મૌલવી ગુલામ મોહમ્મદ
સાદિક મુ૦ રાંદેર.

૨ જોમાદા ૧૩૨૯ હિ૦
પ્રથમ આવૃત્તિ ૧૦૦૦.

અમદાવાદ
ધી "અમરસિંહ" પ્રિન્ટીંગ પ્રેસમાં પઠાણ નીઝામખાન નુરખાન વકીલે છાપી.

કી૦ ચાર આના.

ઘણો મેહેરબાન રહમ કર્ત્તા અલ્લાહના નામથી.

સર્વ તારીફ અલ્લાહ માટે છે. જેના કબજામાં સઘળી વસ્તુ છે. હિદાયત અને ગુમરાહી તેનાજ કબજામાં છે અને સ્રીઓને પુરૂષથી ઉતરતા બનાવવું તેનીજ હિકમતથી છે. તે ચાહે તે કરે તેના કામમાં કોઇને ચુનો ચરા કરવાની શક્તિ નથી. અને હઝારો દોરૂદ અને સલામ હજરત મોહમ્મદ માટે છે, કે જેવણે હિદાયત ગુમરાહીના માર્ગો ખુલ્લા કર્યા જે તેમને કહે લાગ્યો તે પોતાની મનજલે પોહોંચ્યો અને જેણે નહી માન્યું તે ગુમરાહ થયો, અને સઘળા સહાબા તથા મુમેનો માટે છે.

એ પછી **ગુલામ મોહમ્મદ બીન હાજી હાફેજ સાહેબ** કહે છે કે કન્યા કેળવણીનો ચોતરફ શોર થઈ રહ્યો છે. કન્યાશાળાઓ ઉઘડતી જાયછે પણ તેઓને શી કેળવણી જરૂરની છે તે ઉપર નજર કરનાર ઘણાએ જણાતા નથી. કન્યા જેની સાથે પરણે છે તેને ગુજરાતીમાં ધણી, પતિ કહે છે. જેથી તેનું માલિક થવું અને કન્યાનું તાબે થવું પ્રગટ થાય છે; તેમ તેને વર પણ કહે છે. જેથી તે તેણી ઉપર ગાલિબ :થનાર શ્રેષ્ઠા પામનાર સિદ્ધ થાય છે. અને કન્યાને ધણીઆણી કહે છે એટલે માલિકની લાવેલી જે લોંડીપણાનો ભેદ બતાવે છે. ત્યારે તેની કેળવણી પણ એવીજ થવી જોઇએ કે તે પોતાની હદ વટે નહીં અને માલિક (ધણી):ની તાબેદાર રહે. એઓમાં સવતંત્રતા આવે તો તેનુ કેવું માઠું પરિણામ આવે છે તે યુરૂપની લેડીઓનો હાલ તથા દેશી લેડીઓની સ્થિતી જાણનાર ઉપર કંઇ છૂપુ નથી.

એઓને કેળવવા માટે 'બેહેસ્તી ઝેવર' ઉર્દુ અમુલ્ય પુસ્તક છે. અને કેમ નહીં હોય તેના રચનાર હકીમુલ ઉમ્મહ હજરત મૌલાના **અશરફઅલી** સલ્લમહુલ્લાહ છે. જેમનો તકવો પરહેઝગારી જગ જાણીતી છે એટલે તેમના વિચારની અસર પણ પડે એમાં કશો સંદેહ નથી. એજ કારણથી એ કિતાબ અનેકવાર અનેક પ્રેસમાં હઝારો છપાઈ અને છપાતી જાય છે.

ખોદાનો શુકર કે આ આઠમા ભાગના ભાષાંતર કરવાની તેણે :મને શકિત આપી. એમાં રચનાર મૌલાનાએ સો બીબીઓની હાલત લખી છે. જે છોકરીઓને કિસ્સા કહાણી કહેવામાં કામ આવે અને સાથે બોધ પણ લ્યે અને દરેક બીબીના વર્ણનની છેવટમાં કર્ત્તાએ ફાયદો આપ્યો છે જે ઉપર ધ્યાન આપવાથી ઘણી સારી અસર થાય છે.

બુજરૂગોના કિસ્સા તેઓની હાલતોનું વર્ણન વાંચનાર ઉપર અજબ અસર કરે છે, એજ માટે કુરઆન શરીફમાં પેગમ્બરોના કિસ્સા લખાયા છે. અલ્લાહતઆલા રસૂલુલ્લાહ (સલ) ને ફરમાવે છે, " અમો પૈગમ્બરોની ખબરોમાંથી તારાપર તે બયાન કરીએ છીએ જે તારા દિલને થોભાવે (સાબેત રાખે) છે. (સુરા હુદ ૧૧; ૧૨૦) સૈયેદુત તાએફા હજરત જોનેદ (રહ) કહે છે કે ' બુજરૂગોની હિકાયતો તે અલ્લાહના લશ્કરોમાંનું લશ્કર છે. એટલે મશાએખોનાં વચનો, ઇલમ તથા મારેફતમાં અલ્લાહના લશકરોમાંથી એક મજબુત લશકર છે, જેથી કરી ખ્વાહેશે નફસાની બુરા ઇરાદાના લશકરની સારી રીતે હાર થાયછે. એજ માટે એક બુજરૂગ પોતાના મુરીદોને આજ્ઞા કરતા કે દરેક પીર (અવલિયા) નાં વચનો યાદ કરો. અને જો એટલુંએ નહીં બને

તો તેઓનાં નામજ યાદ રાખશો. અને આતો જાહેર છે કે આ ભાગમાં વર્ણાયલી સો બીબીઓ તે સઘળી વલીયોજ છે અને તેઓની હાલત જુદી જુદી છે. જે છોકરીઓ ઉપર અસર કરવામાં કીમયા સમાન છે વાંચનારીઓને જોઇએ કે તેઓ પોતે વાંચે અને નહીં જાણનારીઓને પણ વાંચી સંભળાવે.


ગાયકવાડ સરકારની અમલદારીમાં ફરજીયાત કેલવણી છે, જેથી મુસલમાનોની હજારો છોકરીઓને શાળાઓમાં અપાતી કેળવણી લેવી પડે છે પણ તેઓને તો નઇતિક કેલવણી ધર્મની કેળવણીની જરૂર છે; જે બેહેશતી ઝેવરના સઘળા ભાગો પૂરી પાડે છે. તેને ચલણુ કરવાની અથવા બીજી કોઈ એવી કિતાબને ચાલુ કરવાની ઘણી જરૂર છે. અને તે ત્યાંના મુસલમાન આગેવાનોને કોશીશ કરી પાસ કરાવવાની ફરજ છે.

ઉર્દુ બેહેશતી ઝેવરના ટાઇટલ (પુંઠા) ઉપર છોકરીઓના બોધની કવીતા લખાઇ છે તે અત્રે ઉતારવી પ્રસંગોપાત્ત થઇ પડશે.

અસલી ઘરેણું.

એક લડકીને યે પુછા અપની અમ્મા જાનસે, ✤ આપ ઝેવરકી કરેં તારીફ મુજ અનજાનસે;
કોનસે ઝેવર હૈં અચ્છે યે જતા દીજેં મુજે, ✤ ઔર જો બદ ઝેબ હૈં વોહભી બતા દીજે મુજે.
તાકે અચ્છે ઔર બુરેમેં મુજકુભી હો ઇમતેયાજ, ✤ ઔર મુજપર આપકી બરકતસે ખુલજાવે યે રાજ;
યું કહા માંને મોહબ્બતસે કે ઐ બેટી મેરી, ✤ ગોશે દિલસે બાત સુનલો ઝેવરોકી તુમ જરી.
સીમ ઝરકે ઝેવરકો લોગ કહેતે હૈં ભલા, ✤ પર નમેરી જાંન હોના તુમ કભી ઉનપર ફેદા;
સોને ચાંદીકી ચમક બસ દેખનેકી બાત હૈ, ✤ ચાર દીનકી ચાંદની ઔર ફિર અંધેરી રાત હૈ.
તુમકો લાઝિમ હૈ કરો મરગુબ ઐસે ઝેવરાત, ✤ દીન દુન્યા કી ભલાઇ જીસ્સે ઐજાં આએ હાત;
સરપે **ઝુમર** અકલકા રખના તુમ ઐ બેટી મુદામ, ✤ ચલતે હૈં જીસકે જરીઆસે સબ ઇનસાંકે કામ.
બાલયાં હોં કાનમેં ઐ જાં ગોશે હોશકી, ✤ ઔર નસીહત લાખ તેરે **ઝુમકોંમેં** હો ભરી;
ઔર **આવેઝે** નસાએહ હોંકે દિલ આવેઝ હોં, ✤ ગર કરે ઇનપર અમલ તેરે નસીબે તેઝ હોં.
કાનકે **પત્તે** દિયા કરતે હેં કાનોંકુ અજાબ, ✤ કાનમેં રખ્ખો નસીહત દેં જો અવરાકે કિતાબ;
ઔર ઝેવર ગર ગલે કે કુચ તુંજે દરકાર હોં, ✤ નેકીયાં પ્યારી મેરી તેરે ગલેકા **હાર** હોં.
કુવ્વતે બાઝુકા હાસેલ તુજકુ **બાઝુબંદ** હો, ✤ કામયાબી સે સદા તુ ખુર્રમો ખુરસંદ હો;
હેં જો સબ બાઝુ કે ઝેવર સબકે સબ બેકાર હેં, ✤ હિમ્મતેં બાઝુકી ઐ બેટી તેરી દરકાર હેં.
ક્યા કરોગી ઐ મેરી જાં ઝેવરે **ખલખાલકો**, ✤ ફેંક દેના ચાહીએ બેટી બસ ઇસ જંજાલકો;
સબસે અચ્છા પાઊંકા ઝેવર યે હૈ તુરે બસર, ✤ તુમ રહો સાબિત કદમ હરવક્ત રાહે નેકપર;
સીમો ઝરકા પાઊં મેં ઝેવર નહો તો ડર નહીં, ✤ રાસ્તીસે પાઊં ફીસલે ગર ન મેરી જાં કહીં.

બહેશ્તી ઝેવર ભાગ ૮ મો.



ઘણા મેહેરબાન રહમ કર્ત્તા અલ્લાહના નામથી.

નેક બીબીઓની હાલતો.

વાંચનારીઓની દીન સંબધી હિમ્મત વધારવા માટે.

આ વર્ણનથી પ્રથમ બરકતને માટે ટુંકાણમાં રસૂલુલ્લાહ (સલ)નું વર્ણન કરવામાં આવે છે, કે જેથી વાંચનારીઓ પોતાના પૈગમ્બરને તથા તેમની આદતો સ્વભાવને પણ જાણી લે. અને તેથી તેમની પ્રીતિ ઉપજે થાય અને તાબેદારી કરે; અને આ પણ વાત છે કે, આ સઘળીઓને નેકીની દોલત તેમની બરકતથી મળી છે. પ્રથમની બીબીઓને તો આપના નુરથી અને આ ઉમ્મતની બીબીઓને આપની શરીઅતથી. માટે પ્રથમ તેવણનું વર્ણન લખ્યા પછી બીબીઓનો હાલ શરૂ થશે.

હજરત મોહમ્મદ (સલ)ની પેદાએશ અને વફાત વગેરેનું વર્ણન.*

તેવણનું પ્રખ્યાત મુબારક નામ મોહમ્મદ (સલ) છે. તેવણના પીતાનું નામ અબદુલ્લાહ છે, અને તેમના બાપનું નામ અબદુલ મુત્તલિબ, અને તેમના બાપનું નામ હાશિમ અને તેમના બાપનું નામ અબ્દે મનાફ છે. તેવણની માનું નામ આમેનહ છે. અને તેણીના બાપનું નામ વહબ અને તેના પીતાનું નામ અબ્દે મનાફ અને તેના બાપનું નામ ઝહરહ છે. અને આ અબ્દે મનાફ બીજા છે. અને પીરને દિવસ રબીઉલ અવ્વલ (૧ રબી)ના મહિનામાં તેવણનો જન્મ થયો. તે વર્ષે એક કાફિર બાદશાહે હાથી લઇને કાબા ઉપર તેને તોડવા માટે ચઢાઇ કરી હતી. અને તેવણ પાંચ વર્ષ અને બે દિવસના થયા ત્યારે તેવણની દુધપાતી દાઇએ તેવણને તેમની માને સોંપ્યા. જ્યારે આપ છ વર્ષના થયા ત્યારે તેવણની મા પોતાને સાથે લઇને તેવણના દાદાની નનયાલ બની નજ્જારમાં મદિના ગઇ. અને એક મહિના પછી પાછા ફરતાં અબવા નામની જગ્યામાં તેણીનું મૃત્યુ થયું. ઉમ્મે ઐમન પણ સાથે હતી. તે તેવણને મક્કામાં લાવી. અને હજરત (સલ)ના બાપ તેવણને હમેલમાં છોડી મરણ પામ્યા હતા. તેવણને તેવણના દાદા અબ્દુલ મુત્તલેબે પરવરિશ કરવી શરૂ કરી. ફરી તેવણના દાદાનો ઇન્તેકાલ થયો. તો તેવણના કાકા અબુતાલિબે તેવણને ઉછેર્યા. અને તે તેવણને શામની તરફ વેપારાર્થે લઇ ગયા હતા. માર્ગમાં નસારા (ખ્રિસ્તી)નો વિદ્વાન બોહેરા જે મઠપતી (રાહેબ) હતો તેણે તેવણને જોયા અને તેવણના કાકાને ચેતવણી આપી કે, એવણની સંભાળ કરો. આ નબી છે, અને એવણને પાછા મક્કે મોકલાવ્યા. ફરી એવણ પોતે હજરત ખદીજા (રદી)નો વેપારનો માલ લઇને શામ તરફ ચાલ્યા. માર્ગમાં ખ્રીસ્તીઓનો વિદ્વાન મઠપતી નસતુરાએ હજરત (સલ)ના નબી થવાની શાહેદી આપી. જ્યારે એવણ પાછા ફર્યા તો હજરત ખદીજા (રદી)થી એવણની શાદી થઇ. તે વખત તેમની ઉમર પચીસ વર્ષની હતી. અને હજરત ખદીજા (રદી)ની ચાલીસ વર્ષની હતી. ફરી ચાલીસ વર્ષની ઉમરમાં એમને નબુવ્વત મળી. અને એવણ બાવન અથવા ત્રેપન વર્ષના હતા, કે આપને મેઅરાજ થઇ. નબુવ્વત પછી તેર વર્ષ તેવણ મક્કામાં રહ્યા. ફરી જ્યારે કાફિરોએ ઘણું દુઃખ આપ્યું ત્યારે ખોદા તઆલાના હુકમથી તેવણ મદીના ચાલ્યા ગયા. અને મદીનામાં આવવાને બે વર્ષ થયાં એટલામાં બદરની લડાઇ થઈ. ફરી બીજી લડાઇયો થઇ. સઘળી નાની મોટી મળી પાંત્રીસ લડાઇયો થઇ. અને અગિયાર બીબીઓથી તેવણના નિકાહ થયા. એ પ્રખ્યાત છે. તેમાંથી બેનો તો તેવણની રૂબરૂમાં ઇનતેકાલ થયો. એક હજરત ખદીજા (રદી) અને બીજી ખોઝેમહની દીકરી હજરત ઝૈનબ (રદી). અને નવને છોડીને એવણની વફાત થઇ (૧) હજરત સવદા (૨) હજરત આએશહ (૩) હજરત હફસહ (૪) હજરત ઉમ્મે સલમહ (૫) હજરત ઝૈનબ બીનતે જહશ. (૬) ઉમ્મે હબીબહ (૭) હજરત જોવેરીયહ (૮) હજરત મૈમુનહ અને (૯) હજરત સફીયા. અને તેવણની ચાર દીકરી હતી. સર્વથી મોટી (૧) હજરત ઝૈનબ અને તેણીથી નાની (૨) હજરત રોકીયા, તેણીથી નાની (૩) હજરત ઉમ્મે કુલસુમ અને સર્વથી નાની (૪) હજરત ફાતેમા (રદી). આ સઘળી હજરત ખદીજા (રદી)થી છે. અને ત્રણ અથવા ચાર અથવા પાંચ દિકરા હતા. (૧) હજરત કાસિમ (૨) હજરત અબદુલ્લાહ (૩) હજરત તૈયેબ અને (૪) હજરત તાહિર. આ સઘળા હજરત ખદીજા (રદી)થી છે. અને એક (૫) હજરત ઇબ્રાહીમ આ હજરત મારીયાથી છે. જેવણ હજરતની દાસી (લોંડી) હતાં. અને આ દિકરાનો ઇન્તેકાલ મદીનામાં દુધપીતી અવસ્થામાં થયો હતો. આવી રીતે પાંચ દિકરા થયા. પણ કેટલા

*ઇસ્તીઆબ વગેરે ઉપરથી.

કોએ કહ્યું છે કે, અબદુલ્લાહનું નામ તૈયબ પણ હતું. તો આ રીતે ચાર થયા. અને કેટલાકોએ કહ્યું છે કે, તૈયબ અને તાહિર બંને નામો પણ અબદુલ્લાહનાં છે તો આ રીતે ત્રણ થયાં અને હજરત અબદુલ્લાહ નોબુવ્વત પછી પૈદા થયા. અને મક્કામાંજ મરણ પામ્યા. અને બીજા છોકરા નોબુવ્વતથી પ્રથમ પૈદા થયા અને નોબુવ્વતથી પ્રથમજ ઇનતેકાલ કરી ગયા. અને તેવણ મદીનામાં દસ વર્ષ રહ્યા ફરી સફર મહિનાને બે દિવસ રહ્યા હતા, ને બુધને દિવસે તેવણ બીમાર પડયા અને રબીઉલ અવ્વલની બારમી તારીખ પીરને દિવસે* સુર્ય થોડો ચઢેલો હતો (ચાશ્ત) તે વખતે ત્રેસઠ વર્ષની વયે વફાત થઇ. અને મંગલના દિવસે બપોરે સુર્ય ઢલતાં દફન કરવામાં આવ્યા. અને કેટલાકોએ કહ્યું છે કે, મંગલનો દિવસ વીતી રાત થઇ હતી. અને આ વાર લાગવાનું કારણ આ હતું કે, સહાબા (રદી) દુઃખ અને ગમમાં પરેશાન હતા કોઇના હોશ ઠીકાણે નહોતા. અને હજરત (સલ)ની દીકરીઓમાંથી હજરત ઝૈનબને એક છોકરો જન્મ્યો હતો અલી, અને એક દીકરી ઓમામા પણ બંનેનો વંશ વધ્યો નહીં. હજરત રોકીયાને એક છોકરો થયો અબદુલ્લાહ, છ વર્ષની વયે મરણ પામ્યો. અને હજરત ઉમ્મે કુલસૂમને કંઈ ઓલાદ થઇ નહીં. અને હજરત ફાતેમા (રદી)ના હસન અને હોસૈન થયા અને એઓનો વંશ ઘણો વધ્યો.

---

* લોકોમાં પ્રખ્યાત છે કે હજરત (સલ) ની વફાત બારમીએ થઇ છે તે પ્રમાણે આ લખાયું છે. નહીંતો હિસાબ ગણતાં તે વર્ષની બારમીએ પીરનો દિવસ આવી શકતો નથી. હજરતે (સલ) તા. ૯ મી જીલહજે હજ કરી તે દિવસ જુમાનો હતો તે પછી તેવણના વફાત સુધી માત્ર ત્રણ ચાંદ થયા છે હવે તેને સઘળાને ત્રીસાગણો અથવા ઓગણત્રીસાગણો અથવા કોઈને ત્રીસો કોઈને ઓગણત્રીસો કોઈ પણ રીતે પીરનો દિવસ ૧૨ મી રબીઉલ અવ્વલે આવતો નથી. એ વિષે વધુ ખુલાસો સીરતે મોહમ્મદીયા તથા શરહ શમાએલ વગેરેમાં છે. ગુ. મો.

હજરત (સલના) મિજાજ શુભ સ્વભાવનું વર્ણન.

તેવણ દિલના ઘણા સખી હતા. કોઇ પણ સવાલી (માંગનાર)ને કદી ના કહ્યું નથી. જો હોય તો આપ્યું, નહીં હોય તો નરમીથી સમજાવ્યો, અથવા બીજા વખતે આપવાનો વાયદો કર્યો. તેવણ વાતના ઘણા સાચા હતા. તેવણની તબીયત ઘણી નરમ હતી. સઘળી વાતોમાં સેહલાઇ અને સુલભ પસંદ કરતા. તેવણની પાસે ઉઠનાર બેસનારનો ઘણો ખ્યાલ રાખતા હતા, કે તેઓને તેવણની તરફથી કંઈ તકલીફ થાએ નહીં. તે એટલાંસુધી કે જો રાત્રે ઉઠીને બહાર જવાનું થતું તો ઘણી આહિસ્તાથી જોડા પેહેરતા. ઘણી ધીમેથી બારણું ખોલતા. અને ઘણી આહિસ્તાથી ચાલતા. કે તેઓની ઉંઘમાં કચરો પડે નહીં. અને જો ઘરમાં પધારતા અને ઘરવાળા સુતેલા હોએ તોએ સર્વ કામ છાની રીતે કરતા. કે કોઇ સુનારની ઊંઘ ખરાબ થાએ નહીં. હમેશાહ નીચી નજર જમીન તરફ રાખતા. જો ઘણા લોકો સાથે ચાલતા તો બીજાઓથી પાછળ રહેતા. જે સામે આવતું તેને સલામ કરતા. જયારે બેસતા તો ઘણી આજેજીની સુરત બનાવીને બેસતા. જયારે ખાણું ખાતા તોએ ગરીઓની જેમ બેસીને ખાતા. કદી પેટ ભરીને ખાણું ખાધું નથી. કદી ચપાતી ખાધી નથી. સણગારના વાસણોમાં કદી ખાધું નથી. દરેક વખતે ખોદાના ખોફથી શોકાતુર (ગમગીન) રહેતા. દરેક વખત એજ વિચારમાં રહેતા. એજ ધુનમાં કોઈ કરવટ ચેન પડતી નહીં. ઘણો વખત ચુપ રહેતા. જરૂરત વગર વાત કરતા નાહેતા. જયારે બોલતા તો એવી સાફ કે બીજો માણસ સારી રીતે સમજી જતો. તેવણની વાત ન તો એટલી લાંબી હતી, કે જરૂરતથી વધુ, અને ન એટલી ટુંકી હતી. કે મતલબ સમજમાં આવે નહીં. વાત કરવામાં આકરાપણું નહોતું તેમ વરતાવમાં પણ કોઇ રીતનું આકરાપણું નહોતું. તેવણની પાસે આવનારાઓની હલકાઈ કે બેઇજ્જતી કરતા

નહોતા. કોઇની વાતને કાપતા નહોતા. હા, જો શરીઅત વિરૂદ્ધ કોઇ વાત કરતો તો મનાઇ કરતા. અથવા ત્યાંથી ઉઠીને ચાલ્યા જતા. ખોદાની નેઅમત કેવીએ નાની હોય તેવણ તેને ઘણી મોટી સમજતા. કદી તેમાં દોષ કાઢતા નહીં, કે આની લ્હેજત સારી નથી અથવા એમાં બદબો આવે છે. હા, જો વસ્તુ નહીં ગમતી તેને નતો ખાતા અને ન તેની પ્રસંશા (તારીફ) કરતા. અને ન તેમાં દોષ કાઢતા. દુન્યાની કોઇ પણ વાત હોય તેના લીધે તેમને ગુસ્સો આવતો નહીં. દાખલા તરીકે, જો કોઇને હાથે કંઈ નુકસાન થયું કે કોઇથી કાંઇ કામ બગડયું તો ગુસ્સે થતા નહી. તે એટલાં સુધી કે હજરત અનસ (રદી) કહે છે કે દશ વર્ષ સુધી મેં તેવણની ચાકરી કરી તે દસ વર્ષમાં કોઈ કામ મેં કર્યું હોય તો તેના વિષે એમ ફરમાવ્યું નહીં, કે તેં કેમ કર્યું અને જો નહીં કર્યું તો તેના વિષે એમ કહ્યું નહીં કે તેં કેમ કર્યું નહીં. હા, જો કોઇ વાત દીનના વિરૂદ્ધ થતી તો ફરી તેવણના ગુસ્સાના તાપને કોઇ જેરવી શકતું નહીં. તેવણ પોતાની બાબતમાં ગુસ્સે થતા નહીં. જો કોઇથી નારાજ થતા તો માત્ર મોં ફેરવી લેતા. એટલે જબાનથી કંઇ આકરૂં નબળું બોલતા નહીં. અને જ્યારે ખુશ થતા તો નીચી નજર કરી લેતા. લાજ (શરમ) એટલી હતી કે કુમારીકાને શું હોય. જો ઘણી હસી આવતી તો એમજ જરા હસમુખ થતા. એટલે અવાજ કાઢી હસતા નહોતા. સઘળાઓમાં મળી હળીને રહેતા. એમ નહીં કે પોતાને મોટા સમજી લોકોથી અલાયદા રહેતા. એટલુંજ નહીં પણ કદી કદી દીલ ખુશ કરવા માટે હાંસી મજાક પણ કરતા; પણ તેમાં પણ તેજ વાત કહેતા કે જે સાચી હોય. નફલ નમાઝો એટલી પઢતા, કે ઉભા ઉભા પગમાં વરમ આવતો (સુઝી જતા). જ્યારે કુરઆન પઢતા અથવા સાંભળતા તો ખુદાના ડરથી અને મોહબ્બતથી રડતા. તેમના મીજાજમાં નમ્રતા એવી હતી કે, પોતાની ઉમ્મતને ફરમાવ્યું કે, મને ઘણો વધારવો નહિ. અને કોઇ ગરીબ દાસી કે દાઇ આવીને કહેતી કે મારે આપને એકાંતમાં કંઈ કહેવું છે. તો તેવણ ફરમાવતા કે સારૂં. કેથે સડક ઉપર બેસીને કહે. ફરી તે જ્યાં બેસતી ત્યાં તેવણ પણ બેસતા. કોઇ બીમાર હોય, ગરીબ કે ફકીર તેની ખબર લેતા. કોઇનો જનાઝો હોય તેવણ ત્યાં પધારતા. કેવો પણ ગુલામ નોતરતો તો તેવણ તે નોતરાંને સ્વીકારતા. જો કોઇ જવની રોટલી અને ખોરી ચરબીની દાવત કરતો તેને પણ કબુલ કરતા. જબાનથી કોઇ નકામી વાત નીકળતી નહોતી. સર્વનું દિલ રાખતા. એવો મામલો નહીં કરતા કે જેથી કોઈ ગભરાઇ જાય. જુલમકાર દુઃખ આપનારની શરારતથી સારી યુકતીની સાથે પોતાનો બચાવ પણ કરતા હતા. અને તેની સાથે હસમુખે શુભસ્વભાવથી વર્તતા. તેવણની પાસે આવનારાઓમાંથી જો કોઇ નહીં આવતો તો તેની પૂછ કરતા. દરેક કામ એકતારી રીતે કરતા. એમ નથી, કે કદી કંઈ કર્યું, અને કદી કંઇ. જ્યારે ઉઠતા ખોદાની યાદ કરતા. જ્યારે બેસતા, ખુદાની યાદ કરતા. જ્યારે કોઇ સભામાં બીરાજતા તો જ્યાં સુધી માણસો બેઠા હોય ત્યાં કીનારે બેસી જતા. સઘળાઓને ઓળંગીને જતા નહીં. જો વાત કરવામાં અનેક માણસો હોતાં તો વારી ફરતાં દરેકની તરફ મોં કરીને વાત કરતા. એમ કરતા નહીં, કે એકનાજ તરફ મોં રાખતા અને બીજા તરફ જોતા પણ નહીં. સઘળાઓ સાથે એવો વરતાવ રાખતા, કે દરેક શખસ એમ સમજતો કે મને સર્વથી વધુ ચાહે છે. જો કોઇ સખશ પાસે આવીને બેસતો અથવા વાત શરૂ કરતો તો તેની ખાતેર રોકાઇ બેસી રહેતા. જ્યારે તે પ્રથમ ઉઠતો તો ફરી તેવણ ઉઠતા. તેવણનો સ્વભાવ સઘળાઓ સાથે સામાન્ય (આમ) હતો. ઘરમાં જઇ ગાદી તકિયે બેસતા નહોતા. પણ ઘરનું ઘણું ખરૂં કામ પોતાને હાથે કરતા. બકરીનું દૂધ દોહતા, પોતાનાં કપડાં સાફ કરતા, પોતાનું કામ ઘણું કરીને

પોતાને હાથે કરતા. કેવો પણ ભૂંડો માણસ તેવણની પાસે આવતો તેની સાથે પણ મેહેરબાનીની સાથે મળતા. તેનું દિલ તોડતા નહીં મતલબ કે, સઘળા માણસોથી શુભ સ્વભાવમાં તેવણજ ચઢીયાતા હતા. જો કોઇથી કોઇ નહીં પસન્દ વાત થઇ જતી તો કદી તેના મોં ઉપર મોં કહેતા નહોતા. તેવણની તબીયતમાં કરડાપણું નહોતું અને કદી કરડાપણાનું રૂપ પણ દેખાડતા નહીં. જેમ કેટલાકોની ટેવ હોયછે કે કોઇને ડરાવવા ધમકાવવા માટે દેખાડવાની રૂએ ગુસ્સાની સૂરત બનાવે છે અને ફરી તેવી વાતો કરે છે. તેવણની ટેવ ગળું કાઢીને બોલવાની નહોતી જે કોઇ તેવણની સાથે બુરાઈ કરતો તેની સાથે તેવણ બુરાઇ કરતા નહોતા પણ માફ કરતા. દરગુજર કરતા. કદી પોતાને હાથે કોઇ ગુલામને, ખીજમતગારને, સ્ત્રીને એટલુંજ નહી પણ કોઈ જનાવરને પણ પોતાને હાથે મારતા નહોતા. શરીઅતના હુકમ પ્રમાણે શીક્ષા કરવી એ જૂદી વાત છે. કોઇ આપની સાથે જુલમ કરતો તો તેનો બદલો લેતા નહોતા. દરેક વખત હસમુખ રહેતા. મોં ચઢાવતા નહીં કે વાંકુ કરતા નહીં. એની આ મતલબ નથી, કે વગર ગમે રહેતા. કારણ કે ઉપર વર્ણવ્યું છે કે દરેક વખત શોકાતુર અને વિચારમાં રહેતા. સ્વભાવ ઘણો નરમ હતો. નતો વાતમાં આકરાપણું હતું, ન વરતાવમાં આકરાપણું. જે મન પર આવે કહી દે એવો સ્વભાવ નહોતો. કોઇની એબ બયાન કરતા નહોતા. અને કોઇ વસ્તુ આપવામાં ખંચાતા નહીં. અને આ કુટેવની તો હવા પણ લાગેલી નહીં, જે પોતાની મોટાઇ બયાન કરવી, કોઇથી તકરાર કરવી. જે વાતમાં કાંઇ લાભ નહીં હોય તેમાં લાગવું ન કોઇની બુરાઈમાં રહેતા અને ન કોઇની ખોદણીમાં પડતા. અને મોંથી તેજ વાત કાઢતા, જેમાં સવાબ મળ્યા કરે છે. કોઇ બહારનો પરદેસી આવતો અને વાત ચીતમાં પૂછપરછમાં બેતમીજી કરતો તેવણ સહન કરતા કોઇને પોતાની તારીફ કરવા નહીં દેતા. બીજી હદીસોમાં ઘણી સારી સારી વાતો લખાઇ છે પણ જેટલી અમે લખી છે જો તે પર અમલ કરો તો એ પણ ઘણી છે. હવે નેક બીબીઓનો હાલ સાંભળો:—

૧ હજરત હવ્વા (અલે)નું વર્ણન.

આ હજરત આદમ (અલે)ની બીબી અને સઘળી દુન્યાના માણસોની મા છે. અલ્લાહ તઆલાએ તેવણને પોતાની સંપૂર્ણ શકિતથી હજરત આદમ (અલે)) ની ડાબા પાંસળાથી ઉત્પન્ન કર્યાં, અને ફરી તેમની સાથે નિકાહ કરી આપ્યા. અને તેઓને જનતમાં રહેવા માટે જગ્યા આપી અને ત્યાં એક ઝાડ તહું તેના ખાવાની મનાઇ કરી. તેઓએ ભૂલ કરી શૈતાનના બેહકાવવામાં આવીને તે ઝાડ ખાધું તે ઉપરથી અલ્લાહ તઆલાનો હુકમ થયો કે તમો જંનતમાંથી નીકળી દુન્યામાં જાઓ. દુન્યામાં આવી પોતાની ચુક ઉપર ઘણા રડયા. અલ્લાહ તઆલાએ તેઓની ચૂક માફ કરી, અને શરૂમાં હજરત આદમ (અલે) થી અલગ પડયા હતાં ફરી અલ્લાહ તઆલાએ તેમનાથી મેળવ્યાં. ફરી બંનેમાં અગણીત ઓલાદ (વંશ) થઇ.

ફાયદો–બીબીઓ! જુવો હજરત હવ્વાએ (અલે) પોતાની ખતાનો ઇકરાર કર્યો તોબાહ કરી. કેટલીક સ્ત્રીઓ પોતાની કસૂરને નીભાવા કરે છે, તે વિષે બનાવટ કરે છે અને કદી પોતાના ઉપર વાત આવવા દેતી નહીં. અને ઘણીઓ તો એવી છે કે, ગુનાહો કરતી રહે છે. આખી ઓમર છોડતી નથી. વિશેષ કરી ગીબત (નિન્દા) અને રીત રીવાજને પકડી રાખવાં. બીબીઓ! આ કુટેવને છોડો અને જે ખતા કસૂર થાએ જલદીથી તેને છોડો અને તોબાહ કરો.

૨ હજરત નૂહ (અલે) ની માનું વર્ણન.

કુરઆન શરીફમાં છે કે, હજરત નૂહે (અલે) પોતાની સાથે પોતાની માને લઇને દોઆ કરી. તફસીરોમાં લખાયું છે કે તેમનાં માબાપ મુસલમાન હતાં.

ફાયદો–જુઓ ઈમાનની કેવી બરકત છે, કે ઈમાનદાર માટે પૈગમ્બર પણ દોઆ કરે છે. બીબીઓ ! ઈમાન મજબુત રાખો.

૩ હજરત સારા (અલે)નું વર્ણન.

આ હઝરત ઇબરાહીમ પૈગમ્બર (અલે) ની બીબી અને હજરત ઇસહાક પૈગમ્બર (અલે) ની મા છે. એવણુની ફીરશતાઓની સાથે વાતો કરવી, અને ફીરશતાઓનું એમને કહેવું "તમો સઘળા ઘરવાળાઓ માટે ખોદાની રહમત અને બરકત છે" આ કિસ્સો કુરઆનમાં છે. એમની પારસાઇ (પાકદામની, પવિત્રાઇ) અને એમની દુઆ કબુલ થવાનો એક કિસ્સો હદીસ શરીફ-માં આવ્યો છે કે * જ્યારે હજરત ઇબ્રાહીમ (અલે) હિજરત કરીને શામમાં ગયા તો એવણુ પણ સફરમાં સાથે હતાં. માર્ગમાં કોઇ જુલમ-કાર રાજાની વસતી આવી. તે કમબખ્તને કોઇએ જઇને લગાડી કે તારા રાજ્યમાં એક ખુબ-સુરત બીબી આવી છે. તેણે હજરત ઇબરા-હીમ (અલે) ને બોલાવીને પૂછ્યું કે, તમારી સાથે કોણુ સ્ત્રી છે? તેવણે ફરમાવ્યું કે મારી બેહેન છે. (એટલે દીનની રૂએ) ધણિયાણી એટલા માટે નહીં કહી કે તે એમને ખાવિન્દ જાણીને મારી નાખતે. જ્યારે ત્યાંથી પાછા ફર્યા તો તેવણે હજરત સારાને કહ્યું કે, જુઓ મારી વાતને જૂઠવશો નહીં, અને જુઓ તો તમો દીનની રૂએ મારી બેહેન છો. ફરી તેણે હજ-રત સારાને પકડાવી મંગાવ્યાં. જ્યારે તેવણુને જણાયું કે એની નૈયત ખોટી છે તો તેવણે વોજુ કરી નમાઝ પઢી અને દોઆ કરી–ઓ અલ્લાહ ! જો હું તારા પૈગમ્બર ઉપર ઇમાન રાખનારી તથા હંમેશ પોતાની આબરૂ બચા-વનારી છું. તો આ કાફિરની સત્તા મારા પર ચાલવા દેવી નહીં. તો તેની એવી અવસ્થા થઈ કે હાથ પગ પછાડવા લાગ્યો. ફરી તો સમજાવવા લાગ્યો અને કહ્યું કે અલ્લાહથી દોઆ કરો કે હું સાજો થાઉં. હું પાકો વાયદો કરૂં છું કે કંઇ કહીશ નહીં. એમને પણ વિચાર આવ્યો કે, જો મરી જશે તો લોક કહેશે કે આ સ્ત્રીએ મારી નાખ્યો હશે. મત-લબ કે એના સાજા થવાની દોઆ કરી. તે તરત સાજો થયો. તેણે ફરી શરારત કરવાનો વિચાર કર્યો. તેવણે ફરી શ્રાપ આપ્યો. તેણે ફરી આજેજી કરવી શરૂ કરી તેવણે ફરી દોઆ કરી. મતલબ કે ત્રણવાર એવોજ કિસ્સો બન્યો આખર ગુસ્સે થઇ કહેવા લાગ્યો કે, તમો કયી બલાને મારી પાસે લાવ્યા છો? એને પાછી ફેરવો. અને હજરત હાજેરા (અલે) જેવણુને એણે જુલમથી દાસી બનાવ્યાં હતાં અને તેવણુ કેબતીયોની જાતથી હતાં અને એવીજ રીતે ખોદાએ તેમની ઇજત પણ સંભાળેલી હતી. તેવણુને ખીજમતને માટે સારા (અલે) ને હવાલે કર્યાં. માશાઅલ્લાહ ઇજ્જત આબરૂની સાથે હજરત ઇબરાહીમ (અલે) ની પાસે આવી ગયાં.

ફાયદો–બીબીઓ ! જુવો, પારસાઇ કેવી બરકતની વસ્તુ છે. એવા માણસની સંભાળ અલ્લાહ કેવી રીતે કરે છે. અને આ પણ જણાયું કે નમાઝથી આફતો ટળે છે. અને દોઆ કબુલ થાય છે. જ્યારે કોઇ રીતની પરે-શાની (ગભરાટ) થાય તો ફરી નફલોમાં લાગી જાઓ, અને દોઆ કરો.

૪ હજરત હાજેરા (અલે) નું વર્ણન. +

જે જુલમી બાદશાહનું વર્ણન ઉપર આવ્યું છે તેણે હજરત હાજેરા (રદી)ને બાંદીપણાની રૂએ રાખ્યાં હતાં. જેમકે હમણા વર્ણાવ્યું. ફરી તેણે એવણુને હજરત સારા (રદી) ને આપ્યાં અને હજરત સારાએ (રદી) એવણુને પોતાના ધણી હજરત ઇબરાહીમ (અલે)ને આપ્યાં અને એમનાથી હજરત ઇસમાઇલ (અલે) જન્મ્યા. હજુ હજરત ઇસમાઇલ (અલે) દૂધ પીતા બાળકજ હતા, કે અલ્લાહે મક્કા શરીફને હજ-રત ઇસમાઇલ (અલે)ની ઓલાદથી વસાવવાનું

*બોખારી શરીફ ઉપરથી.

+ બોખારી શરીફ ઉપરથી.

ઠેરવ્યું. તે વેળા તે જગ્યાએ જંગલ હતું અને કાબા શરીફ પણ બનેલું નહોતું. અલ્લાહ તઆલાએ હજરત ઇબરાહીમ (અલે) ને આજ્ઞા કરી કે તમો હજરત ઇસમાઇલ (અલ) તથા તેમની મા હાજેરાને તે મેદાનમાં મુકો. અમો તેઓની સંભાળ કરનાર છીએ. ખોદાના હુકમથી હજરત ઇબરાહીમ (અલે) મા દીકરા બંનેને લઇને તે જંગલ નિર્જનમાં જ્યાં હમણા મક્કા છે ત્યાં પોહોંચ્યા. અને તેઓની પાસે પાણીની એક મશક અને ખજુરનો એક થેલો રાખ્યો. જ્યારે પોહોંચાડીને પાછા ફરવા લાગ્યા તો હજરત હાજેરા (રદી) તેમની પાછળ ચાલવા લાગ્યાં અને કહ્યું કે, અમને અહિંયાં એકલાં મુકી જાઓછો ? હજરત ઇબરાહીમે (અલે) કંઇ ઉત્તર આપ્યો નહીં. ત્યારે તેવણે કહ્યું કે શું અલ્લાહ તઆલાએ તમને એ હુકમ કર્યો છે ? હજરત ઇબરાહીમ (અલે) બોલ્યા હા. તો તેવણ કહેવા લાગ્યાં કે તો તો કશો ગમ નથી, તે પોતેજ અમારી સંભાળ રાખશે. અને પોતાની જગ્યાએ જઇ બેઠાં. ખજુર ખાઇને પાણી પીતાં અને હજરત ઇસમાઇલ (અલે)ને ધવડાવતાં. જ્યારે મશકનું પાણી ખપી ગયું ત્યારે મા દીકરા ઉપર તરસનું જોર થયું. અને હજરત ઇસમાઇલ (અલે)ની તો એવી હાલત હતી કે તરસને લીધે વલખાવા લાગ્યા. મા પોતાના બાળકની આ અવસ્થા નીહાળી શકી નહીં અને પાણી લેવા સફા પહાડ ઉપર ચઢી. અને ચારે બાજુ નજર દોડાવી કે કદાપી કેથે પાણી દેખાય. જ્યારે કેથે દેખાયું નહીં તો તે પહાડ ઉપરથી ઉતરી બીજા પહાડ મરવહ તરફ ચાલી કે તે પર ચઢીને જુવે. વચ્ચેના મેદાનમાં જમીનનો એક ભાગ ખાડો હતો. જ્યારે સરખી જમીન ઉપર ચાલતાં તો બાળકને દેખતાં રહેતાં. પણ જ્યારે તે ખાડામાં ઉતરતાં તો બાળક દેખાતું નહીં. માટે દોડીને તે ખાડાથી નીકળી સરખા મેદાનમાં આવતાં. મતલબ કે મરવહ પહાડ ઉપર પોહોંચ્યાં અને એવીજ તરેહ ત્યાં પણ ચઢીને જોયું, પણ કંઇ પતો લાગ્યો નહીં. ત્યાંથી ઉતરી બેબાનીમાં ફરી સફા પહાડ તરફ ચાલ્યાં. એવીજ રીતે બંને પહાડો ઉપર કેટલાક ફેરા કર્યા. અને દરેક વખતે તે ખાડાને દોડી પસાર કરતાં હતાં. અલ્લાહ તઆલાને તે કૃત્ય એવું પસંદ પડયું કે, હાજીઓને હમેશાંને માટે આ આજ્ઞા કરી કે બંને પહાડોની વચ્ચે સાત ફેરા ફરે અને તે ખાડાની જગ્યામાં જ્યાં હમણા સરખી જમીન થઇ ગઇ છે ત્યાં દોડીને ચાલ્યા કરે. મતલબ કે, છેવટના ફેરામાં મરવહ પહાડ ઉપર હતાં કે એમના કાનમાં એક અવાજ આવ્યો. તે તરફ કાન લગાડીને ઉભાં થયાં. તેજ અવાજ ફરી આવ્યો. પણ બોલનાર કોઈ જણાયો નહીં, ત્યારે તેવણે મોટે સાદે કહ્યું, મેં અવાજ સાંભળ્યો છે. જો કોઈ શખ્સ મદદ કરી શકતો હોય તે મદદ કરે. તેજ વખતે જ્યાં ઝમઝમ કુવો છે ત્યાં ફીરસ્તો પ્રગટ થયો અને પોતાનો પગ જમીન ઉપર માર્યો. ત્યાંથી પાણી ઉડવા લાગ્યું. તેવણે ચારે બાજુથી માટીના પીન્ડલ બનાવી તેને ઘેરી લીધું. અને મશક ભરી પોતે પીધું અને બાળકને પાયું. ફિરસ્તાએ કહ્યું નચિંન્ત રહે. આ જગ્યા ખોદાનું ઘર એટલે કાબા છે. આ છોકરો પોતાના બાપની સાથે મળીને આ ઘર બનાવશે અને એમાં વસ્તી થશે. જેમકે થોડાજ દિવસમાં આ સઘળું પ્રગટ થયું. એક કાફલો (સંઘ) ત્યાં આવ્યો તે લોકો પાણી જોઇને થોભ્યા અને વસી ગયા અને હજરત ઇસમાઇલ (અલે)ની શાદી થઇ. ફરી હજરત ઇબરાહીમ (અલે) અલ્લાહ તઆલાના હુકમથી ત્યાં પધાર્યા. અને બંને બાપ દીકરાએ મળીને ખાનએ કાબા બાંધ્યું. અને તે ઝમઝમનું પાણી તે વેળા જમીનમાં ઉતરી ગયું હતું. ફરી કેટલીક મુદતે તે કુવો બન્યો.

ફાયદો—જુવો હજરત હાજેરાને (રદી) ખોદા તઆલા ઉપર કેવો ભરોસો હતો. જ્યારે તેવણને જણાયું કે આ જંગલમાં રહેવાનું ખોદા તઆલાના હુકમથી છે, તો કેવી રીતે નચિંત થયાં. અને ફરી તે ભરોસો કરવાની

કેવી કેવી બરકતો પ્રગટ થઇ. બીબીઓ ! એવીજ રીતે તમારે ખોદાપર ભરોસો રાખવો જોઇએ. ઇનશાઅલ્લાહોતઆલા સઘળાં કામો ઠીક થતાં જશે. અને એમની બુજરૂગી જુવો કે એમની દોડ તો પાણીની ઢુંઢ માટે હતી પણ અલ્લાહને કેવી પસન્દ થઇ, કે હાજીઓ માટે તેને ઇબાદત બનાવી. જે બંદા મકબુલ થાય છે તેમનો મામલો કંઇ બીજોજ થાયછે. બીબીઓ ! તમો ઘણી દ્રઢતાથી અલ્લાહ તઆલાનો હુકમ માનો, કે જેથી તમો પણ ખોદાને પસન્દ થાઓ. ફરી તમારાં દુન્યાનાં કામ પણ દીનમાં મળી જશે.

૫ હજરત ઇસમાઇલ (અલે) ના બીજી બીબીનું વર્ણન.*

ખાનએ કાબા બાંધવા પ્રથમ હજરત ઇબરાહીમ (અલે) બીજી બે વાર પણ મક્કામાં પધાર્યા છે, પણ બંને વેળા હજરત ઇસમાઇલ (અલે) ઘરમાં મળ્યા નહીં. અને ઘણું રોાભવાનો હુકમ નહોતો. પ્રથમ વાર જ્યારે તેવણ પધાર્યા તે વેળા હજરત ઇસમાઇલ (અલે)ના ઘરમાં એક બીબી હતી તેણીને પૂછયું કે કેવી રીતે ગુજારો થાયછે ? તે કહેવા લાગી કે, ઘણી પીડામાં છીએ. તેવણે ફરમાવ્યું કે જ્યારે તમારો પતી આવે તો તેમને મારૂં સલામ કહેશો. અને આ કહેશો કે, આ દરવાજાની ચોખટ (બારશાખ) બદલો. તો જ્યારે હજરત ઇસમાઇલ (અલે) ઘરમાં આવ્યા તો સઘળો હાલ જણાયો. તેવણે ફરમાવ્યું કે તે મારા પીતા હતા. અને ચોખટ તે તું છે. અને તેવણ કહી ગયા કે તને છોડું (તલાક આપું) તેણીને તલાક આપી. ફરી બીજી એક બીબીથી નિકાહ કર્યો. જ્યારે હજરત ઇબરાહીમ (અલે) બીજી વાર આવ્યા તો આ બીબી ઘરમાં હતી તેણીએ ઘણી ખાતર કરી. તેવણે તેણીથી પણ ગુજારાનો હાલ પૂછેલો. તેણીએ કહ્યું ખોદાનો ઉપકાર (શુકર) છે ઘણા આરામમાં છીએ તેવણે એઓને માટે દોઆ કરી અને ફરમાવ્યું કે જ્યારે તમારો ધણી આવે તો મારૂં સલામ કહેશો અને કહેશો કે પોતાના દરવાજાની ચોખટ કાએમ રાખશો. ફરી હજરત ઇસમાઇલ (અલે) ના આવ્યા પછી આ હકીકત પણ જણાઇ. તેવણે બીબીને ફરમાવ્યુ કે આ મારા બાપ હતા એમ કહી ગયા કે તને પોતાની પાસે રાખું.

ફાયદો–જુવો, નાશુકરીનું ફળ આગલી બીબીને શું મળ્યું ? એક નબી નારાજ થયા અને બીજા નબીએ પોતાની પાસેથી જુદી પાડી. અને શુકર અને સબરનું ફળ બીજી બીબીને શું મળ્યું ? એક નબીએ દોઆ કરી અને બીજા નબીની સેવામાં રહેવું મળ્યું. બીબીઓ ! કદી અઉપકારી નહીં થવું. જે હાલતમાં હોય સબર શુકરથી રહેવું.

૬ નમરૂદ કાફિર બાદશાહની દીકરીનું * વર્ણન.

નમરૂદ તે જાલિમ બાદશાહ છે, કે જેણે હજરત ઇબરાહીમ (અલે) ને અગ્નિમાં નાખ્યા હતા. તેની આ દીકરી જેનું નામ રઅદહ છે તે ઉપરથી ખડી ખડી દેખતી હતી. તેણીએ જોયું કે, અગ્નિએ હજરત ઇબરાહીમ (અલે) ઉપર કશી અસર કરી નથી. તે મોટે સાદે બોલી, આનું શું કારણ છે? તેવણે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ ઇમાનની બરકતથી મને બચાવ્યો છે. તે કહેવા લાગી, જો હુકમ હોએ તો હું પણ આ અગ્નિમાં આઉં. તેવણે કહ્યું **લાએલાહ ઇલ્લ લ્લાહ ઇબરાહીમ ખલીલુલ્લાહ** કહીને ચાલી આવ. તે કલેમો પઢતી બેધડક આગમાં ચાલી આવી. તેણી ઉપર પણ અગ્નિએ કંઇ અસર કરી નહીં. અને ત્યાંથી નીકળી પોતાના બાપને ઘણું ભૂંડું ભલું કહ્યું. તેણે એની સાથે ઘણી સખતાઇ કરી પણ તે પોતાના ઇમાન ઉપર કાએમ રહી.

ફાયદો–સુબ્હાનલ્લાહ ! કેવી હિમ્મતવાળી બીબી હતી, કે તકલીફમાં પણ ઇમાન છોડયું

*બોખારી શરીફ વગેરે ઉપરથી.

*અજાએબુલ કસસ ઉપરથી.

નહીં. બીબીઓ ! તમો પણ મુસીબતના વખતોમાં મજબૂત હિમ્મત રાખો અને વાળસરખું પણ દીનની વિરૂદ્ધ નહીં કરો.

૭ હજરત લુત (અલે) ની દીકરીઓનું વર્ણન.

જ્યારે અલ્લાહ તઆલાએ લુત (અલે)ની પાસે ફિરશતા મોકલ્યા અને તેઓએ આવીને ખબર આપી કે, હવે આપની કોમ ઉપર જેઓએ આપને માન્યા નથી અજાબ આવનાર છે. ત્યારે અલ્લાહતઆલાએ આ પણ કહેવડાવ્યું કે, પોતાના મુસલમાન કુટુંબને આ વસ્તીથી કાઢી લઈ જાઓ. તે મુસલમાન કુટુંબમાં આપની દીકરીઓ પણ હતી. એઓ પણ અજાબથી બચી ગઇ હતી.

ફાયદો–જુવો, ઇમાન કેવી બરકતની વસ્તુ છે, કે દુન્યામાં જે ખોદાનો કોપ ઉતરે છે તેથી પણ ઇમાન બચાવ કરે છે. બીબીઓ ! ઇમાનને સારી રીતે મજબુત કરો અને તે સર્વ હુકમો ઉપર ચાલવાથી અને સઘળા ગુનાહોથી બચવાથી થાય છે.

૮ હજરત ઐયુબ (અલે)ની ધહિયાણીનું વર્ણન.

એમનું નામ રહમત છે. જ્યારે હજરત ઐયુબ (અલે) નું તમામ બદન જખમી થયું અને સર્વેએ પાસે આવવું છોડી દીધું ત્યારે આ બીબી ખીજમત કરવામાં લાગેલાં હતાં. અને દરેક રીતની તકલીફ ઉઠાવતાં. એક વાર એમને આવતાં વાર લાગી હતી. હજરત ઐયુબે (અલે) ગુસ્સામાં આવી સમ ખાધી કે, હું સાજો થઇશ તો એને સો લાકડીઓ મારીશ. જ્યારે એવણ સાજા થયા તો પોતાની કસમ પૂરી કરવાનો ઇરાદો કર્યો. અલ્લાહતઆલાએ પોતાની રહમતથી આ સેહલો હુકમ કર્યો કે, તમો સો તણખલાં (તૃણ) હોય એવી એક ઝાડુ લો, અને તેથી એકવાર મારો.

ફાયદો–જુવો, કેવાં સબરદાર બીબી હતાં, કે આવી હાલતમાં પણ બરાબર પોતાના ધણીની ખીજમત કરતાં રહ્યાં. અને બીમારીમાં તેમના કસમ ખાધાથી જણાય છે કે, તેમનો મીજાજ કંઈ નાજુક બનેલો. તે તેને પણ સહન કરતાં. આજ ખીજમત અને સબરની બરકત હતી, કે અલ્લાહતઆલાએ તેમને લાકડીઓથી બચાવ્યાં. આથી જણાય છે કે, તે અલ્લાહ તઆલાનાં ઘણાં પ્યારાં હતાં. કે અલ્લાહતઆલાએ કાયદાને કેવો સેહલો કર્યો. હમણા એ મસલો નથી. એવી રીતે જો કોઇ સમ ખાએ તો ઝાડુ મારવાથી સમ ઉતરે નહીં. પણ એવી કસમ તોડી કફારો આપવો પડશે. બીબીઓ ! ધણીની તાબેદારી અને તેના નાજુક મીજાજને ઉપાડતી રહો. તમો પણ એવીજ રીતે પ્યારી થશો.

૯ હજરત લેયા એટલે હજરત યુસોફ (અલે)ની ખાલાનું વર્ણન.

એમનું વર્ણન કુરઆન શરીફમાં આવ્યું છે. જ્યારે હજરત યુસોફ (અલે) મિસરના બાદશાહ થયા, અને દુષ્ટકાળ પડયો અને સઘળા ભાયો મળીને અનાજ ખરીદ કરવા એમની પાસે ગયા અને હજરત યુસોફ (અલે) પોતે પોતાને ઓળખાવ્યા તે વેળા પોતાનો કુડતો પોતાના બાપ હજરત યાકુબ (અલે) ની આંખો ઉપર નાંખવા માટે આપ્યો. અને એમ પણ કહ્યું કે, સઘળાઓને અત્રે લઇ આવો તો હજરત યાકુબ (અલે) ની આંખો સાજી થઈ. અને પોતાના વતનથી ચાલી મિસરમાં હજરત યુસોફ (અલે) ને મળ્યા. ત્યારે હજરત યુસોફે (અલે) પોતાના પીતાને તથા પોતાની આ ખાલાને માન આપવા બાદશાહી તખ્ત ઉપર બેસડાવ્યા. અને આ બંને તથા સઘળા ભાઇયો તે વેળા હજરત યુસોફની આગળ સિજદામાં પડયા. તે વખતમાં સલામની જગ્યા સિજદો દુરસ્ત હતો હમણા દુરસ્ત નથી. યુસોફ (અલે) ની માની વફાત થઇ હતી અને હજરત યાકુબે (અલે) એમની સાથે નિકાહ કર્યો હતો. આ ખાલાને અલ્લાહતઆલાએ એમની મા કહી છે. અને કેટલાકોએ કહ્યું છે

કે જેમનો આ કિસ્સો છે તે મા હતી. એમનું નામ રાહીલ હતું. હજરત યુસોફે (અલે) તે સઘળાંઓને સિજદો કરતાં જોઇ ફરમાવ્યું કે આ મારા નાનપણના સ્વપ્નાની તાબીર (મતલબ) છે. એવણે સ્વપ્નું જોયું હતું કે સુર્ય ચંદ્ર અને અગિયાર તારા મને સિજદો કરે છે.

ફાયદો–જુવો કેવાં એ બુજરૂગ હશે, કે જેમની તાઝીમ પૈગમ્બરે કરી.

૧૦ હજરત મુસા (અલે) ની માનું વર્ણન.

એમનું નામ યુખાબેજ છે. જે વખતમાં ફિરઓનને નજુમીઓએ ડરાવ્યો હતો કે, બની ઇસ્રાઇલની કોમમાંથી એક છોકરો જન્મશે, જે તારા રાજપાટનો નાશ કરશે. અને ફિરઓને હુકમ કર્યો કે બની ઇસ્રાઇલમાં જે પુત્રનો જન્મ થાએ તેને કતલ કરો તો હઝારો છોકરા કતલ થયા, આવા બારીક વખતમાં હજરત મુસા (અલે) નો જન્મ થયો તે વખતે અલ્લાહ તઆલાએ આ બીબીના દિલમાં આ વાત નાખી, જેને ઇલહામ કહે છે કે તમો વગર ખટકે એને દૂધ પાતી રહો. અને જ્યારે એવો ડર હોય કે કોઇને એની ખબર પડશે ત્યારે એમને પેટીમાં બંધ કરી દરિયામાં નાખશો. ફરી જેવી રીતે અમો ઇચ્છીએ છીએ તે પ્રમાણે તમારી પાસે પોહોંચવી આપીશું. તો તેવણે નિર્ધારિત (બેધડક) તેમજ કર્યું, અને અલ્લાહતઆલાએ પોતાનો વાયદો પૂરો કર્યો.

ફાયદો–બીબીઓ ! જુવો એમને ખોદા તઆલા ઉપર કેવો ભરોસો હતો અને નચિન્ત હતાં, અને આ ભરોસાની બરકતો પણ કેવી જાહેર થઇ!

૧૧ હજરત મુસા (અલે) ની બેહેનનું વર્ણન.

એમનું નામ કેટલાકોએ કહ્યું છે કે મરયમ છે. અને કેટલાકોએ કહ્યું છે કે કુલસુમ છે. જ્યારે હજરત મુસા (અલે) ની માએ એમને દરિયામાં નાખ્યા ત્યારે આ બેહેનને કહ્યું, જરા તું તપાસમાં રહે. પરિણામ શું આવે છે. મતલબ કે તે પેટી નેહેરમાં થઇને ફિરઓનના મેહેલમાં પોહોંચી, અને કાઢવામાં આવી તો તેમાંથી એક ખુબસૂરત બાળક મળ્યું. અને ફિરઓને કતલ કરવાનો વિચાર કર્યો, પણ ફિરઓનની ધણિયાણી જે નેકબખ્ત તથા ખોદા તરસ હતાં તેવણે આ સાંભળી જાન બચાવી. અને બંને ધણી–ધણિયાણીએ પોતાનો દીકરો કરી પાલવાનો વિચાર કર્યો. હવે મુસા (અલે) કોઈ પણ દાઇનું દૂધ મોંમાં લેતાજ નહિ. સઘળા વિચારમાં પડ્યા કે એની શી તદબીર કરીએ. તે વેળા આ બીબી એટલે હજરત મુસા (અલે) ની બેહેન આજ ઢુંઢમાં ત્યાં પોહોંચ્યાં હતાં. તે કહેવા લાગ્યાં કે, હું એક દૂધ પાનારી બતાઊં છું, જે ઘણી ભલું ઇચ્છક તથા કૃપાળુ છે અને તેણીનું દૂધ પણ ઘણું સ્વચ્છ છે. આખર તેણીએ હજરત મુસા (અલે) ની માનો પતો બતાવ્યો. તેમને બોલાવ્યાં અને હજરત મુસા (અલે) તેમને સોંપાયા. અને અલ્લાહતઆલાનો આ વાયદો કે તેને તારી પાસે પોહોંચાવીશ. તે આવી રીતે પૂરો થયો

ફાયદો–જુવો અકલ પણ કેવી વસ્તુ છે કેવી રીતે પતો લગાડ્યો! અને કેવી રીતે જાનના જોખમમાં પોતાની માની ભલાઇ કરી અને તાબેદારી બજાવી લાવ્યાં. અને દુશમનોને ખબર પણ પડી નહીં. બીબીઓ ! મા બાપની તાબેદારી તથા અકલ હુશીયારી ઘણી મોટી નેઅમત છે.

૧૨ હજરત મુસા (અલે) ની ધણિયાણીનું વર્ણન.

એમનું નામ સફુરા છે. અને હજરત શોએબ (અલે) ની મોટી દીકરી છે. જ્યારે હજરત મુસા (અલે) ને હાથે મિસર શેહેરમાં એક કાફિર અવિચારે (બેઇરાદા) મરાયો અને ફિરઓનને ખબર થઇ. તેણે પોતાના સરદારોથી સલાહ કરી કે મુસા (અલે)

ને કતલ કરવા જોઇએ. મુસા (અલે) આ ખબર પડતાંજ સંતાઇને મદયન શેહેરની તરફ ચાલતા થયા. જ્યારે વસતીની હદ ઉપર પોહોંચ્યા, તો જોયું કે, ઘણા ભરવાડ કૂવાથી પાણી કાઢી પોતાનાં બકરાંઓને પાય છે. પણ બે છોકરીઓ પોતાનાં બકરાંઓને પાણી ઉપર જવાથી હટાવી રહી છે. આ બે છોકરીઓમાંથી એક હજરત મુસા (અલે) ની બીબી હતી અને એક સાલી હતી. તેવણે તેઓને એનું કારણ પૂછ્યું. તેણીઓએ કહ્યું કે અમારા ઘરમાં કોઇ પુરૂષ કામ કરનાર નથી જેથી અમને પોતે કરવું પડે છે. પણ જોકે અમો બાઇ માણસ છીએ માટે પુરૂષો જતા રહેવાની વાટ જોઇએ છીએ. સઘળા ચાલ્યા જાય છે ત્યારે અમો પોતાની બકરીઓને પાણી પીવડાવીએ છીએ. એમને એ બાઇયોના હાલ ઉપર મેહેર આવી અને પોતેજ પાણી ખેંચી બકરાંઓને પાયું. એ બંનેએ જઇને પોતાના બાપને આ વર્ણન કર્યું. તેવણે મોટી દીકરી મોકલી કે તે બુજરૂગને તેડી લાવ. તે શરમાતી શરમાતી આવી, અને હજરત મુસા (અલે) ને તેમનો સન્દેશો પોહોંચાવ્યો અને તેમની સાથે ચાલ્યા અને હજરત શોએબ (અલે) થી મળ્યા. તેવણે એમને દરેક રીતે દિલાસો આપ્યો અને કહ્યું. હું ચાહું છું કે આમાંથી એક દીકરીને તમારી ધણિયાણી બનાઉં, પણ આવી શરતથી. કે આઠ વર્ષ અથવા દશ વર્ષ મારી બકરાંઓ ચરાવો. હજરત મુસા (અલે) એ કબુલ કર્યું. અને મોટી દીકરીથી એવણનો નિકાહ થયો. હવે એને લઇને વતન ચાલ્યા. માર્ગમાં ઠંડીને લીધે અગ્નિની જરૂરત પડી. તુર પહાડ ઉપર અગ્નિ દેખાઈ ત્યાં પોહોંચ્યા તો ખોદાનું નૂર હતું. ત્યાં એવણને પેગમ્બરી મળી.

ફાયદો–જુવો પોતાના ઘરનું કામ કેવી મેહનતની સાથે કરતી. અને પરાયા પુરૂષથી લાચારીએ બોલવું પડ્યું તો કેવી શરમાતી બોલી. બીબીઓ ! તમો પણ ઘરના કામોમાં આરામ ઢુંઢો નહીં, તેમ સુસ્તી કરો નહીં. અને લાજ શરમ હમેશાં રાખો.

૧૩ હજરત મુસા (અલે) ની સાલીનું વર્ણન.

એમનુ વર્ણન હમણા આવી ગયું છે. એમનું નામ સફીરા છે. એ પણ પોતાની બેહેનની સાથે ઘરનું કામકાજ ઘણી મેહેનતની સાથે કરતી હતી અને બાપની તાબેદારી તથા ખીજમત કર્યા કરતી.

ફાયદો–બીબીયો ! એવીજ રીતે તમો પણ માબાપની ખીજમત અને ઘર કામમાં જેવી રીતે ગરીબ લોકો કર્યા કરે છે તેમ મહેનત અને મશક્કતની સાથે કર્યા કરો અને હલકાઈ સમજો નહીં. જુઓ પૈગમ્બરની દીકરીઓથી તો તમારો મરતબો વધુ નથી.

૧૪ હજરત આસિયાનું વર્ણન.

મિસરનો રાજા ફિરઓન જેણે ખોદાઇ દાવો કર્યો હતો તેની આ બીબી છે. ખોદાની કુદરત ઘણી શૈતાન અને બીબી એવી વલી કે જેની પ્રશંસા કુરઆનમાં છે અને જેની તારીફ અને બુજરૂગી અમારા પૈગમ્બરે (સલ) આવી રીતે ફરમાવી કે, પુરૂષોમાં ઘણાઓએ સંપુર્ણતા મેળવી પણ સ્ત્રીઓમાં હજરત મરયમ અને આસિયા વગર કોઇ સંપૂર્ણતાની પદવિએ પોહોંચી નથી. એવણે હજરત મુસા (અલે) ની જાન તેમના બાળપણમાં બચાવી હતી. જેનું વર્ણન હજરત મુસા (અલે) ની બેહેનના વર્ણનમાં આવ્યું છે. એમની કિસમતમાં હજરત મુસા (અલે) ઉપર ઇમાન લાવવું લખ્યું હતું. તેમના દિલમાં તેવણની મોહબ્બત શરૂ બાળપણથીજ ઉત્પન્ન થઇ હતી. જ્યારે હજરત મુસા (અલે) ને પૈગમ્બરી મળી ત્યારે ફિરઓન તો ઇમાન લાવ્યો નહિ. પણ એવણ ઇમાન લાવ્યાં. ફિરઓનને જ્યારે એમના ઇમાન લાવવાની ખબર પડી, ત્યારે ઘણી સખતાઇ કરી અને તરેહ તરેહનાં દુઃખ આપ્યાં. પણ એવણે પોતાનું ઇમાન છોડ્યું નહીં.

એવીજ હાલતમાં દુન્યાથી સીધાર્યાં.

ફાયદો–જુવો કે ઇમાનમાં કેવાં પાકાં હતાં. કે ધણી બદદીન બાદશાહ હતો. સઘલુ કંઇ તેણે કર્યું પણ તેની સાથી થઈ નહિ. હમણા તો જરા જરા વાતમાં કુફ્રના કલેમા બોલવ લાગે છે. બાબીઓ ! ઇમાન મોટી નેઅમત છે. ગમે તેવી તકલીફ પેહોંચે દીનથી વિરૂદ્ધ કોઈ કામ કરવું નહીં. જો કોઇનો ધણી બદદીનીની વાતો કરે તો કદી તેનો સાથ આપો નહીં. અને તે વખતમાં કાફિર પુરૂષથી નિકાહ થતો હતો. પણ અમારી શરીઅતમાં આ હુકમ નથી. જો ધણી કાફિર હોય તો નિકાહ દુરસ્ત નથી અને જો કાફિર થયા પેહેલાં નિકાહ થયો હોય તો તે તુટી જાય છે.

૧૫ ફિરઓનની દીકરીની લોંડીનું વર્ણન.

રૌદતુસ સફા એક કિતાબ છે. તેમાં લખ્યું છે કે, ફિરઓનની દીકરીની એક લોંડી હતી. તે તેણીના કારોબારમાં અધીકાર ધરાવતી હતી અને તેણીની ચોટી પટી પણ તેજ કરતી હતી. અને હજરત મુસા (અલે) ઉપર ઇમાન પણ લાવી હતી. પણ ફિરઓનના ડરથી જાહેર કરતી નહોતી. એક દિવસે તેણીના વાળ સણગારતાં તેણીના હાથથી કાંસકી પડી ગઈ. તેણીએ બિસ્મિલ્લાહ કહીને ઉપાડી. છોકરીએ પુછયું આ તેં શું કર્યું ? કોનું નામ લીધું ? લોંડીએ કહ્યું આ તેનું નામ છે, જેણે તારા બાપને ઉત્પન્ન કર્યો અને તેને રાજપાટ આપ્યું. છોકરીને ઘણો આશ્ચર્ય થયો કે, મારા બાપથી પણ કોઇ મોટો છે. દોડતી પોતાના બાપ પાસે ગઇ અને સઘળુ વૃત્તાંત વર્ણવ્યું. ફિરઓન ગુસ્સે થયો અને તે લોંડીને બોલાવી ધમકાવી પણ તેણીએ ખુલ્લી રીતે કહ્યું કે તું જે ચાહે તે કર. હું ઇમાન છોડીશ નહીં. પ્રથમ તેના હાથ પગમાં ખીલા ઠોકયા અને તેનાપર અંગારા તથા ભરભટ નાખી. જયારે તેથી પણ કંઇ વળ્યું નહી, તો તેણીને કેડે બાળક હતું તેને અગ્નિમાં નાખ્યું. બાળક અગ્નિમાંથી બોલ્યું, મા ધીરજ રાખશો કદી ઇમાન છોડશો નહીં. મતલબકે તે પોતાના ઇમાન ઉપર જમેલી રહી. આખર તે બાપડીને પણ પકડીને ધકધકતી અગ્નિમાં નાખી. સુરા બુરૂજ (વસ્સમાએ જાતીલ બોરૂજ) માં ખાઇવાળાઓનું વર્ણન છે તેમાં પણ એવીજ રીતે એક સ્ત્રીનો અને તેના બાળકનો બનાવ બન્યો છે.

ફાયદો જુવો ઇમાનમાં કેવી પાકી હતી. બીબીઓ ! ઇમાન મોટી નેઅમત છે. પોતાની મનીચ્છાને માટે અથવા કોઇ લાલચ માટે અથવા કોઈ દુ:ખ દરદ માટે કદી પોતાના દીન ઇમાનમાં ખલલ નાખવો નહીં. અલ્લાહ તથા રસુલની વિરૂદ્ધ કોઇ કામ કરવું નહીં.

૧૬ હજરત મુસા (અલે) ના લશ્કરની એક બુઢીનું વર્ણન. *

જયારે ફિરઓને મિસરમાં બની ઇસ્રાઇલોને ઘણું દુ:ખ આપવું શરૂ કર્યું, એઓથી તરેહ તરેહની વેઠ લેતો, એઓને મારતો અ દુ:ખ આપતો. હજરત મુસા (અલે) ને અલ્લાહતઆલાનો હુકમ થયો કે, સઘળા બની ઇસ્રાઇલને રાતોરાત મિસરથી કાઢી જા, કે જેથી ફિરઓનના જુલમથી એમનો જાન બચે. મુસા (અલે) સર્વને લઇને ચાલ્યા. જયારે નીલ નદી ઉપર પોહોંચ્યા તો માર્ગ ભુલી ગયા. અને બીજા કોઇની પણ જાણમાં રસ્તો હતો નહિ. ત્યારે તેવણે તાજુબ કરી મોટે સાદે ફરમાવ્યું કે, જે શખ્સ આ ભેદથી જાણકાર હોય તે આવીને બતાવે. એક બુઢીએ હાજર થઇને ફરમાવ્યું કે જયારે હજરત યુસોફ (અલે) ની વફાત થવા લાગી તો તેવણે પોતાના ભાઇ ભત્રીજાઓને વસીયત કરી કે, જો કોઈ વખતમાં તમો લોક મિસરમાં રહેવું તજી દો ત્યારે જે તાબુતમાં મારી લાશ (શબ) છે તે પોતાની સાથે લઇ જવું, તો જ્યાંસુધી તમો તે તાબુતને પોતાની સાથે નહીં લઇ જશો, માર્ગ મળવાનો નહીં. તેવણે તાબુતનો હાલ

* તફસીર મજાહરી ઉપરથી

દરયાફ્ત કર્યો કે કયાં દફન છે. એ તાબુતનું જાણનાર પણ તે બુઢી વગર કોઇ નીકળ્યું નહીં. તેણીને જ્યારે પુછ્યું તો તેણે અરજ કરી કે, જ્યાં સુધી એક વાતનો એકરાર કરો નહીં, હું બતાવીશ નહીં. તેવણે પૂછ્યું કે તે વાત કયી છે? તે કહેવા લાગી, તે એકરાર આ છે કે, મારો ખાતેમા ઇમાન ઉપર થાએ અને જંનતમાં જે પદવીમાં આપ હોવ તેજ પદવીમાં મને રહેવાની જગ્યા મળે. તેવણે અલ્લાહ તઆલાથી અરજ કરી, એ અલ્લાહ! આ વાત મારા અખત્યારની નથી. અલ્લાહ તરફથી હુકમ થયો કે, તમો એકરાર કરો અમો પૂરો કરીશું. તેવણે એકરાર કર્યો. તેણીએ તાબુતનો પત્તો બતાવ્યો, કે નદીને વચ્ચે દફન હતું. તે તાબુતને કાઢતાંજ માર્ગ મળી ગયો.

ફાયદો જુવો આ બુઢી કેવી બુજરૂગ હતી, કે દુન્યાની કાંઇ દોલત માંગી નહીં. પોતાની આખેરતને સુધારી. બીબીઓ! તમો પણ દુન્યાનો લોભ છોડો. તે તો ભાગ્યમાં છે તેટલી મળશેજ પોતાના દીનને શણગારો.

૧૭ હૈસુરની બેહેનનું વર્ણન.

કુરઆન શરીફમાં હજરત મુસા (અલે) તથા ખિદર (અલે) ના કિસ્સામાં વર્ણાયું છે કે, હજરત ખિદરે એક નાના છોકરાને અલ્લાહ તઆલાના હુકમથી મારી નાખ્યો અને હજરત મુસા (અલે) એ ગભરાઇને પૂછ્યું કે, આ બાળકે શી કસુર કરી છે, કે તેથી એને મારી નાખ્યો. હજરત ખિદરે (અલે) ફરમાવ્યું, જો આ છોકરો જુવાન થતે તો કાફિર થતે અને એનાં માબાપ ઇમાનદાર છે, તેઓ પણ એની પ્રીતિમાં બગડે એવો ડર હતો. માટે એને કતલ કરવો એમાંજ મસલહત છે. હવે એના બદલામાં અલ્લાહ તઆલા એક છોકરી આપશે, જે બુરાઇઓથી પવિત્ર થશે. અને માબાપને વધુ લાભ આપનાર થશે. બીજી કિતાબોમાં લખાયું છે કે તેજ પ્રમાણે એક છોકરી આવી પૈદા થઇ અને એક પૈગમ્બર સાથે તેણીના નિકાહ થયા અને સિત્તેર પૈગમ્બરો તેણીની ઓલાદમાં થયા તે છોકરાનું નામ હૈસુર હતું અને આ છોકરી તેની બેહેન હતી.

ફાયદો જેની તારીફમાં અલ્લાહ તઆલા ફરમાવે કે, બુરાઇઓથી પવિત્ર અને માબાપને લાભ આપનારી થશે તે કેવી સારી હશે! જુવો ગુનાહોથી અલાહેદા રહેવું અને માબાપને સુખ આપવું કેવું પ્યારૂં કામ છે! કે જેથી માણસનો એવો મરતબો થાયછે-કે, ખોદાતઆલા તે માણુસની તારીફ કરે. બીબીઓ! તમો આ વાતોમાં ઘણી કોશીશ કરો.

૧૮ હૈસુરની માનું વર્ણન.

હૈસુર તેજ છોકરો છે, જેનું વર્ણન ઉપર આવ્યું છે. આ પણ તમો વાંચી ગઇ છો કે, કુરઆનમાં તેનાં માબાપને ઇમાનદાર લખ્યાં છે. જેને અલ્લાહતઆલા ઇમાનદાર કહે તે કાચા પાકા ઇમાનદાર તો હશેજ નહીં, પૂરા ઇમાનદાર હશે. આથી જણાયું કે, હૈસુરની મા પણ ઘણા બુજરૂગ હતી.

ફાયદો જુવો ઇમાનમાં પાકા થવું એ એવી દોલત છે; જે પર અલ્લાહતઆલાએ પણ પ્રશંસા કરી. બીબીઓ! તમો ઇમાનને મજબુત કરો અને તે શરીઅતના હુકમ બજાવી લાવવાથી તથા સઘળી બુરાઇયોથી બચવાથી મજબુત થાયછે.

૧૯ હજરત સોલેમાન (અલે) ની માનું વર્ણન.

કુરઆનમાં સોલેમાન (અલે) ની દોઆમાં આ કહેવાયું છે, એ અલ્લાહ! તેં મારાં માબાપ પર ઇનઆમ કર્યું છે. આથી જણાયું કે, એવણની મા પણ બુજરૂગ હતી કારણ કે મોટું ઇનઆમ ઇમાન તથા દીન છે.

ફાયદો જુવો ઇમાન આવી વસ્તુ છે કે ઇમાનદારનું વર્ણન પૈગમ્બરોની જબાનથી પણ સારી રીતે થાય છે. બીબીઓ! ઇમાનને સારી રીતે ઝળકતું રાખો.

૨૦ હજરત બીલકીસનું વર્ણન.

આ સબા દેશનાં રાણી હતાં. હજરત સોલૈમાન (અલે)ને હુદહુદ જાનવરે ખબર આપી હતી કે, મેં એક સ્ત્રી બાદશાહ (રાણી) જોઇ છે અને તે સૂર્યને પૂજે છે તેવણે એક પત્ર લખી હુદહુદને આપ્યું કે, આ તેણીની પાસે નાંખ. તે પત્રમાં લખ્યું હતું કે, તમો લોક મુસલમાન થઇને અહિંયાં હાજર થાઓ. તે પત્ર વાંચી તેમણે અમીરો તથા વઝીરોથી સલાહ કરી. ઘણી વાતચીત થયા પછી તેમણે પોતેજ આ સલાહ આપી. હું તેવણુની પાસે કંઇ વસ્તુઓ સોગાતની રૂએ મોકલુંછું. જો તેવણ રાખી પાડશે તો સમજીશ કે તેવણ દુન્યાદાર બાદશાહ છે. જો નહીં રાખશે તો સમજીશ કે પૈગમ્બર છે. જ્યારે તે વસ્તુઓ હજરત સોલૈમાન (અલ) ની પાસે આવી, તેવણે સઘળી પાછી ફેરવી. અને કહેવડાવ્યું કે જો મુસલમાન થશે નહીં તો લડાઇ માટે ફોજ લાવીશ. આ સંદેશો સાંભળતાંજ તેમને ખાતરી થઇ કે બેશક પૈગમ્બર છે. અને મુસલમાન થવાના વિચારથી પોતાના શેહેરથી ચાલ્યાં. તેમના ચાલવા પછી સોલૈમાને (અલે) પોતાના મોઅજેઝાથી એમનું એક ભારી ઘણી કીંમતનું બાદશાહી તખત હતું તે પોતાના દરબારમાં મંગાવ્યું. કે જેથી બીલકીસ મોઅજેઝો પણ જુવે, અને તે તખતનાં મોતી જવાહેર કાઢી હેરફેર જડાવ્યાં. જ્યારે બીલકીસ અહિંયા પોહોંચ્યાં તો હજરત સોલૈમાનના હુકમથી તેમની બુદ્ધિની જાચ કરવા પૂછાયું કે જુવો આ તમારો તખત તો નથી ? તેમણે ઘણો વિચાર કરી કહ્યું હા, એ તેવોજ છે. "તેવોજ" એટલા માટે કહ્યો કે તેમાં કંઇક ફેરફાર કરવામાં આવ્યો હતો. આ જવાબથી જણાયું કે ઘણાં બુદ્ધિમાન છે. ફરી સોલૈમાને (અલે) બિલકીસને આ વાત દેખાડવા માંગી કે, અમારા ખોદાની આપેલી બાદશાહત પણ તમારી દુન્યાની બાદશાહતથી મોટી છે. આ વાત દેખાડવા માટે હજરત સોલૈમાને (અલે) હુકમ કર્યો કે, પાણીથી ભરેલો એક હોજ બનાઓ. જેના ઉપર સફાઈદાર કાચ બીછાવ્યો હોય. એવી રીતે કે, તે દેખાય નહીં. અને સોલૈમાન (અલે) એવી જગ્યાએ જઇ બેઠા કે, જે માણુસ ત્યાં જવા ચાહે તેના માર્ગમાં તે હોજ આવે અને બિલકીસને તે જગ્યાએ હાજર થવાનો હુકમ આપ્યો. બિલકીસ જ્યારે હોજ પાસે પોહોંચ્યાં તો કાચ તો દેખાયો નહીં, પણ તે એમ સમજ્યાં કે, મને પાણીમાં ઉતરવું પડશે તો પાઇચો ચઢાવવા લાગ્યાં. તરત તેમને કહેવામાં આવ્યું કે એ પર કાચ મઢેલો છે. એમજ ચાલી આવો. જ્યારે બિલકીસે તખત મંગાવવાનો મોઅજેજો જોયો અને તે કારીગરી પણ જોઇ, જેથી તે સમજ્યાં કે, એમની પાસે પૈગમ્બરી સિવાય બાદશાહીનો આવો પણ સામાન છે, જે મારે ત્યાંના સામાનથી વધુ છે. તરત તેમણે કલેમો પઢયો અને મુસલમાન થયાં. કેટલાક આલમાએ કહ્યું છે કે, ફરી હજરત સોલૈમાને પોતે તેમનાથી નિકાહ કર્યો. પણ કેટલાકોએ કહ્યું છે કે, યમનના બાદશાહની સાથે નિકાહ કરી આપ્યો. અલ્લાહ ઘણું જાણુનાર છે.

ફાયદો:–જુવો કેવાં બેનઝર હતાં, કે અમીર અને રાણી હોવા છતાં જ્યારે દીનની સાચી વાત જણાઇ તો શીઘ્ર (જલદી) તેને માની લીધું. તેને કબુલ કરવામાં શેખી કરી નહીં. અને બાપદાદાની રસમને પકડી રાખી નહીં. બીબીઓ ! તમો પણ પોતાનો એજ રવઇઓ રાખો, કે જ્યારે દીનની વાત સાંભળો, કદી શરમ હયા અથવા ખાનદાનની રસમની તાબેદારી કરો નહીં. એમાંથી કોઇ વસ્તુ કામ આવશે નહીં. માત્ર દીનજ સાથે આવશે.

૨૧ બની ઇસ્રાઇલની એક લોંડીનું વર્ણન *

હદીસ શરીફમાં એક કિસ્સો છે કે, બની ઇસ્રાઇલની એક સ્ત્રી પોતાના બચ્ચાને ધવડાવતી હતી. એટલામાં એક સ્વાર ઘણી શાન

*બોખારી શરીફ ઉપરથી.

શોકતની સાથે સામે આવ્યો. માએ દોઆ કરી ઓ અલ્લાહ! મારા દીકરાને એવોજ કરશો. બાળક માની છાતી છોડી બોલ્યું, ઓ અલ્લાહ! મને એવો કરીશ મા. અને ફરી ધાવવા લાગ્યું. એટલામાં કેટલાક માણસો સામેથી ચાલ્યા જેઓ એક લોંડીને પકડી ઘણા અપમાનથી લઈ જતા હતા. માએ દોઆ કરી કે. ઓ અલ્લાહ! મારા દીકરાને એવો કરીશ મા. તે બાળક ફરી બોલ્યું, ઓ અલ્લાહ! મને એવોજ કરશો. માએ પૂછ્યું આ શી વાત છે? બાળકે કહ્યું તે સ્વાર એક જુલમકાર માણસ હતો. અને લોંડીને તોહમત આપે છે કે, આ ચોર છે, કુકર્મી છે. અને જુઓ તો તે બાપડી એથી કોરી છે.

ફાયદોઃ–મતલબ આ છે કે, તે સ્વારની લોકો આગળ તો કદર (માન) છે, પણ અલ્લાહ તઆલાની નજદીક જરાએ કદર નથી. અને આ લોંડી લોકોની આગળ તો બે કદર છે, પણ અલ્લાહની નજદીક એની મોટી પદવી છે. તો કદર ખોદાને ત્યાં થવી જોઇએ. લોકો ગમે તેવી સમજે. અને જો ખોદાને ત્યાં કદર નહીં થઇ તો લોકોની કદર શું કામ આવે! જુવો તે લોંડીની આ કરામત હતી કે, તેણીની સફાઇ પ્રગટ કરવા માટે દૂધ પીતું બાળક વાત કરવા લાગ્યું. બીબીઓ! કેટલીક સ્ત્રીઓની ટેવ છે કે, ગરીબોને ઘણા હલકા સમજે છે અને જરા સરખા વહેમથી તેઓપર એબ લગાડે છે, ચોરી ચઢાવે છે. આ ખરાબ વાત છે. કદાપી તે અલ્લાહની નજદીક તમારાથી પણ શ્રેષ્ઠ હોય.

૨૨ બની ઇસ્રાઇલની એક અકલવાળી દીનદાર બીબીનું વર્ણન.*

મોહમ્મદ બીન કઅબે રિવાયત કરી છે કે, બની ઈસ્રાઇલમાં એક શખ્સ મોટો આલિમ હતો. અને ઘણી ઇબાદત કરનાર હતો. તેને પોતાની સ્ત્રીથી ઘણી મોહબ્બત હતી. ભોગજોગે તે મરણ પામી. ત્યારે આલિમ ઉપર એક શોક એવો ચઢયો કે, દરવાજો બંધ કરીને ઘરમાં બેઠો અને સર્વથી મળવું બેસવું તજી દીધું. બની ઇસ્રાઇલમાં એક સ્ત્રી હતી. તેણે આ કીસ્સો સાંભળ્યો તે તેની પાસે ગઇ અને ઘરમાં આવજા કરનારાઓને કહ્યું કે, મને એક મસલો પૂછવો છે અને તે રૂબરૂમાંજ પૂછી શકુંછું અને બારણામાં અડીને બેઠી. આખર તેને ખબર પડી. અને અંદર આવવાની રજા આપી. તે આવીને કહેવા લાગી કે મેં, પોતાની પડોસણથી કંઇક ઘરેણું પેહેરવા માટે લીધું હતું. અને તેને ઘણી મુદત સુધી પેહેરતી રહી. ફરી તેણે માણસ મોકલ્યું કે, મારૂં ઘરેણું આપો. તો શું. તેણીને તે ઘરેણું આપવું જોઇએ? આલિમે કહ્યું બેશક આપવું જોઇએ. તે સ્ત્રી બોલી, તે ઘરેણું તો મારી પાસે ઘણી મુદત રહેલું. માટે હું શામાટે આપું? આલિમે કહ્યું કે ત્યારે તો ઘણી ખુશીથી આપવું જોઇએ. કેમકે તેણીએ લાંબી મુદત સુધી માંગ્યું નહીં એ તેનું મોટું એહશાન છે. તે સ્ત્રીએ કહ્યું ખોદા તમારૂં ભલું કરે. તો તમો શા માટે શોકમાં પડ્યા છો? અલ્લાહ તઆલાએ એક વસ્તુ માંગેલી વસ્તુને જેમ આપી હતી. ફરી જ્યારે ધાર્યું ત્યારે લઇ લીધી તેની તે વસ્તુ હતી. આ સાંભળી તે આલિમની આંખ ખુલી અને એ વાતથી તેને ઘણો ફાયદો મળ્યો.

ફાયદો–જુવો આ કેવી સ્ત્રી હતી! જેણે પુરૂષને પણ બુદ્ધિ આપી. અને પુરૂષ પણ કેવો કે આલિમ. બીબીઓ! તમને જોઇએ કે મોસીબતમાં એવીજ રીતે સમજ્યા કરો અને બીજાઓને પણ સમજાવતી રહો.

૨૩ હજરત મરયમ (અલે) ની માનું વર્ણન.

આ બીબીનું નામ હન્ના છે. અને એમના ધણીનું નામ ઇમરાન છે. તે હજરત મરયમ (અલે) ના બાપ છે. જ્યારે એ ગર્ભવંતી થયાં તો અલ્લાહ સાહેબથા એવણે માનતા માની કે, જે બચ્ચું મારા પેટમાં છે તેને આ

* તૈસીર ઉપરથી.

મસજીદની ખીજમત માટે આઝાદ કરીશ. એટલે દુન્યાનું કામ એનાથી લઇશ નહીં. તેવણુના મનમાં આ હતું કે છોકરો ઉત્પન્ન થશે કારણુ કે મસજીદની ખીજમત છોકરોજ કરી શકે છે. તે વખતમાં એવી માનતા દુરૂસ્ત હતી. જ્યારે બાળકના જન્મવાનો વખત આવ્યો તો થઇ છોકરી. ઘણી અફસોસની સાથે કહ્યું કે ઓ અલ્લાહ! આતો છોકરી છે. હુકમ થયો કે, આ છોકરી છોકરાઓથી પણુ સારી થશે અને ખોદાએ એને કબૂલ કરી. એ છોકરીનું નામ મરયમ રાખ્યું અને તેવણે એમને માટે આ દોઆ કરી કે, એને અને એની ઓલાદને શૈતાનથી બચાવશો. જેમકે અમારા હજરતે (સલ) ફરમાવ્યું છે કે, શૈતાન દરેક બાળકને જન્મતાં છેડે છે. પણુ હજરત મરયમ તથા તેમના દીકરા હજરત ઇસા (અલે) ને છેડી શકયો નહીં.

ફાયદો—જુવો તેમની પાક નૈયતની કેવી બરકત થઈ, કે ખોદા તઆલાએ કેવી પાક ઓલાદ આપી તથા ખોદા તઆલાએ તેમની દોઆ પણ કબુલ કરી. આથી જણાય છે કે અલ્લાહ તઆલાને એમની ખાતર ઘણી હતી. બીબીઓ ! પાક નૈયતની એવી બરકતો થાય છે. હંમેશ પોતાની નૈયત ચોખ્ખી રાખો જે નેક કામ કરો ખોદાને માટે કરો. તમારી પણુ અલ્લાહ તઆલાની દરબારમાં કદર થશે.

૨૪ હજરત મરયમ (અલે)નું વર્ણન.

એમની પૈદાએશનું વર્ણન ઉપર આવી ગયું છે. જ્યારે એવણુ પૈદા થયાં તો એમની માતા પોતાની માનતાનુંસાર–એવણુને લઇ બૈતુલ મોકદ્દસની મસજીદમાં પોહોંચ્યાં. અને ત્યાંના રહેનાર વડીલોને કહ્યું કે આ માનતાની છોકરીને લો. જો કે એવણુ ઘણા મોટા ખાનદાનનાં હતાં. માટે સઘળાઓએ ઇચ્છા કરી કે હું લઇને પાળું. એઓમાં હજરત જકરીયા (અલે) પણુ હતા. અને તેવણુ હજરત મરયમ (અલે)ના માસા થતા હતા. આ રીતે પણુ એમનું હક્ક શ્રેષ્ઠ હતું. છતાં લોકોએ એમનાથી લડવું શરૂ કર્યું. જે રીતે ફેસલો કરવાનું સઘળાઓએ પસંદ કર્યું તેમાં પણુ એવણુજ ચઢયાતા રહ્યા. આખર હજરત જકરીઆએ એમને લઇ પાળવાં શરૂ કર્યાં. એમના વધવાની એવી હાલત હતી કે બીજાં બચ્ચાંઓથી ઘણુંજ વધતાં હતાં. તે એટલાં સુધી કે થોડા દિવસમાં સિયાણાં જણાવા લાગ્યાં. અને એમ પણુ માના પેટથીજ બુજરૂગ અને વલી હતાં. અલ્લાહ તઆલાએ એમને કુરઆનમાં વલી કહ્યાં છે અને એમની કરામત બયાન કરી છે કે વગર ફસલના મેવા ગૈબથી એમની પાસે આવતા હતા. હજરત જકરીયા (અલે) પૂછતા કે આ કયાંથી આવે છે? તો જવાબ આપતાં કે, અલ્લાહ સાહેબને ત્યાંથી. મતલબ કે એમની સઘળી વાતો આશ્ચર્યલાયક હતી. તે એટલાં સુધી કે જ્યારે જવાન થયાં તો માત્ર ખોદા તઆલાનીજ કુદરતથી વગર પુરૂષે ગર્ભ રહ્યો અને હજરત ઇસા (અલે) જન્મ્યા. યહુદીઓએ વગર બાપે બચ્ચું થવા ઉપર વાહયાત બકવો શરૂ કર્યો. અલ્લાહ તઆલાએ હજરત ઇસા (અલે) ને જન્મવાના વખતથી બોલવાની સકિત આપી. તેવણે એવી સારી સારી વાતો કરી કે ઇનસાફવાળાઓને જણાઇ ગયું કે, એમની પૈદાએશ તે ખુદાની કુદરતનો નમુનો છે, અને બેશક વગર બાપે ઉત્પન્ન થયા છે. અને એમની મા પાક સાફ છે. અમારા પૈગંબરે (સલ) એમનો મહીમા (બુજરૂગી) બયાન કર્યો છે કે, બે સ્ત્રીઓ હજરત મરયમ તથા હજરત આસિયા વગર સ્ત્રીઓમાંથી કોઇ સંપુર્ણ (કામિલ) થઇ નથી આ મજમુન હજરત આસિયાના વર્ણનમાં આવ્યું છે.

ફાયદો જુવો એમની માએ એમને ખોદાના નામનાં કર્યાં હતાં. કેવાં બુજરૂગ થયાં. અને પોતે અલ્લાહ તઆલાની તાબેદારીમાં લાગેલાં રહેતાં હતાં. જેથી માણસ વલી બને છે. એ તાબેદારીની બરકતથી અલ્લાહે

કેવી તોહમતથી બચાવ્યાં! બીબીઓ ! અલ્લાહની તાબેદારી કર્યા કરો. સર્વ આફતોથી બચેલા રહેશો. અને પોતાની ઓલાદને દીનમાં વધુ લાગેલી રાખો. દુન્યાનો ગુલામ નહીં બનાઓ.

૨૫ હજરત જકરીયા (અલે) ની બીબીનું વર્ણન.

એમનું નામ ઈશાઅ છે. એ હજરત હન્નાની બેહેન અને હજરત મરયમ (અલે) ની ખાલા છે. એમના માટે અલ્લાહ તઆલાએ આવી રીતે ફરમાવ્યું છે કે, અમે જકરીયાની બીબીને સંવારી છે. એની મતલબ કેટલાક વિદ્વાનોએ આ લખી છે કે, અમે એનો સ્વભાવ સારી રીતે સુધાર્યો છે. હજરત યહયા (અલે) તેમના વૃદ્ધપણામાં જન્મ્યા. હજરત ઈસા (અલે) સગાઈમાં હજરત યહયાની માસીના નવાશા છે. નવાસો પણ દીકરાને ઠેકાણે હોય છે. માટે અમારા હજરતે (સલ) એકને બીજાની ખાલાનો દીકરો કહ્યો છે.

ફાયદો–જુવો, સારી આદતો કેવી સારી વસ્તુ છે, કે અલ્લાહ તઆલાએ પણ તેની તારીફ કરી. બીબીઓ ! દરેક રીતે તમારો સ્વભાવ સુધારો. આ સુધારવાના માર્ગો અમે સાતમા ભાગમાં સારી રીતે લખ્યા છે.

આ પચ્ચીસ કિસ્સા આગળની ઉમ્મતોની નેક બીબીઓના હતા. હવે થોડાક આ ઉમ્મતની નેક બીબીઓના સાંભળો;

૨૬ હજરત ખદીજા (રદી) નું વર્ણન.*

એવણ રસૂલુલ્લાહ (સલ) નાં સર્વથી પ્રથમ બીબી છે. એમની મોટી મોટી બુજરૂગીઓ છે. એક દિવસે પૈગમ્બરે (સલ) એમને ફરમાવ્યું કે, હજરત જીબરઈલ (અલ) ખોદા તઆલાનું સલામ તમારે માટે લાવ્યા છે. અને હજરતે (સલ) આ પણ ફરમાવ્યું છે કે, સઘળી દુન્યાની બીબીઓમાં સર્વથી સારી ચાર બીબીઓ છે. (૧) હજરત મરયમ (૨) આસિયા ફિરઓનનાં ધણિયાણી (૩) હજરત ખદીજા અને (૪) હજરત ફાતેમા. અને કાફિરોના મામલાથી પૈગમ્બર (સલ) નું જે કંઇ દિલ દુખતું તે એવણને આવીને કહેતા તો એવણ એવી કોઈ દિલાસાની વાત કહેતાં કે હજરત (સલ) નું દિલ શાંત પડતું. અને હજરત (સલ)ને એમનો ઘણો ખીયાલ હતો. એમની વફાત પછીએ પણ બકરી વગેરે જુબહ કરતા તો એમની સહેલીયો સખીઓ માટે પણ માંસ જરૂર મોકલતા. હજરત (સલ) થી પ્રથમ એમનો બીજો નિકાહ થયો હતો. એમના પ્રથમ ખાવિન્દનું નામ અબુહાલા તમીમી છે.

ફાયદો–અલ્લાહ તથા રસૂલની નજદીક જે એમનું માન હતું તે ઈમાન તથા તાબેદારીને લીધે હતું. બીબીઓ ! તમો પણ એમાં સારી રીતે કોશીશ કરો. અને આ પણ જણાયું કે ધણીના ગભરાટને વખતે તેનું દિલ રાખવું, તેને તસલ્લી આપવી નેક ખસલત છે. હમણા કેટલીક સ્ત્રીઓ ધણીના મજેના શાંત દિલને ઉલટું ગભરાટમાં નાખે છે. કદીતો તરેહ તરેહની ફરમાશો કરીને, કદી લડી ઝઘડીને. એ ટેવ છોડી દો.

૨૭ હજરત સોદા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા હજરત (સલ) નાં બીબી હતાં. એવણે પોતાની વારીનો દિવસ હજરત આએશા (રદી) ને આપ્યો હતો. અને હજરત આએશા (રદી) નું કહેવું છે કે હજરત સોદા (રદી) વગર કોઇ પણ સ્ત્રીને જોઇને મને આ લોભ થયો નથી કે હું પણ તેવી થતે, એમને જોઇ મને લોભ થતો કે જેવાં એવણ છે તેવીજ હું પણ થતે. એમના પ્રથમ ખાવિન્દનું નામ સકરાન બીન અમર હતું.

* હજરત ખદીજાનાં વર્ણનથી તે સઘળી બીબીઓ તથા છોકરીઓના વર્ણન સુધી ઈસ્તીઆબ ઉપરથી.

ફાયદો–જુવો, હજરત સોદા (રદી)ની હિમ્મત કે પોતાની વારી પોતાની સોકને આપી. આજ કાલ નકામી સોકથી લડાઇ અને અદેખાઈ કરે છે. અને હજરત આએશા (રદી) નો ઇનસાફ કે સોકના ગુણ ગાએ છે. આજ કાલ જાણી બુજીને તેપર એબ લગાડે છે. બીબીઓ! તમને પણ એવીજ હિમ્મત અને ઇનસાફ સ્વીકારવાં જોઇએ.

૨૮ હજરત આએશા સિદીકા (રદી) નું વર્ણન.

એવણ અમારા હજરત (સલ) નાં ઘણાંજ પ્યારાં બીબી છે. એવણ કુંવારાં હતાં અને હજરત (સલ) નો નિકાહ થયો છે. એવણ ઇલિમમાં એવાં પ્રવીણ હતાં કે અમારા હજરત (સલ) ના મોટા મોટા સહાબી એમનાથી મસઅલા પૂછતા હતા. એક વેળા અમારા હજરત (સલ) ને એક સહાબીએ પૂછ્યું કે, સર્વથી વધુ આપને કોની સાથે મોહબ્બત છે? તેવણે ફરમાવ્યું કે આએશા (રદી) ની સાથે. તેવણે પુછ્યું કે પુરૂષોમાં કોની સાથે? ફરમાવ્યું કે તેવણના બાપ એટલે હજરત અબુબકર (રદી) ની સાથે. અને બીજા પણ એમના ગુણ બયાન થયા છે.

ફાયદો–જુવો, એક આ સ્ત્રી હતાં, કે જેમનાથી મોટા મોટા આલિમ મસઅલા પૂછતા હતા. અને હવે એક એવી છે કે પોતે પણ આલિમોને પૂછવાનો અથવા દીનની કિતાબો પઢવાનો શોખ નથી. બીબીઓ! દીનનો ઇલમ સારી રીતે મહેનતથી તથા શોખથી શીખો.

૨૯ હજરત હફસા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા હજરત (સલ) નાં બીબી છે અને હજરત ઓમર (રદી) નાં દીકરી છે. હજરતે કોઇ વાત ઉપર એમને એક તલાક આપી હતી ફરી હજરત જીબરઇલ (અલે) ના કહેવાથી તેવણે રૂજુ કર્યું. હજરત જીબરઇલે (અલે) આવી રીતે ફરમાવ્યું કે તમો હફસાથી રૂજુ કરો. કારણ તે દિવસના રોજા ઘણા રાખે છે અને રાત્રે જાગી ઘણી ઇબાદત કરે છે. અને તેવણ જંનતમાં આપનાં બીબી થશે. તેવણે પોતાના ભાઈ અબ્દુલ્લાહ બીન ઓમરને વસીયત કરી હતી કે, મારો આટલો માલ ખૈરાત કરશો. અને કોઈ જમીન પણ તેવણે વકફ કરી હતી, તેના બંદોબસ્ત માટે પણ વસીયત કરી હતી. એમના પ્રથમ ખાવિન્દનું નામ ખોનૈસ બીન હોજાફા હતું.

ફાયદો–દીનદારીની બરકત જોઇ કે અલ્લાહ સાહેબ તરફથી તરફેણ થાય છે. ફિરસ્તાની મારફતે ખાતરદારીનો હુકમ થાય છે કે, પોતાની તલાક આપેલીથી રૂજુ કરો, અને એમની સખાવત જુઓ કે અલ્લાહના માર્ગમાં કેવી રીતે ખૈરાતનો બંદોબસ્ત કર્યો! અને જમીન પણ વકફ કરી! બીબીઓ! દીનદારી અખત્યાર કરો, અને માલ દોલતનો લોભ અને મોહબ્બત દિલથી કાઢો.

૩૦ હજરત જૈનબ બીનતે ખોઝૈમા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા પૈગમ્બર (સલ) નાં બીબી છે. અને એવણ એવાં સખી હતાં કે ગરીબોની માનાં નામથી પ્રખ્યાત હતાં. એમના પ્રથમ ખાવિન્દનું નામ અબદુલ્લાહ બીનજહશ હતું.

ફાયદો–જુવો, ગરીબોની ખીજમત કરવી કેવી બુજરગીની વાત છે!

૩૧ હજરત ઉમ્મે સલમા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા પૈગમ્બર (સલ)નાં બીબી હતાં. એક બીબી કિસ્સો બયાન કરે છે કે, એક વાર હજરત ઉમ્મે સલમા (રદી)ની પાસે હતી. એટલામાં કેટલાંક ગરીબ લોકો આવ્યાં, જેમાં પુરૂષો પણ હતા અને સ્ત્રીઓ પણ હતી; અને આવીને અડીને બેઠાં. મેં કહ્યું ચાલો અયાંથી રસ્તો લો. હજરત ઉમ્મે સલમા (રદી) બોલ્યાં અમને એવો હુકમ

નથી. અરે છોકરી! સઘળાંઓને થોડું થોડું આપ. એક એક ખજુર કેમ નહીં હોય. એમના પ્રથમ ખાવિન્દનું નામ હજરત અબુ સલમા (રદી) છે.

ફાયદો–જુવો, ગરીબ લોકોના અડી બે-સવાથી દિલમાં માઠું લાવ્યાં નહીં. હમણા જરા જરા વાતમા કાઢવા તૈયાર થાય છે એટલુંજ નહીં પણ ભાંડવા લાગે છે. બીબીઓ! એવું કદી કરશો નહીં.

૩૨ હજરત ઝૈનબ બીનતે જહશ (રદી)નુ વર્ણન.

એવણ પણ અમારા પૈગમ્બર (સલ) નાં બીબી છે. હજરત ઝૈદ એક સહાબી છે, તેવણુને અમારા હજરતે (સલ) દીકરો કર્યો હતો. પ્રથમ કોઇને દીકરો કરવો દુરૂસ્ત હતું. જ્યારે તેવણ જુવાન થયા ત્યારે તેમની શાદી કરવાની હજરત (સલ)ને ફિકર પડી. હજરતે આજ ઝૈનબને માટે તેમના ભાઇને પેગામ આપ્યું. આ બંને ભાઇ બેહેન હસબ નસબમાં પોતાને સરખા હજરત ઝૈદને સમજતાં નહોતાં જેથી શરૂમાં રોકાયા, પણ અલ્લાહતઆલાએ એક આયત ઉતારી કે પૈગમ્બરના હુકમ થયા પછી મુસલમાનને કોઇ ઉજર કરવો નહીં જોઇએ. ત્યારે બંનેએ માન્ય કર્યું અને નિકાહ થયો. પણ ધણીધણિયાણીમાં સારી રીતે બનાવ થયો નહીં. તે એટલાં સુધી કે, હજરત ઝૈદે (રદી) તલાક આપવાનો વિચાર કર્યો. અને હજરત (સલ)થી આ બાબતમાં સલાહ કરી. હજરતે (સલ) તેમને રોકયા અને સમજાવ્યા. પણ તે મામલાને જોતાં હજરત (સલ)ને જણાયું કે આ તલાક આપવા વગર રહેશે નહીં. તે વખત તેવણને ઘણી ચિન્તા ઉત્પન્ન થઇ કે પ્રથમથીજ આ બંને ભાઈ બેહેનોનું દિલ આ નિકાહને પસંદ કરતું નહોતું, પણ મારા કહેવાથી કબુલ કર્યું હતું. હવે જો તલાક થઇ તો વળી પણ બંને ભાઇ બેહેનોની વાત હલકી પડશે. અને એઓનું દિલ દુ:ખશે. એઓના દિલ રાખવાની શી તદબીર કરવી જોઇએ. આખર વિચાર કરતાં આ વાત સમજમાં આવી કે જો હું પોતે નિકાહ કરૂં તો બેશક એઓનો ગમ દુર થશે. નહીંતો બીજી કોઇ વાત સમજમાં આવતી નથી. પણ એની સાથે પાછું દુન્યાની બતરીસીએ ચઢવાનો પણ વિચાર આવ્યો, કે બેઇમાન લોક જરૂર તાનો કરશે કે વહુથી નિકાહ કર્યો. અગર જો શરીઅત પ્રમાણે મોં બોલ્યો દીકરો ખરેખરો દીકરો થતો નથી. પણ લોકોના મોંને કોણ પકડી શકે? વળી તેમાં પણ એવા બેઇમાન લોક કે જેઓને દોષ મુકવા માટે રજનું ગજ કરતાં આવે છે. એવણ આ વિચાર ફિકરમાં હતા એટલામાં હજરત ઝૈદે તલાક પણ આપી. અને ઇદત પૂરી થયા પછી તેવણનો વધુ મત આ તરફ થયો કે, માંગણી કરવી જોઇએ. ફરી તેવણે પૈગામ મોકલ્યું; તેવણે ઉત્તર આપ્યો કે હું મારા પરવરદિગારને કહું છું. પોતાની બુદ્ધિથી કંઈ કરીશ નહીં. તેની જો ઇચ્છા હશે તો તે પોતે એનો સામાન કરી આપશે. આ કહી વોજુ કરી મુસલ્લા ઉપર પેહોંચી નમાઝ પઢવા લાગ્યાં અને નમાઝ પછી દોઆ કરી. અલ્લાહતઆલાએ પોતાના પૈગમ્બર (સલ) ઉપર આયત ઉતારી કે અમે તેણીના નિકાહ તારી સાથે કર્યા છે. તે પછી હજરત (સલ) તેવણ પાસે પધાર્યા અને આયત સંભળાવી. એવણ બીજી બીબીઓ આગળ ફખર કરતાં કે તમારા નિકાહ તમારા મા બાપે કર્યા છે પણ મારો નિકાહ અલ્લાહતઆલાએ કર્યો. અને પરદાનો હુકમ જે પેહેલ વહેલો થયો તે એમનીજ શાદીમાં થયો. અને આ બીબી ઘણાં સખી હતાં. હાથનો હુનર પણ કરતાં. પોતાની હુનરની કમાઇથી ખૈરખૈરાત કરતાં હતાં. એક વારની જીકર છે કે સઘળી બીબીયોએ મળીને અમારા હજરત (સલ) ને પૂછ્યું કે આપની પછી સર્વથી પ્રથમ કયાં બીબી દુન્યાની વફાત પછી આપની સાથે મળશે? તેવણે ફરમાવ્યું કે જેનો હાથ સર્વથી

લાંબો હશે. અરબી ભાષામાં સખીને લાંબા હાથવાળો કહે છે. પણ બીબીઓ એને સમજ્યાં નહીં. તેઓ માપની લંબાઇને સમજ્યાં અને ફરી એક લાકડીથી પોતાનો હાથ માપવા લાગ્યાં. તો સઘળાથી વધુ હાથ લાંબો સોદા (રદી) નો નીકળ્યો. પણ સર્વથી પ્રથમ હજરત જૈનબ ગુજર્યાં. તે વેળા સમજમાં આવ્યું કે આની આ મતલબ હતી. મતલબ કે એમની સખાવત અલ્લાહ તથા રસૂલની આગળ સિદ્ધ થઇ હતી. હજરત આએશા (રદી) નું કહેવું છે કે મેં હજરત ઝેનબથી સારી કોઇ સ્ત્રી જોઇ નથી. દીનમાં ઘણી કામિલ, ખોદાથી ઘણું ડરનારી, વાતની ઘણી સાચી, સગાંઓ સાથે ઘણી ભલાઇ કરનારી, ખૈરાત ઘણું કરનારી, ખૈરાત કરવા માટે હાથના હુનરમાં ઘણી મેહેનતી. અમારા પૈગમ્બરે (સલ) એમની બાબતમાં ફરમાવ્યું છે કે દિલમાં ઘણી નમ્રતા રાખનારી, અલ્લાહતઆલા આગળ ઘણી રડનારી.

ફાયદો-બીબીઓ ! તમોએ સખાવતની બુજરૂગી અને હાથના ધંધાની ખુબી અને દરેક કામમાં અલ્લાહ તરફ વલણ રાખવાને સાંભળ્યાં. જુવો, હાથે કામ કરવાને કદી હલકાઇ સમજશો મા.

૩૩ હજરત ઉમ્મે હબીબા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા હજરત (સલ) નાં બીબી છે. જ્યારે મક્કામાં કાફિરોએ મુસલમાનોને ઘણા સતાવ્યા અને મદીના શરીફ જવાનો તે વખત સુધી હુકમ થયો નહોતો, ત્યારે ઘણા મુસલમાનો હબશના દેશમાં ચાલ્યા ગયા. ત્યાંનો રાજા જેને નજાશી કહે છે તે નસરાની (ખ્રીસ્તી) ધર્મ પાળતો હતો. પણ મુસલમાનો ગયા પછી તે મુસલમાન થયો હતો. મતલબ કે જેઓ હબશ ગયા હતા તેઓમાં હજરત ઉમ્મે હબીબા (રદી) પણ હતાં. એવણ વિધવા થયાં ત્યારે નજાશી બાદશાહે એક લોંડી જેનું નામ અબરહા હતું તેણીને એવણની પાસે મોકલી કે હું તમને રસૂલુલ્લાહ (સલ) માટે પૈગામ આપું છું. તેવણે કબૂલ રાખ્યું. અને ઇનઆમમાં અબરહાને ચાંદીના બે કંગણ અને કેટલાંક વીંટી છલ્લાં આપ્યાં. એમના પ્રથમ ખાવિન્દનું નામ ઓબેદુલ્લાહ બીન જહશ હતું.

ફાયદો-એવણ કેવાં દીનદાર હતાં, કે દીનની સંભાળ માટે ઘરથી બેઘર થયાં. આખર અલ્લાહતઆલાએ પોતાની મોહબ્બતના બદલામાં કેવી રાહત અને કેવી ઇજ્જત આપી. કે હજરત (સલ) થી નિકાહ થયો અને બાદશાહે એ વિષેનો બંદોબસ્ત કર્યો. બીબીઓ! દીનના મોકામાં કદી દુન્યાના આરામની અથવા નામ-માલ કે ઘરબારની લાલચ કરવી નહીં. આ સઘળી વસ્તુ દીન ઉપર કુરબાન છે.

૩૪ હજરત જોવેરીયા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા હજરત (સલ) નાં બીબી છે. બની મુસતલકના નામની જે લડાઈ પ્રખ્યાત છે તે લડાઇમાં એવણ કાફિરોના શેહરથી કેદ થઇને આવ્યાં હતાં. અને એક સહાબી સાબેત બીન કૈસ અથવા તેમનો કોઇ કાકાનો છોકરો હતો, તેના હિસ્સામાં આવ્યાં હતાં. એવણે પોતાના માલિકને કહ્યું કે હું તમને આટલા કાંઇક રૂપીઆ આપીશ. તમો મને લોંડીપણાથી આજાદ કરો. તેવણે કબુલ કર્યું. એવણ હજરત (સલ) પાસે આવ્યાં કે કંઇ રૂપીયાની મદદ કરો. હજરત તેવણની દીનદારી તથા ગરીબી ઉપર રહમ લાવ્યા. અને ફરમાવ્યું કે જો તમો કહોતો સઘળા રૂપીયા હું અદા કરૂં અને તમારી સાથે નીકાહ કરૂં. તેવણે જીવજાન (અંતઃકરણથી) થી કબુલ રાખ્યું. મતલબ કે નિકાહ થયો. જ્યારે નિકાહનો હાલ લોકોને જણાયો તો તેવણની સગાઇના કબીલાના બીજાં પણ કેદી હતાં અને બીજા મુસલમાનોના કબજામાં હતાં

તે સઘળાઓએ તે કેદીઓને ગુલામીથી આજાદ કર્યાં, કે હવે એઓની અમારા હજરત (સલ) સાથે સાસરવેલની સગાઇ થઇ છે તો એઓને ગુલામીમાં રાખવું બેઅદબી છે. હજરત આએશા (રદી) નું કહેવું છે કે જેવો લાભ એવણનાં સગાંઓને એમના લીધે થયો, એવી કોઇ સ્ત્રી અમારી જાણમાં આવી નથી. એમના પ્રથમ ખાવિન્દનું નામ મોસાફેઅ બીન સફવાન હતું.

ફાયદો—જુવો, દીનદારી અજબ નેઅમત છે કે એની બદોલત લોંડી હોવા છતાં હજરત (સલ) ની બીબી બન્યાં. બીબીઓ! હજરત (સલ) થી વધુ કોઈ ઇજિતદાર નથી. જ્યારે હજરતે લોંડીને બીબી બનાવવી દોષપાત્ર જાણ્યું નહીં તો ભલતી જગ્યા કોઈ મસલેહતથી કોઈ નિકાહ કરે અથવા પરદેશણને કોઇ લઇ આવે તો તમો પણ તેને હલકી સમજો નહીં. આ ઘણી ખરાબ બીમારી છે અને ગુનોહ પણ છે. જુવો સહાબા (રદી) નો અદબ કે હજરત (સલ) ની બીબીની કેટલી મોટી ઇજ્જત કરી, કે તેવણનાં સગાંઓની પણ હલકાઇ પસંદ કરી નહીં. આજકાલ કેવી જહાલત છે! ખુદ એવી બીબીની પણ ઇજ્જત નહીં કરતી, ફરી તે ગમે તેવી દીનદાર હોય તો ફરી તેનાં સગાંઓની શું ધુળ ઇજ્જત કરવાની ઉમ્મેદ છે!

૩૫ હજરત મૈમુના (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા હજરત (સલ) નાં બીબી છે. એક ઘણાજ મોટા હદીસના જાણનાર આલિમ કહે છે કે એમનો નિકાહ હજરત (સલ) ની સાથે આવી રીતે થયો કે એવણે આવી રીતે હજરત (સલ) આગળ અરજ કરી કે, મેં પોતાની જાન આપને અર્પણ કરી છે. એટલે વગર મોહરે આપના નિકાહમાં આવવા હું રાજી છું અને ફરી હજરતે (સલ) કબુલ રાખ્યું. એવી રીતનો નિકાહ ખાસ અમારા હજરત (સલ) નેજ દુરસ્ત હતો. અને તફસીરના એક ઘણા જાણનાર આલિમ કહે છે કે, જે આયતમાં એવા નિકાહનો હુકમ છે તે પ્રથમ આજ બીબી માટે ઉતરી છે. એમના પ્રથમ ધણીનું નામ હોવૈતબ હતું.

ફાયદો—જુવો, કેવાં દીનનાં આશિક બીબી હતાં, કે હજરત (સલ) ની ખીજમતને ઇબાદત સમજી મોહરની પણ પરવા કરી નહીં. અને જુવો તો તે વખતમાં મોહર નકદા નકદીજ મળતી હતી. અમારા વખતની જેમ કિયામત અથવા મોત સુધીની ઉધાર નહોતી. બીબીઓ! હમેશ દીનને અસલી દોલત સમજો. દુન્યાની એવી મોહબ્બત નહીં કરશો કે પોતાના વખતને પોતાના વિચારને એમાંજ ખપાઓ, રાત દિવસ એજ ધુન રહે. મળી જાએ તો ખીલી ખીલી જાઓ. ફરી સવાબ હોય કે ગુનોહ હોય. અને નહીં મળે તો ગમસ્વાર થાએ, શિકાયત (રાવ) કરતી ફરો. જેની પાસે હોય તે પર હસદ કરતી ફરો. નૈયત ડામાડોલ કરતી રહો.

૩૬ હજરત સફીયા (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા પૈગમ્બર (સલ) નાં બીબી છે. ખૈબર એક વસ્તી છે ત્યાં યહુદીઓ સાથે મુસલમાનોને લડાઇ થઈ હતી. આ બીબી તે લડાઇમાં કેદ થઇને આવ્યાં હતાં, અને એક સહાબીના હિસ્સામાં ગયાં. હજરત પૈગમ્બરે (સલ) તેવણને ખરીદીને આજાદ કર્યાં, અને તેવણથી નિકાહ કર્યો. આ બીબી હજરત હારૂન પૈગમ્બર (અલે) ની ઓલાદમાંથી છે. અને ઘણાંજ ધીરજ રાખનાર (બુરદોબાર) બુદ્ધિમાન ખુબીઓથી ભરપૂર છે. એમની બુરદોબારી એક કિસ્સાથી જણાય છે કે, એમની એક લોંડીએ હજરત ઓમર (રદી) આગળ એમની બે વાતની ચુગલી (ચાડી) કરી. એક તો આ કે એમને હજુ સુધી શનીવારના દિવસની મોહબ્બત છે. આ દિવસ યહુદીઓમાં ઘણો માનોતો હતો. મતલબ આ કે એવણમાં મુસલમાન હોવા છતાં પોતાના

પ્રથમ દીન યહુદીપણાની અસર રહી ગઇ છે. એટલે એમ સમજો કે, પૂરાં મુસલમાન નથી. બીજી વાત આ કે યહુદીઓને ઘણું દે લે કરે છે. હજરત ઓમરે (રદી) હજરત સફીયા (રદી) ને પૂછ્યું, તેવણે જવાબ વાળ્યો કે, પ્રથમ વાત તો તદન જુદી છે. જ્યારથી હું મુસલમાન થઇ છું અને અલ્લાહે જુમ્માનો દિવસ આપ્યો છે ત્યારથી સનીવાર સાથે દિલને જરાએ વલગણુ નથી. હા, બીજી વાત બેશક સાચી છે, અને તેનું કારણુ આ છે કે, તેઓ મારાં સગાં છે. અને સગાંઓ સાથે ભલાઇ કરવી શરીઅત વિરૂદ્ધ નથી. ફરી તે લોંડીને પૂછ્યું કે તને જૂઠી ચાડી ખાવાનું કોણે કહ્યું ? તેણીએ કહ્યું કે શૈતાને, તેવણે કહ્યું કે જા મેં તને લોંડીપણાથી આઝાદ કરી છે. એવણુના પ્રથમ ખાવિન્દનું નામ કેનાના બીન અબીલ હકીક હતું.

ફાયદા-બીબીઓ ! જુવો, બુરદોબારી (ધીરજ) એને કહે છે. તમને પણુ જોઇએ કે પોતાની દાઈ નોકર ચાકરની ભૂલચૂક માફ કરતી રહો. અને વાત વાતમાં સજા કરવી હલકાઇ છે. અને જુઓ સાચાં કેવાં હતાં કે જે વાત હતી તે ખુલ્લી રીતે કહી. તેમાં બનાવટ કરી નહીં. જેમ આજકાલ કેટલીકોની ટેવ છે કે કદી પોતા ઉપર વાત આવવા દેતી નથી. ઉલટું સુલટું કરીને પોતાને દોષથી બચાવે છે. એવી રીતે વાતો બનાવવી પણુ બુરૂં છે.

૩૭ હજરત ઝૈનબ (રદી) નું વર્ણન.

આ બીબી અમારા હજરત પૈગમ્બર (સલ) નાં બેટી છે. અને હજરત (સલ) ને એમની સાથે ઘણી મોહબ્બત હતી. એમનો નિકાહ હજરત અબુલ આસ બીન રબીઅ સાથે થયો હતો. જ્યારે એવણે ઇસ્લામ સ્વીકાર્યું અને ખાવિન્દે મુસલમાન થવાની ના પાડી તો તેનાથી જૂદાં પડી મદીના તરફ હિજરત કરી. થોડા દિવસમાં એમના ધણી પણુ મુસલમાન થઇ મદીના આવી ગયા. હજરતે (સલ) ફરી તેમની સાથે તેણીનો નિકાહ કર્યો. અને તેવણુ પણુ તેણીને ઘણુા ચાહતા હતા. જ્યારે એવણુ હિજરત કરી મદીનાશરીફ ચાલવા લાગ્યા ત્યારે માર્ગમાં એક બીજો બનાવ બન્યો કે બે કાફિરો મળી ગયા. અને તેમાંના એકે એવણુને ધક્કો માર્યો, જેથી એવણુ એક પત્થર ઉપર પડી ગયાં અને એમનો હમેલ પડી ગયો, અને એવું દુ:ખ પોહોંચ્યું કે મરતાં દમ સુધી સારાં થયાં નહીં. અને તેમાંજ ઇનતેકાલ થયો.

ફાયદા જુવો, કેવી હિંમત અને દીનદારીની વાત છે કે દીનને માટે પોતાનું વતન છોડ્યું, ખાવિન્દ છોડ્યો. કાફિરોના હાથે કેવી તકલીફો ઉપાડી કે એમાં જાન ગઈ પણુ દીન ઉપર કાએમ રહ્યાં. બીબીઓ ! દીનને સામે સર્વ ચીજો છોડવી જોઇએ. જો દુ:ખ લાગે તેને સહન કરો. જો ધણી બદ દીન હોય કદી તેની સાથ થાઓ નહીં.

૩૮ હજરત રોકીયા (રદી) નું વર્ણન.

એ પણુ અમારા હજરત પૈગમ્બર (સલ) નાં દીકરી છે. એમનો પ્રથમ નિકાહ ઉતબાથી થયો હતો, જે અબુલહબનો કાફીર દીકરો છે, જેની નિન્દા સુરા તબ્બતમાં છે. જ્યારે બંને બાપ દીકરા મુસલમાન નહીં થયા અને બાપના કહેવાથી એણે આ બીબીને છોડ્યાં ત્યારે હજરતે (સલ) એમનો નિકાહ હજરત ઉસમાન (રદી) થી કર્યો. જ્યારે અમારા હજરત બદરની લડાઇમાં ચાલ્યા ત્યારે એવણુ બીમાર હતાં. અને તેવણે હજરત ઉસમાન (રદી) ને એમની ખબરગીરી માટે મદીનામાં છોડ્યા અને ફરમાવ્યું કે તમને પણુ જેહાદવાળાઓની બરોબર સવાબ મળશે. અને જેહાદ કરનારાઓની સાથે તેમનો હિસ્સો પણુ પાડ્યો. જે દિવસે લડાઇ ફતેહ કરીને મદીનામાં આવ્યા તેજ દિવસે એમની વફાત થઇ.

ફાયદા જુવો, એમની કેવી બુજરગી છે કે એમની ખીજમત કરવાનો સવાબ જેહાદ

બરાબર ઠેરાવ્યો. આ બુઝરગી એમનાં દીનદાર હોવાને લીધે છે. બીબીઓ ! પોતાના દીનને પાકું કરવાનું ધ્યાંન દરેક વખત રાખો કોઈ ગુનોહ થવા દેવો નહી. આથી દીનમાં કમજોરી આવે છે.

૩૯ હજરત ઉમ્મે કુલસૂમ (રદી) નું વર્ણન.

એવણ પણ અમારા હજરત (સલ)નાં બેટી છે. એમનો પ્રથમ નિકાહ ઓતૈબાથી થયો હતો. જે તેજ કાફિર અબુલહબનો બીજો છોકરો છે. હજુ ધણીને ઘેર ગયાં નહોતાં એટલામાં અમારા હજરત (સલ)ને પૈગમ્બરી મળી. તે બંને બાપ દીકરા મુસલમાન થયા નહીં. અને પોતાના બાપને કહીએ લાગીને એણે એવણને છોડયાં જ્યારે એમની બેહેન હજરત રોકીયાનો ઇન્તેકાલ થયો તો એમનો નિકાહ હજરત ઉસમાન (રદી)થી થયો. અને જ્યારે હજરત રોકીયાનો ઇનતેકાલ થયો તે વેળા ભોગજોગે હજરત હફ્સા (રદી) પણ રંડાયાં હતાં. એવણના બાપ હજરત ઓમરે એમનો નિકાહ હજરત ઉસમાન (રદી)થી કરવા ઇચ્છયો, પણ તેમની રાય થઇ નથી. એ વાતની પૈગમ્બર (સલ)ને ખબર પડી ત્યારે તેવણે ફરમાવ્યું કે હફ્સાને ઉસમાન કરતાં સારો ધણી બતાવું છું અને ઉસમાનને હફ્સાથી સારી બીબી બતાઉં છું. ફરી તેવણે હજરત હફ્સા (રદી)થી નિકાહ કર્યો. અને હજરત ઉસમાન (રદી)ના હજરત ઉમ્મે કુલસૂમથી કરી આપ્યો.

ફાયદો—આ કિસ્સામાં હજરતે એવણને સારાં કહ્યાં છે. આ ઇમાનની બદોલત છે. બીબીઓ ઇમાન અને દીન દુરસ્ત રાખો.

૪૦ હજરત ફાતેમા ઝહરા (રદી)નું વર્ણન.

એવણ ઓમરમાં સઘળી બેહેનોથી નાનાં છે પણ મરતબામાં સર્વથી મોટાં છે, અને અમારા પૈગંબર (સલ)ને સઘળાથી વધુ પ્યારાં દીકરી છે. એમને પોતાની જાનનો તુકડો ફરમાવ્યો છે, તથા સઘળા જહાનની સ્ત્રીઓની સરદાર કહ્યાં છે. અને એમ પણ ફરમાવ્યું છે કે જે વાતથી ફાતેમાને દુઃખ થાયછે તેથી મને દુઃખ થાયછે. અને જે બીમારીમાં અમારા પૈગમ્બર (સલ)ની વફાત થઇ તે બીમારીમાં હજરતે (સલ) સઘળાઓથી પોશીદા માત્ર એમનેજ પોતાની વફાત પાસે થવાની ખબર આપી હતી. જેથી એવણ રડવા લાગ્યાં. હજરતે ફરી એમના કાનમાં ફરમાવ્યું કે તમો દુઃખી થાઓ નહીં. એકતો તમો સઘળાંઓથી પ્રથમ મારી પાસે ચાલ્યાં આવશો, બીજું જંનતમાં સર્વ બીબીઓનાં સરદાર થશો. આ સાંભળી હસવા લાગ્યાં. હજરત (સલ)ની બીબીઓએ કેટલીક પૂછ કરી કે આ શું વાત હતી? તે બતાવી નહીં પણ હજરત (સલ)ની વફાત પછી આ ભેદ બતાવ્યો. અને હજરત અલી (રદી)થી એમનો નિકાહ થયો છે. હદીસોમાં બીજી પણ મોટી મોટી બુજરગીઓ આવી છે.*

ફાયદો—હજરત (સલ)ની આ સઘળી મોહબ્બત અને વિશેષ લાગણી એમની સાથે એટલાં માટે હતી કે એવણ સઘળાઓ કરતાં દીનદારી સબર શુકરમાં વધુ હતાં. બીબીઓ! દીન તથા સબર શુકરને સ્વીકારો, તમો પણ અલ્લાહ તથા રસૂલની પ્યારી થશો. બીબીઓ એક બીજી વાત પણ વિચારવા લાએક છે કે, તમે હજરત (સલ)ની અગિયાર બીબીઓ અને ચાર દીકરીઓનો હાલ વાંચ્યો છે, એમાં તમને આ પણ જણાયું હશે કે બીબીઓમાં હજરત આએશા (રદી) વગર સઘળી બીબીઓના હજરતની સાથે બીજા નિકાહ થયા છે. અને દીકરીઓમાં હજરત ઝૈનબ તથા હજરત ફાતેમા વગર બીજી બેના હજરત ઉસમાન (રદી)થી બીજા નિકાહ થયા છે. આ બાર બીબીઓ+ એવાં છે કે દુન્યામાં કોઈ સ્ત્રી ઇજત આબ-

---

*આ ચોપડીમાં સર્વથી પ્રથમ પૈગમ્બર (સલ) નું વર્ણન છે ત્યાં પણ આ સઘળી બીબીઓ તથા છોકરીઓનાં નામો આવ્યાં છે.

+ એટલે હજરત આએશા વગર બીજી દશ બીબીઓ અને બે દીકરીઓ મળી બાર બીબીઓ.

ગુા. મો.

રૂમાં એમની બરાબર નથી. બીજો નિકાહ એબનુ કામ હતે તો આ બીબીઓ તોબાહ તોબાહ શું એબનું કામ કરતે? અને હજરત (સલ) તે થવા દેતે? અફસોસ છે કે, કેટલાક કમ સમજ માણુસ એને એબ સમજે છે વારૂ જ્યારે હજરત (સલ)ના ઘરાનાની વાતને એબ તથા બેહયાઇ સમજી તો ઇમાન કયાં રહ્યું? આ કેવા મુસલમાન છે, કે હજરત (સલ) ના તરીકાને ઐબ અને કાફિરોના તરીકાને ઇજ્જતની વાત સમજે છે. વિધવા સ્ત્રીને બેસડાવી રાખવાનો રવૈયો ખાસ હિંદુસ્તાનના રહીશ કાફિરોનો છે. વળી બીજુ સાંભળો કે તમારાથી આગળા વખતની વિધવાઓમાં અને આ વખતની વિધવાઓમાં પણ મોટો ફેર છે. તે અભાગ્યો વિધવાઓમાં અજ્ઞાનતા તો હતી પણ પોતાની આબરૂની ઘણી સંભાળ કરતી હતી. પોતાના જીવને મારતી હતી. તેઓથી કોઈ વાત ઉંચી નીચી થતી નહોતી, અને હમણા તો વિધવાઓને સુહાગણોથી વધુ પેહેરવા ઓઢવાનો પોતાને શણગારવાનો લોભ હોય છે. એજ કારણથી ઘણી જગ્યાએ એવી નાજુક નાજુક મામલા થાય છે કે જે કહેવાને લાએક નથી. હવે તો વિધવાને બેસડાવવાનો વખત કદી રહ્યો નથી, કારણકે સ્ત્રીઓમાં નતો પેહેલાં જેવી શરમ હયા છે અને ન પુરૂષોમાં પેહેલાઓ જેવી ગેરત, અને વિધવાઓના રંડાપા કાઢવાનો તથા દરેક રીતે તેઓના ખાણાં કપડાંની ખબર લેવાનો ખ્યાલ રહ્યો છે. હવેતો ભૂલેચૂકે પણ વિધવાઓને બેસડાવવી નહીં જોઇએ. અલ્લાહ તઆલા સમજ અને તોફીક આપો.

પ્રથમની ઉમ્મતોની બીબીઓ પછી અયાં સુધી હજરતની અગ્યાર બીબીઓ અને ચાર દીકરીઓ મળી પંદર બીબીઓનું વર્ણન થયું. આગળ એવી બીબીયોનું વર્ણન થાય છે કે જેઓ હજરત (સલ) ના વખતમાં હતાં તેઓમાંથી કેટલીક બીબીયોને હજરતની સાથે ખાસ એલાકો હતો.

૪૧ હજરત હલીમા સઅદીયા (રદી) નું વર્ણન.*

આ બીબીએ અમારા હજરત (સલ) ને દૂધ પાયું છે. અને જ્યારે હજરતે (સલ) તાએફ શેહેર ઉપર જેહાદ કર્યો તે વખત આ બીબી પોતાના ખાવિન્દ અને દીકરાને લઇને હજરત (સલ) ની સેવામાં આવ્યાં હતાં. તેવણે ઘણું માન આપ્યું અને પોતાની ચાદર (પીછોડી) બીછાવી તે ઉપર તેમને બેસડાવ્યાં અને તે સઘળાં મુસલમાન થયાં.

ફાયદો–જુવો, હજરત (સલ) સાથે એમને ઘણી વલગણુ હતી છતાં આ જાણી ગયાં કે વગર ઇમાન લાવે માત્ર આ વલગણુથી બખશીસ થશે નહીં, માટે આવીને દીન કબુલ કર્યું. બીબીઓ ! તમારે આ ભરોસે રહેવું નહીં, કે અમો ફલાણા પીરની ઓલાદ છીએ અથવા અમારો ફલાણો દીકરો પોત્ર આલિમ હાફેજ છે. આ લોક અમને બખશાવશે. યાદ રાખવું જોઇએ કે જો તમારી પાસે પણ દીન હશે તો આ લોકો પણ કંઈ અલ્લાહ સાહેબથી તમારે માટે કહી શકશે, નહીંતો આ વલગણ કંઇપણ કામ આવશે નહીં.

૪૨ હજરત ઉમ્મે ઐમન (રદી) નું વર્ણન ×

આ બીબીએ અમારા પૈગમ્બર (સલ) ને પોતાના ખોળામાં રમાડયા છે અને પરવરિશ કરી છે. હજરત (સલ) કદી કદી એમને મળવા જતા હતા. એકવાર હજરત (સલ) એમની પાસે પધાર્યા. એવણે એક પ્યાલામાં કંઇ પીણું આપ્યું. તે વખત હજરત (સલ) નો જીવ ચાહતો નહોતો અથવા આપ રોજદાર હતા ખોદા જાણે, જેથી આપે ઉજર કર્યો. પણ પાળવાનું રાખવાનુ એમનું હક્ક હતું જેથી જીદ કરીને અડી ગયાં અને વગર ખટકે કહેવા લાગ્યાં કે પીવું પડશે.

---

* અન્જએબુલ કસસ ઉપરથી.

× મુસલિમ તથા નવવી વગેરે ઉપરથી.

અને હજરત (સલ) એમ પણ ફરમાવતા હતા કે મારી જણીતા માના પછી ઉમ્મે એમન મારી મા છે. હજરત (સલ) ની વફાત પછી હજરત અબુબકર તથા હજરત ઓમર (રદી) કદી કદી એમની ઝીયારતે (મુલાકાતે) જયા કરતા. અને તેવણ એમને જોઇ હજરત (સલ) ને યાદ કરીને રડતાં. અને આ બંને સાહેબો પણ રડવા લાગતા.

ફાયદો–જુવો, કેવી બુજરૂગીની વાત છે, કે હજરત (સલ) એમની પાસે જાય. આવા મોટા મોટા સહાબીઓ એમની ઝીયારત કરે. આ બુજરૂગી આટલા માટે હતી કે એવણે રસૂલુલ્લાહ (સલ) ની ખીજમત કરી અને દીનમાં પૂરાં હતાં. બીબીઓ ! હવે હજરત (સલ) ની ખીજમત આજ છે કે, દીનની ખીજમત કરો બીજાઓને નેક વાતો બતાઓ, સ્ત્રીઓને દીન શીખવો, પોતાની ઓલાદને નેકીની કેળવણી આપો, અને પોતે પણ દીનમાં મજબૂત રહો. ઇનશા અલ્લાહો તઆલા તમને પણ બુજરૂગીનો ભાગ મળશે. અને ઝીયારતથી એમ સમજવું નહીં કે આ સઘળા ઝીયારતવાળાઓ આગળ વગર પરદે બેસતાં હશે. કોઇની પાસે ઇરાદો કરીને જવું અને પાસે બેસવું અગર જો દરમ્યાનમાં પરદો પણ હોય અને સારી સારી વાતો કહેવી સાંભળવી તે ઝીયારત છે.

૪૩ હજરત ઉમ્મે સોલૈમ (રદી) નું વર્ણન.

આ હજરત (સલ) નાં સહાબી છે. અને અબુતલહા એક સહાબી છે તેમનાં આ બીબી છે. અને અમારા હજરત (સલ) ના ખાસ ખીજમતગાર હજરત અનસ (રદી) તેમનાં એવણ મા છે. અને એક તરેહથી અમારા હજરત (સલ) ની ખાલા પણ છે. અને એમના એક ભાઈ સહાબી હતા. તેવણ એક લડાઈમાં હજરત (સલ) સાથે શહીદ થયા હતા. આ સઘળી વાતોને લીધે અમારા હજરત (સલ) એમની ઘણી ખાતર રાખતા હતા. અને કદી કદી એમને ઘેર પધારતા હતા. અને હજરતે (સલ) એમને જંનતમાં પણ જોયાં છે. અને એમનો એક અજાએબ કિસ્સો લખાયો છે કે એમનું એક બાળક હતું તે માંદુ થયું અને એક દિવસે મરી ગયું. તે રાતનો વખત હતો. હવે એમના સબરને જુઓ, એવણે વિચાર્યું કે જો ધણીને ખબર કરીશ તો સઘળી રાત બેચેન રહેશે. ખાણું પાણી બંધ કરશે. જેથી ચુપચાપ બેસી રહ્યાં. જ્યારે ધણી આવ્યા અને પૂછયું કે બાળક કેવી રીતે છે ? તો કહ્યું આરામ છે. અને જૂઠ પણ કહ્યું નહીં. કારણકે, મુસલમાન માટે આથી વધુ આરામ શો હશે કે પોતાને અસલ ઠીકાણે જાય. પણ તેવણ સમજ્યા નહીં. મતલબ કે તેવણની સામે ખાણું મુકયું તેવણે ખાધું. ફરી તેમને એમની ઇચ્છા થઇ. ખોદાની બંદીએ તેથી પણ ના પાડી નહીં. જ્યારે સઘળી વાતોથી નવરાસ થઇ તો ધણીને પૂછે છે કે જો કોઇ શખ્સ કોઇને માંગેલી વસ્તુ આપે, અને ફરી પોતાની વસ્તુ માંગવા લાગે તો તેને નકાર કરવાનો કંઇ હક્ક છે? તેવણે કહ્યું કે નહીં. ત્યારે કહ્યું કે તો બચ્ચા માટે સબર કરો. તેવણ ઘણા ખફા થયા અને કહેવા લાગ્યા મને કેમ આ ખબર કરી નથી ? તેવણે આ સઘળો બનાવ હજરત (સલ) આગળ જઇને બયાન કર્યો. હજરતે એમને માટે દોઆ કરી. ખોદાની કુદરત તેજ રાત્રે હમેલ રહ્યો અને છોકરો થયો તેનું નામ અબદુલ્લાહ રાખ્યું અને અબદુલ્લાહ આલિમ થયા. અને એમની ઓલાદમાં પણ મોટા મોટા આલિમ થયા.

ફાયદો–બીબીઓ ! આથી સબર શીખો અને ખાવિન્દને આરામ પુગાવવાનો પાઠ એમનાથી લો. અને માંગેલી વસ્તુનો જે દ્રષ્ટાંત આપ્યો એ કેવો સારો તથા સાચો છે. જો માણસ આટલી વાત સમજી લે તો કદી બેસબરી કરે નહીં. જુવો આ સબરની બરકત કે અલ્લાહ મીયાંએ તે બચ્ચાનો બદલો કેટલો

જલદી આપ્યો અને કેવી બરકતનો બદલો કે જેની નસલથી આલિમ ફાઝિલ થયા.

૪૪ હજરત ઉમ્મે હરામ (રદી) નું વર્ણન.*

એવણ પણ સહાબી છે. અને હજરત ઉમ્મે સોલૈમ જેમનું વર્ણન હમણા થયું તે એમનાં બેહેન છે. એવણ પણ અમારા હજરત (સલ) ની એક તરેહની ખાલા છે. એમને ત્યાં પણ હજરત (સલ) પધારતા હતા. એક વાર હજરતે એમના ઘરમાં ખાણું ખાધું ફરી ઊંઘ આવી સૂઇ ગયા. ફરી હસતા મુખે જાગ્યા. તેવણે એનું કારણ પૂછયું. હજરતે ફરમાવ્યું કે મેં સ્વપ્નામાં આ વખતે પોતાની ઉમ્મતના લોકોને જોયા કે જેહાદને માટે વહાણમાં સ્વાર થઈ જઈ રહ્યા છે. અને સામાન સરંજામમાં અમીર તથા બાદશાહ જણાય છે. તેવણે અરજ કરી કે ઓ રસૂલુલ્લાહ દોઆ કરો, અલ્લાહતઆલા મને એઓમાં કરે. તેવણે દોઆ કરી. ફરી તેવણને ઊંઘ આવી. ફરી તેવીજ તરેહ હસતા મોંએ ઉઠયા અને એવીજ તરેહનો સ્વપ્નો ફરી બયાન કર્યો. આ સ્વપ્નામાં તેવીજ તરેહના બીજા માણસો દેખાયા હતા. તેવણે અરજ કરી ઓ રસૂલુલ્લાહ દોઆ કરો અલ્લાહતઆલા મને એઓમાં કરે. હજરતે ફરમાવ્યું કે તું પ્રથમવાળાઓમાં છે× તો તેમજ એવણના ધણી જેવણનું નામ ઓબાદા છે, દરયાની સફરે જેહાદમાં ગયા એવણ પણ સાથે ગયાં. જ્યારે દરયાથી બહાર આવ્યાં તો કોઈ જાનવર ઉપર બેઠાં. તેણે મસતી કરી એવણ પડી ગયાં અને મરણ પામ્યાં.

ફાયદો–હજરત (સલ) ની દોઆ કબૂલ થઈ, કારણકે જ્યાંસુધી પાછા ફરીને ઘેર નહીં આવે તે જેહાદનીજ સફર રહે છે. અને જેહાદની સફરમાં કોઈપણ તરેહથી મરે તેમાં શહીદનોજ સવાબ મળે છે. જુવો કેવાં દીનદાર હતાં કે સવાબ મેળવવાના શોખમાં જાનની મોહબ્બત પણ કરી નહી. પોતે દોઆ કરાવી કે મને આ દોલત મળે. બીબીઓ ! તમો પણ એનો ખિયાલ રાખો અને દીનનાં કામ કરતાં જો થોડી ઘણી તકલીફ થાય તો તેથી ગભરાઓ નહીં. આખર સવાબ પણ તો તમોજ લેશો.

૪૫ હજરત ઉમ્મે અબ્દ (રદી)નું વર્ણન.*

એક ઘણા મોટા સહાબી હજરત અબ્દુલ્લાહ બીન મસઊદ (રદી) છે તેવણનાં આ બીબી મા થાય છે અને પોતે પણ સહાબી છે. એમને અમારા હજરત (સલ) ના ઘરમાં એવું ચલણ હતું કે, જોનાર એમ સમજે કે એવણ પણ ઘરવાળાઓમાંથીજ છે.

ફાયદો:–આટલી બધી ખાસ વલગણ આ માત્ર દીનનીજ બદોલત હતી. બીબીઓ ! જો દીનને સમારશો તો તમે પણ કિયામતમાં હજરત (સલ) ની નજદીકીથી ભાગ્યશાળી થશો.

૪૬ હજરત અબુજર ગેફારી (રદી) ની માનું વર્ણન.

આ અબુજર એક સહાબી છે. જ્યારે હજરત (સલ) ની પૈગમ્બરીની ખબર પ્રગટ થઇ અને કાફિરોએ જૂઠવ્યા તો આ બુજરૂગ પોતાના વતનથી મક્કામાં આ વાતની તપાસ કરવા આવ્યા હતા. અયાંનો હાલ દેખી ભાળીને મુસલમાન થયા. જ્યારે એવણ પાછા

---

* મુસલિમ તથા તેની શરહ ઉપરથી.

× આ હદીસ બોખારી તથા મુસલિમની છે. અને મશારેકમાં ના. ૧૨૦૯–૧૦ની હદીસ છે. એમાં પેહેલું લશકર વહાણમાં સ્વાર થઈ જેહાદ કરનારના સરદાર હજરત મોઆવિયહ (રદી) હતા. અને બીજું લશકર જે કૈસરના શેહેર ઉપર ચઢાઇ લઈ ગયેલું તેનો સરદાર યઝીદ હતો રસૂલુલ્લાહે (સલ) આગલા લશકરવાળાઓ માટે જંનતની બશારત આપી છે. તેમ બીજા લશકર માટે મગફેરત અને બખશીશની બશારત આપી છે. માટે હવે યઝીદ વિષે લાનત મલામત કરવી નહીં. એ વિષે વધુ ખુલાસો ગુજરાતી મશારેકભાગ બીજા પૃષ્ટ ૧૨૯-૩૦ ની નોટમાં છે. ગુ. મો.

* અત્રેથી તે અસમા બીનતે ઓમૈસના વર્ણન સુધી મુસલિમ ઉપરથી.

ફરી પોતાને ઘેર ગયા ત્યારે એમની મા સઘળો કિસ્સો સાંભળી કહેવા લાગ્યાં મને પણ તમારા દીનથી કશો ઇનકાર નથી. હું પણ મુસલમાન થાઊં છું.

ફાયદો–જુવો તબીઅતની સફાઇ આ છે કે, જ્યારે સાચી વાત જણાઇ ગઇ તો તેના માનવામાં બાપ દાદાનો ખિયાલ કર્યો નહીં. બીબીઓ ! તમને પણ જ્યારે શરીઅતની વાત જણાય તો તેના મુકાબલામાં ખાનદાની રીતરીવાજનું નામ નહિ લો. હસી ખુશીથી દીનની વાત માની લો અને તેનો વર્તાવ રાખો

૪૭ હજરત અબુ હોરેરા (રદી) ની માનું વર્ણન.

આ એક સહાબી છે. એવણ પોતાની માને દીન કબૂલ કરવા માટે સમજાવ્યા કરતા હતા. એકવાર એમની માએ દીન ઇમાનને કોઈ એવી વાત કહી કે, જેથી એમને ઘણું લાગ્યું. એવણ રડતા રડતા હજરત (સલ) ની સેવામાં આવ્યા અને અરજ કરી કે હજરત! મારી માને માટે દોઆ કરો, ખોદા એમને હિદાયત કરે. હજરતે (સલ) દોઆ કરી–ઓ અલ્લાહ ! અબુહોરેરા (રદી) ની માને હિદાયત કર. એવણ ખુશી ખુશી ઘેર આવ્યા. જુએ છે કે દરવાજો બંધ છે અને નહાવાની જેમ પાણી પડવાનો અવાજ આવે છે, એમના અવાજનો ખખડાટ સાંભળી માએ મોટા અવાજથી કહ્યું કે ત્યાંજ થોભો. નહાઇ ધોઇને બારણું ખોલ્યાં અને કહ્યું **અશહદો અલ લાએલાહ ઇલ્લલ્લાહો વ અશહદો અન્ન મોહમ્મદર્રસૂલુલ્લાહ.** એમનો હરખમાં એવો હાલ થયો કે બેઅખત્યાર રડવું શરૂ કર્યું. અને એવી હાલતમાં જઇને સઘળો કિસ્સો હજરત (સલ) ને બયાન કર્યો. હજરતે (સલ) અલ્લાહનો શુકર કર્યો. તેવણે કહ્યું કે ઓ રસૂલુલ્લાહ અલ્લાહ મીયાંથી દોઆ કરો કે મુસલમાનોની અમો મા દીકરાને મોહબ્બત થાય, અને મુસલમાનો અમો બંનેની મોહબ્બત રાખે. તેવણે દોઆ કરી.

ફાયદો–જુવો નેક ઓલાદથી કેટલો લાભ છે. બીબીઓ ! પોતાનાં બચ્ચાંઓને પણ દીનનો ઇલમ શીખવો. તેઓથી તમારૂં દીન પણ સણગારો.

૪૮ હજરત અસમા બીનતે ઓમેસ (રદી) નું વર્ણન.

આ બીબી સહાબી છે જ્યારે કાફિરોએ મક્કામાં મુસલમાનોને ઘણું દુઃખ આપ્યું તે વેળા ઘણા મુસલમાનો હબશ દેશમાં ગયાં હતા. તેમાં એવણ પણ હતાં. ફરી જ્યારે હજરત (સલ) મદીનામાં પધાર્યા તો તે સઘળા મુસલમાન મદીનામાં આવ્યા હતા. તેઓમાં એવણ પણ આવ્યાં હતાં. હજરતે (સલ) એમને ખુશ ખબરી આપી હતી કે તમે બે હિજરતો કરી છે, તમને ઘણો સવાબ થશે.

ફાયદો–જુવો, દીનને માટે કેવી રીતે ઘરથી બેઘર થયાં ત્યારેતો સવાબ લુંટયો. બીબીઓ ! જો દીનને માટે કંઇ મેહનત ઉપાડવી પડે તો તેથી ગભરાવું નહીં.

૪૯ હજરત હોજેફા (રદી) ની માનું વર્ણન.*

હજરત હોજેફા (રદી) સહાબી છે એવણ ફરમાવે છે કે, મારી માએ એકવાર મને પુછયું કે તમો હજરત (સલ) ની ખીજમતમાં કેટલા દિવસ ઉપર ગયા હતા? મેં બતાવ્યું કે આટલા દિવસ થયા. ત્યારે મને બુરૂં ભલું કહ્યું. મેં કહ્યું હમણા હું જઇશ અને મગરેબની નમાઝ તેવણનીજ સાથે પઢીશ અને તેવણને અરજ કરીશ, મારે માટે તથા તમારે માટે બખશીશની દોઆ કરે. ફરી હું ગયો અને મગરેબ પઢી ઇશા પઢી. જ્યારે ઇશા પઢી તેવણ ચાલ્યા હુંએ સાથ થયો. મારો અવાજ સાંભળી ફરમાવ્યું હોજેફા છે? મેં કહ્યું હા. ફરમાવ્યું શું કામ છે ! અલ્લાહ તમારી તથા તમારી માની બખશીશ કરે.

* તિરમિઝી શરીફ ઉપરથી.

ફાયદો-જુવો, કેવાં સારાં બીબી હતાં કે, પોતાની ઓલાદ માટે પણ ખિયાલ રાખતાં હતાં, કે હજરત (સલ) ની સેવામાં ગયા હતા કે નહીં. બીબીઓ ! તમો પણ પોતાની ઓલાદને તાકીદ કરતી રહો કે બુજરૂગોની પાસે જઇને બેસ્યા કરે. તેમનાથી દીનની વાત શીખ્યા કરે. સારી સંગતની બરકત મેળવ્યા કરે.

૫૦ હજરત ફાતેમા બીનતે ખત્તાબ(રદી) નું વર્ણન.*

આ હજરત ઓમર (રદી) ની બેહેન છે. તેવણ પ્રથમથી મુસલમાન થયાં છે. એમના ખાવિન્દ પણ સઇદ બીન ઝૈદ મુસલમાન થયા હતા. હજરત ઓમર (રદી) તે વખત સૂધી મુસલમાન થયા નહોતા. આ બંને હજરત ઓમર (રદી) ના ડરથી પોતાનું ઇસ્લામ પોશીદા રાખતાં હતાં. એક વેળા એમના કુરઆન પઢવાનો અવાજ હજરત ઓમરે (રદી) સાંભળ્યો અને એ બંને સાથે ઘણી સખતી કરી. પણ બન્હેવી તો પુરૂષ હતો એમની બેહેનની હિમ્મત જુવો, કે ખુલ્લી રીતે કહ્યું કે અમો બેશક મુસલમાન છીએ જોઇએ મારો જોઇએ છોડો. અને કુરઆન પઢવા લાગ્યાં. હજરત ઓમરે (રદી) કહ્યું મને પણ કુરઆન દેખાડો. બસ કુરઆનનું જોવું તથા તેને સાંભળવું હતું કે તરત ઇમાનનું નૂર તેમના દિલમાં પ્રવેશ થયું. અને હજરત (સલ) ની ખીજમતમાં હાજર થઇ મુસલમાન થયા.

ફાયદો-બીબીઓ ! તમને પણ દીન અને શરેઅની વાતોમાં એવાજ મજબુત થવું જોઇએ, એમ નહીં કે થોડા રૂપીયાને લીધે શરીઅત વિરૂદ્ધ કર્યું. સગાંઓ તથા નાત જાત વાળાઓના ખિયાલથી શરીઅત વિરૂદ્ધની રસમો કરવા લાગો નહિ. કોઇ વાત પણ શરીઅત વિરૂદ્ધ હોય તેની પાસે જાઓ નહીં.

૫૧ એક અનસારી સ્ત્રીનું વર્ણન.*

ઇબ્ને ઇસહાકથી રિવાયત છે કે હજરત (સલ) ની સાથે ઓહોદની લડાઇમાં એક અનસારી બીબીના ધણી બાપ ભાઇ સઘળા શહીદ થયા. જ્યારે તેણીએ સાંભળ્યું તો પ્રથમ આજ પૂછ્યું કે હજરત (સલ) ની શી હાલત છે ? લોકોએ કહ્યું ખૈરયતથી છે. તો કહેવા લાગી જ્યારે તેવણ સલામત છે તો પછી કોઇનો ગમ નથી.

ફાયદો-સુબહાનલ્લાહ હજરત (સલ) ની સાથે કેવી મોહબ્બત હતી? બીબીઓ ! જો તમને હજરત (સલ) સાથે મોહબ્બત કરવી હોય તો તેમની શરીઅતની પૂરેપૂરી તાબેદારી કરો. આથી પ્રીતી મેળવશો. અને મોહબ્બતને લીધે જંનતમાં હજરત (સલ) ની પાસે દરજ્જો મળશે.

૫૨ હજરત ઉમ્મે ફજલ લોબાબા બીનતે હારેસ (રદી)નું વર્ણન.×

આ અમારા હજરત પૈગમ્બર (સલ) ની કાકી છે અને હજરત અબ્બાસ (રદી) ની બીબી છે. અને અબદુલ્લાહ બીન અબ્બાસ (રદી) ની મા છે. કુરઆનમાં કહેવાયું છે કે જે મુસલમાન કાફિરોના દેશમાં રહેવાથી અલ્લાહની બંદગી નહીં કરી શકે તેને જોઇએ કે તે દેશ છોડીને કોઇ બીજી જગ્યા રહે. જો એમ નહીં કરશે તો તેને ઘણો ગુનોહ થશે. પણ જે બચ્ચાં અને સ્ત્રીઓ કે જેઓને બીજી જગ્યાનો માર્ગ જાણુમાં નહીં હોય અને એટલી હિમ્મત દિલેરી કરી શકતાં નહીં હોય તેઓ માફીમાં છે. તો હજરત ઇબ્ને અબ્બાસ (રદી) ફરમાવે છે કે આ નાહિમ્મતોમાં હું તથા મારી મા હતાં તેવણ સ્ત્રી હતાં અને હું બચ્ચું હતો.

ફાયદાઃ-જુવો આ એમની નૈયતની ખુબી

* ઈસતીઆબ વગેરે ઉપરથી.

* સીયરની કિતાબો ઉપરથી.

× અતરેથી સઘળી સહાબી સ્ત્રીઓનું વર્ણન સહાહ ઉપરથી.

હતી કે કાફિરોમાં રહેવાને દિલથી પસંદ ન-હતું. પણ લાચાર હતા. એજ માટે અલ્લાહ સાહેબની એમના ઉપર રહમત થઇ અને ગુ-નાહથી બચાવ્યાં. બીબીઓ ! તમો પણ દિલથી હમેશા દીનને માફક અમલ કરવાની પાકી નૈયત રાખ્યા કરો. ફરી તમારી લાચારી પણ માફ થવાની આશા છે. અને જો દિલથીજ દીનની વાતનો ઇરાદો નહી કર્યો તો ફરી ગુ-નાહોથી બચી શકતી નથી.

૫૩ હજરત ઉમ્મે સલીત (રદી) નું વર્ણન.

એકવાર હજરત ઓમર (રદી) મદી-નાની બીબીઓને કેટલીક ચાદરો વેહેંચી રહ્યા હતા. એક ચાદર રહી ગઇ તેને માટે તેવણે લોકોથી સલાહ લીધી કે આ કોને આપું? લોકોએ કહ્યું કે હજરત અલી (રદી) ની બેટી ઉમ્મે કુલસૂમને. જે આપનાં ધણિયાણી છે તેમને આપો. તેવણે કહ્યું કે નહી, પણ આ ઉમ્મે સલીતનો હક્ક છે. આ બીબી અ-નસારીયોમાંથી છે. અને હજરત (સલ) થી બેઅત કરી છે. હજરત ઓમરે (રદી) ફર-માવ્યુ કે ઓહોદની લડાઇમાં એમનો એવો હાલ હતો કે, મુસલમાનોના ખાવાપીવા માટે પાણીની મશકો ઉઠાવતાં હતાં. એવીજ રીતે એક બીબી હતાં ખૌલહ તેવણ રણમાં તલવાર લઇને લડતાં હતાં.

ફાયદો-જુવો, ખોદાના કામમાં કેવી હિમ્મત કરી હતી ? ત્યારે તો હજરત ઓમરે (રદી) આટલી કદર કરી. હવે તો એટલી હિમ્મત ઓછી થઇ છે કે નમાઝ પણ પાંચ વખતની ઠીક ઠીક પઢાતી નથી.

૫૪ હજરત હાલા બીનતે ખોવૈલેદ(રદી)નું વર્ણન.

આ અમારા હજરત પૈગમ્બર (સલ) નાં સાળી તથા હજરત ખદીજા (રદી) નાં બેહેન છે. એકવાર હજરત (સલ) ની ખીજમતમાં હાજર થયાં. અને દરવાજાની બહાર ઉભા રહીને આવવાનો હુકમ માંગ્યો. જો કે એમનો અવાજ એમની બેહેનના સરખો હતો માટે હજરત (સલ) ને હજરત ખદીજા (રદી) નો ખિયાલ લાવી ચોંકી ગયા. અને ફરમાવ્યું એ અલ્લાહ આતો હાલા છે.

ફાયદો-આ દોઆથી જણાયું કે હજરત (સલ) ને એમની સાથે મોહબ્બત હતી. એવણ સાળી હોવાથી સગાઇએ છે પણ તેવણની મોહબ્બતનું કારણ માત્ર દીનદારી છે. બીબીઓ! દીનદાર બનો. તમને પણ અલ્લાહ તથા રસૂલ ચાહવા લાગશે.

૫૫ હજરત હિન્દ બિનતે ઉતબહ (રદી) નું વર્ણન.

હજરત મોઆવિયહ (રદી) જે અમારા હજરત (સલ) ના સાળા છે. આ એમની મા છે. એવણે એકવાર અમારા હજરત (સલ) ને અરજ કરી કે મુસલમાન થવા પેહેલાં મારો આ હાલ હતો કે તમારાથી વધુ ધિક્કાર કોઇ નો ચાહતી નહોતી. અને હવે આ હાલ છે કે આપથી વધુ કોઇની ઇજ્જત ચાહતી નથી. હજરતે (સલ) ફરમાવ્યું કે મારો પણ એવોજ હાલ છે.

ફાયદો-આથી એક તો એમનું સાચાં થવું જણાયું. બીજું આ જણાયું કે હજરત (સલ) ની સાથે એમને મોહબ્બત હતી અને હજરતને એમની સાથે મોહબ્બત હતી. બીબીઓ તમો પણ સાચું બોલ્યા કરો. અને હજરત (સલ) ની મોહબ્બત રાખો. અને એવાં કામ કરો કે હજરતને તમારાથી મોહબ્બત થાએ.

૫૬ હજરત ઉમ્મે ખાલિદ (રદી)નું વર્ણન.

જ્યારે લોકો હબશમાં હિજરત કરીને ગયા હતા, તેઓમાં એવણ પણ હતાં. તે વખતમાં બચ્ચી હતાં. ત્યાંથી પાછાં ફરી જ્યારે મદી-નામાં આવ્યાં તો એમના બાપ હજરત (સલ) ની સેવામાં હાજર થયા. અને એવણ પણ સાથે હતાં. એક પીળો કુરતો પેહેરેલો હતો. હજરત (સલ) ની પાસે એક નાની ચાદર બુટી

વાળી હતી તે હજરતે(સલ) એમને ઓઢાવી. અને ફરમાવ્યું ઘણી સારી છે ઘણી સારી છે. ફરી આ દોઆ કરી, ઘસાઇ ઘસાઇને પુરાની થાએ. આ દોઆની આ મતલબ થાય છે કે તમારી ઓમર મોટી થાઓ. લોકોનું કહેવું છે કે જેટલી એમની ઓમર થઇ તેટલી અમે કોઇ સ્ત્રીની સાંભળી નહીં. લોકોમાં કહેવાતું હતું કે ફલાણી બીબીની આટલી ઘણી ઉમર છે. એવણ નાનાં તો હતાં જ તે વેળા હજરત (સલ) ની મોહરે નોબુવ્વતથી રમવા લાગ્યાં. બાપે ધમકાવ્યાં તો હજરતે (સલ) ફરમાવ્યું કે રહેવા દો કંઇ ફીકર નથી.

ફાયદો–એવણ ઘણાં સારી કિસમતનાં હતાં. બીબીઓ ! દીનની ચાદર તેજ નબીની ચાદર છે. કુરઆન શરીફમાં પરહેઝગારીને પોશાક કહ્યો છે. જો આ દોલતને લેવા ચાહતી હો તો પરહેઝગારી સ્વીકારો.

૫૭ હજરત સફીયા (રદી) નું વર્ણન.

આ અમારા પૈગમ્બર (સલ) નાં ફોઈ છે. જ્યારે હજરત (સલ) ના ચીચા હજરત હમઝા (રદી) ઓહોદની લડાઇમાં શહીદ થયા તો હજરતે ફરમાવ્યું, મને સફીયાના દુઃખનો ખિયાલ છે. નહીં તો હું દફન કરતે નહીં. દરિન્દા (ફાડીખાનાર જાનવર) ખાતે અને કિયામતમાં દરિન્દાઓના પેટમાંથી એવણ ઉઠતે.

ફાયદો–આથી જણાયું કે હજરત (સલ) ને એમનો ઘણો ખિયાલ હતો. જેથી પોતાની ઇચ્છાને એમની ખાતર છોડી. બીબીઓ ! આ ખિયાલ તેમની દીનદારીને લીધે હતો. તમો પણ દીનદાર બનો, કે જેથી તમો પણ એ લાએક થાઓ. કે ખોદાના પૈગમ્બર (સલ) તમારાથી પણ રાજી રહે.

૫૮ હજરત અબુલ હૈસમ (રદી) ની બીબીનું વર્ણન.

આ એક સહાબી છે. અમારા હજરત (સલ) ની એમના પર એવી મેહેરબાની હતી કે, એકવાર તેવણને ફાકો (ઘણીજ ભૂખલાગેલી) હતો. જ્યારે ભૂખની ઘણી સખતાઇ થઈ તો તેવણ એમને ઘેર બેધડક (બે તકલ્લોફ) પધાર્યા. એવણ ઘરમાં નહોતા મીઠું પાણી લેવા ગયા હતા. આ બીબીએ એમની ઘણી ખાતર કરી એટલામાં એવણ પણ આવી પડયા. તેવણ તેણીથી વધુ ખુશી થયા,અને દાવતની તૈયારી કરી.

ફાયદો–જો આ બીબીના ચોખ્ખા મામલા ઉપર તેવણને ભરોસો નહોત તો જ્યારે તેણીનો ખાવિન્દ ઘરમાં નહોતો તો તેવણ પાછા ફરતે. જણાય છે કે તેવણ જાણતા હતા કે આ પણ ઘણી ખુશી છે. કોઇનું પૈગમ્બરથી ખુશ થવું અને પૈગમ્બરનું કોઇને સારૂં સમજવું આ કંઇ ઓછી બુજરગી નથી. બીબીઓ ! હજરત (સલ) તે વખત મેમાન હતા. તમો પણ મેમાનોના આવવાથી ખુશી થયા કરો. દિલમાં તંગી કરો નહીં.

૫૯ હજરત અસમા બીનતે અબી બકર (રદી) નું વર્ણન.

આ અમારા પૈગમ્બર (સલ) નાં સાળી અને હજરત આએશા (રદી) નાં બેહેન છે. જ્યારે હજરત (સલ) હિજરત કરી મદીના શરીફ ચાલવા લાગ્યા ત્યારે જે ઝોળામાં નાશતો હતો તેને બાંધવા માટે કોઇ ચીજ નહીં મળી. ત્યારે એવણે તરત પોતાનો કમર બંધ વચ્ચેથી ચીરી નાખ્યો. એક તુકડાનો કમરબંધ રાખ્યો અને બીજા તુકડાથી નાશતો બાંધ્યો.

ફાયદો–આવી મોહબ્બત ઘણી દીનદારી વાળીને હોય છે. કે પોતાની આવી કામની વસ્તુને તેવણના સુખને માટે નુકસાનવાળી કરી. બીબીઓ ! દીનની મોહબ્બત એવીજ થવી જોઇએ કે તેના:સણુગારવામાં જો!દુન્યા બગડે તો કશી પરવા કરવી નહીં.

૬૦ હજરત ઉમ્મે રૂમાન (રદી) નું વર્ણન

આ અમારા હજરત (સલ) ની સાસુ તથા હજરત આએશા (રદી) ની:મા છે. હજરત આએશા (રદી) ઉપર એક મોનાફેકે તોબહ તોબહ તોહમત મુકયું હતું. જેમાં કેટલા ભોળા

તથા સીધા મુસલમાનો પણ ભેગા થયા હતા. અને હજરત (સલ) પણ તેઓથી કેટલુંક ચુપચાપ થયા હતા. ફરી અલ્લાહતઆલાએ હજરત આએશા (રદી) ની સફાઈ કુરઆનમાં ઉતારી અને હજરતે (સલ) એ આયતો પઢીને ઘરમાં સંભળાવી. તે વેળા હજરત ઉમ્મે રૂમાને હજરત આએશા (રદી)ને કહ્યું, ઉઠો અને હજરત (સલ) નો ઉપકાર માનો અને એથી આગળ પણ એજ હાલત હતી. અને જુવો તો એમને પોતાની દીકરીનો ભારે દાગ હતો, પણ શું બનવા જોગ છે કે, જરાએ વાત એવી કહી હોય જેમાં હજરત (સલ) ની રાવ નીકળતી હોય !

ફાયદો:–સ્ત્રીઓથી આવી બરદાશ અને સહન કરવું ઘણી તાજુબની વાત છે. નહીં તો એવા વખતમાં તો મોંથી કંઇને કંઇ નીકળી પડે છે. દાખલા તરીકે આટલુંજ કહેતે કે, અફસોસ ! મારી દીકરીથી વગર કારણે આટલા દીવસ ખેંચાયા. વિશેષ કરી જ્યારે પવિત્રતાઇ પ્રગટ થઇ તે વેળા તો અવસ્ય કંઈ ને કંઇ ગુસ્સો અને રંજ થતે. કે આવી પાક બાઇ ઉપર સન્દેહ હતો. પણ તેઓએ ઉલટું પોતાની દીકરીને દબાવી. અને હજરત (સલ) ની તરફદારી કરી. બીબીઓ ! તમારે પણ એવા રંજ અને તકરારને વખતે દીકરીને વધારવી નહીં તેણીની તરફેણુ કરી સાસરીયાઓથી લડો નહીં. આ કિસ્સામાં એક બીજી બીબીનું વર્ણન આવ્યું છે. જેનો દીકરો ભોળપણમાં તોહમત મુકનારાઓની સાથે ભેગો થયો હતો. તે બીબીએ એક મોકા ઉપર પોતાની દીકરાનેજ ઠપકો આપ્યો અને હજરત આએશા (રદી) ની તરફદાર રહી. આ બીબી ઉમ્મે મિસતહ કહેવાય છે. જુવો સત્યને તાબે થવું આનું નામ છે, કે દીકરાની વાતની તરફેણ કરી નહીં. પણ સાચી વાતની તરફેણમાં રહી અને દીકરાને બુરૂં કહ્યું.

૬૧ હજરત ઉમ્મે અતીયા (રદી)નું વર્ણન.

આ બીબી સહાબી છે. અને હજરત (સલ) ની સાથે ૭ લડાઇયોમાં ગયાં હતાં. અને ત્યાં બીમારો ઝખમીઓનો ઇલાજ તથા મલમ પટ્ટી કરતાં હતાં. અને હજરત (સલ) થી એટલી મોહોબ્બત હતી કે જ્યારે કદી એવણનું મુબારક નામ લેતાં તો સાથે આવી રીતે પણ જરૂર કહેતાં કે મારો બાપ એઓપર કુરબાન થાઓ.

ફાયદો–બીબીઓ દીનના કામોમાં હિમ્મત તથા હજરત રસૂલુલ્લાહ (સલ) સાથે એવીજ મોહબ્બત રાખો.

૬૨ હજરત બરીરા (રદી) નું વર્ણન.

એવણ એક શખસનાં લોંડી હતાં. ફરી એમને હજરત આએશાએ (રદી) ખરીદી આજાદ કર્યાં. એ એવણુનેજ ઘેર રહેતાં હતાં અને હજરત આએશા (રદી) ની તથા અમારા હજરત (સલ) ની ખીજમત કરતાં હતાં. એક વાર એમને માટે કોયેથી માંસ આવ્યું હતું. અમારા હજરતે (સલ) પોતે માગીને ખાધું હતું.

ફાયદો–હજરત (સલ) ની ખીજમત કરવી કેવી મોટી ખુશ કિસમતી છે ! અને એમની મોહબ્બત ઉપર હજરત (સલ) ને પૂરો ભરોસો હતો, ત્યારે તો તેમની ચીજ ખાધી. તેવણ સમજ્યા કે આ ખુશ થશે. બીબીઓ ! હજરત (સલ) ની ખીજમત આજ છે કે દીનની ખીજમત કરો. અને હજરત (સલ) ની સાથે આજ મોહબ્બત છે.

૬૩, ૬૪, ૬૫, ફાતેમા બીનતે અબી હોબેશ, હમના બીનતે અબી જહશ અને હજરત અબદુલ્લાહ બીન મસઉદની બીબી ઝેનબ (રદી) નું વર્ણન.

આ ત્રણે બીબીઓનું હજરત (સલ) ને મસલો પૂછવા આવવાનું વર્ણન હદીસોમાં છે. એજ માટે અમે ત્રણેનું નામ સાથે લખ્યું છે. આ સઘળાંનો હાલ એકસરખો છે. પેહેલી બીબીએ ઇસ્તિહાજાનો મસલો પૂછયો. બીજી

બીબી અમારા હજરતની સાળી તથા હજરત ઝૈનબની બેહેન છે. તેવણે પણ ઇસ્તિહાજાનો મસલો પૂછયો હતો. ત્રીજી બીબીએ સદકો આપવાનો મસલો પૂછયો હતો. અબ્દુલ્લાહ બીન મસઊદ એક મોટા સહાબી છે. આ તેમની બીબી છે.

ફાયદો–બીબીઓ! દીનનો શોખ એવો હોય છે. તમને પણ જે મસલો જાણુમાં નહીં હોય તેને પરહેઝગાર મૌલવીથી જરૂર પૂછી લો. જો કોઈ શરમની વાત હોય તો તે આલેમોની બીબીને કહો તે પૂછી લેશે.

હજરત (સલ) ની બીબીઓ દીકરીઓ પછી અહિંઆં સૂધી તે પચ્ચીસ સ્ત્રીઓનું વર્ણન થયું છે, જે હજરત (સલ) ના વખતમાં હતાં. બીજી પણ એવી ઘણી બીબીઓની હાલત કિતાબોમાં લખાઇ છે. પણ અમે આટલાજ કિસ્સા લખ્યા છે, કે કિતાબ મોટી થાય નહીં. હવે તે બીબીઓનું વર્ણન થાયછે જે હજરત (સલ) પછી થયાં છે.

૬૬ ઇમામ હાફેજ ઇબને અસાકેરની ઉસ્તાદ બીબીઓ*

આ ઇમામ હદીસ શરીફના મોટા આલિમ છે. જે ઉસ્તાદોથી એવણે આ ઇલમ હાસેલ કર્યો તેઓમાં એંસીથી વધુ સ્ત્રીઓ છે.

ફાયદો–આ એક વખત છે, કે સ્ત્રીઓ દીનનો ઇલમ સમ્પાદન કરી શાગીરદીને દરજે પણ પોહોંચતી નથી.

૬૭, ૬૮ હફીદ બીન ઝહરા–તબીબની બેહેન તથા ભાણજી.

આ એક મશહુર હકીમ છે. એમની બેહેન તથા ભાણજી હિકમત (વૈદું) સારી રીતે જાણુતાં હતાં અને ખલીફા મનસૂર એક બાદશાહ હતો તેના મેહેલોનો ઇલાજ એઓનેજ સોંપાયો હતો.

ફાયદો–આ વિદ્યા તો સ્ત્રીઓમાંથી તદન જતી રહી. આ વિદ્યામાં પણ જો સારી નિષ્ઠા હોય, લોભ તથા દગો નહીં કરે, કોઇ હરામ દવા નહીં ખવરાવે, અને દીનના કામોમાં ગફલત નહીં કરે તો ઘણો સવાબ છે. તથા લોકોનો ફાયદો છે. હમણા જાહેલ દાઇયો સ્ત્રીઓનો સત્યાનાશ કરે છે જો વિદ્યા હોત તો આ નબોદ કેમ વાળતે! જે સ્ત્રીઓના બાપ ભાઈ કે ધણી હકીમ છે તેઓ જો હિમ્મત કરે તો તેઓને આ ઇલમનું સમ્પાદન કરવું ઘણું સહેલું છે.

૬૯ ઇમામ યઝીદ બીન હારૂનની લોંડીનું વર્ણન.

એવણુ હદીસના મોટા ઇમામ છે. આખરી વયે એમની નજર નબળી પડી ગઇ હતી. જેથી કિતાબ જોઇ શકતા નહોતા. તેમની આ લોંડી તેમની મદદ કરતી. પોતે કિતાબો જોઈ હદીસો યાદ કરી એમને બતલાવ્યા કરતી હતી.

ફાયદો–સુબહાનલ્લાહ તે વખતમાં લોંડીયો બાંદીયો આલિમ થતી હતી અને હમણા બીબીઓ પણ ઘણું કરીને જાહેલ છે. ખોદાને માટે આ કલંક મટાડવો જોઇએ.

૭૦ ઇબને સમાક કુફીની લોંડી.

આ બુજરૂગ પોતાના વખતના મોટા આલિમ છે. એવણે એકવાર પોતાની લોંડીને પૂછયું કે મારી તકરીર (વિવેચન) કેવી છે? તેણીએ કહ્યું કે તકરીર તો સારી છે પણ આટલો દોષ છે કે એક વાતને ઘણીવાર કહોછો. તેવણે કહ્યું કે એક વાતને ઘણીવાર એટલા માટે કહું છું કે, ઓછી સમજના લોકો પણ સમજી જાય. તે કહેવા લાગી કે ઓછી સમજવાળા જ્યાં સુધીમાં સમજશે તેટલામાં સમજદારો ગભરાઇ જશે.

ફાયદો–કોઇ આલિમની તકરીરમાં આવી ઊંડી વાત સમજવી આલિમથીજ બની શકે છે. આથી જણાય છે કે, તે લોંડી પણ આ-

* અતરેથી કાજી ઝાદાની બેહેનનાં વર્ણન સુધી રિસાલા આલમાએ સલફ ઉપરથી.

લિમ હતી. બીબીઓ ! લોંડીઓથી તો ઘટેલી નહીં રહો. ઘણી કોશીશ કરીને ઇલમ હાસેલ કરો. ઘરમાં કોઇ પુરૂષ આલિમ હોય તો હિમ્મત કરીને અરબી પણ પઢો. ઇલમની પૂરી મજા એમાંજ છે. છોકરાઓ કરતાં તમને ઘણુ સેહેલ છે. કારણકે કમાવું પેદા કરવું તમારે નથી. નચિન્ત થઇ એમાંજ લાગેલી રહો. અને સીવવું પોરવવું આતો સપતાઓમાં શીખી શકોછો. સઘળી ઉમર શા માટે બરબાદ કરોછો?

૭૧ ઇબ્ને જોઝી (રહ)ની ફોઇનું વર્ણન.

આ બુજરૂગ મોટા આલિમ હતા. એમની ફોઇ એમને નાનપણમાં આલિમોની ભણુવા ભણાવવાની જગ્યામાં લઇ જાયા કરતી. નાનપણથીજ જે ઇલિમની વાત કાનમાં પડતી રહેતી. જેથી દસ વર્ષની ઉમરમાંજ એવા થયા કે આલિમોની તરેહ વઅજ કહેવા લાગ્યા.

ફાયદો—જુવો, પોતાની ઓલાદને ઇલિમ શીખવવાનો કેવો ખીયાલ હતો! તે ઘણી બુઢી હશે તેથી તે પોતે લઈ ગઇ. તમો આટલુંતો કરી શકોછો કે જ્યાંસુધી દીનનો ઇલમ નહીં પઢી લે ત્યાંસુધી અંગ્રેજીમાં ફસાઓ નહીં. બુરી સોહબત (સંગત) થી રોકો. એ પર ચેતવણી આપો. ધમકી આપો. મકતબમાં મદરસામાં જવાની તાકીદ કરો. હમણા તો આ હાલ છે કે પ્રથમ તો ભણાવવાનો શોખ નથી, અને જો છે, તો અંગ્રેજીનો કે મારો દીકરો મામલતદાર થશે, ડીપોટી બનશે. ફરી તે કિયામતમાં દોજખમાં જાય અને માબાપને પણ સાથે લઇ જાય તેની કશી પરવા નથી. યાદ રાખશો કે દીનનો ઇલમ સર્વથી શ્રેષ્ટ છે. એ નહી, તો કંઇએ નહીં.

૭૨ ઇમામ રબીઅતુર રાય (રહ)ની મા.

એવણ પણ મોટા વિદ્વાન થયા છે. ઇમામ માલિક તથા હસન બસરી (રહ) જેઓ સુર્યથી વધુ પ્રખ્યાત છે તે બંને આજ બુજરૂગના શાગીર્દ છે. એમના બાપનું નામ ફરૌખ હતું. બની ઓમૈયાના રાજ્યના વખતમાં તેવણ ફોજમાં નોકર હતા. બાદશાહી હુકમથી તેવણ ઘણી લડાઇઓમાં મોકલાયા હતા. તે વેળા એવણ પોતાની માના પેટમાં હતા. એમના બાપને એ સફરમાં સત્તાવીસ વર્ષ લાગ્યાં હતાં. એ વખતમાં એવણ જન્મ્યા અને આવા મોટા આલિમ પણ થયા. એમના બાપે ચાલતી વેળા પોતાની બીબીને ત્રીસ હજાર અશરફી આપી હતી. તે હિમ્મતવાન બાઇએ સઘળી અશરફીઓ એમના ભણાવવા ઉપર ખરચી. જ્યારે એમના બાપ સત્તાવીસ વર્ષ પછી પાછા ફર્યા તો બીબીને અશરફીઓની પૂછ કરી. તેવણે કહ્યું કે સઘળી સંભાળી રાખી છે. એ અરસા (વખત)માં હજરત રબીઅહ (રહ) મસજીદમાં જઇ હદીસો સંભળાવવામાં લાગેલા હતા. ફરૌખે જ્યારે આ મામલો પોતાની આંખે નીહાળ્યો કે મારો દીકરો એક જહાનનો પૈશવા (આગેવાન) બન્યો છે તો એમના હરખનો પાર રહ્યો નહીં. જ્યારે ઘેર આવ્યા તો બીબીએ પૂછયું બતાઓ ત્રીસ હજાર અશરફી ઘણી સારી છે અથવા આ નેઅમત ? તે બોલ્યા અશરફીઓ શી વિસાતની છે. ત્યારે તેણીએ કહ્યું મેં તે અશરફીઓને આ નેઅમતના મેળવવામાં ખરચી છે. તેવણ ઘણી ખુસીમાં કહેવા લાગ્યા ખોદાની કસમ તેં અશરફીઓને નકામી ખરચી નથી.

ફાયદો—જોયું, કેવી બીબીઓ હતી. દીનના ઇલમની કેવી કદર જાણુતી હતી, કે ત્રીસ હજાર અશરફી પોતાના દીકરાના ઇલમ હાસિલ કરવામાં ખરચી. બીબીઓ ! તમો પણ ખરચની પરવા કરો નહીં. કોઇ પણ રીતે ઓલાદને દીનનો ઇલમ હાસિલ કરાઓ.

૭૩, ૭૪ ઇમામ બોખારી (રહ) ની મા તથા બેહેન.

ઇમામ બોખારી (રહ) ની બરાબર હદીસનો કોઇ આલિમ થયો નથી. એમની ચઉદ વર્ષની ઉમર હતી કે એવણે ઇલિમ

હાસિલ કરવા માટે સફર કરી હતી. તો એમનો ખરચ એમની મા તથા બેહેને પોતાને માથે લીધો હતો.

ફાયદો–વારૂ મા તો એમ પણ ખરચ આપ્યા કરે છે, પણ બેહેનની સગાઇ માથે ખરચ લેવાની નથી, તો શામાટે પોતાને માથે લ્યો પણ જણાય છે કે, તે વખતની બીબી-ઓમાં ઇલમે દીનનું નામ લીધું કે પોતાનો માલ અસબાબ કુરબાન કરવા તૈયાર થવાનો ગુણ હતો. બીબીઓ ! તમારે પણ એવીજ થવું જોઇએ.

૭૫ કાજી જાદા રૂમીની બેહેન.

આ એક મોટા પ્રખ્યાત વિદ્વાન છે. જ્યારે રૂમના ઉસ્તાદોથી ઇલિમ મેળવી ચુકયા તો એમને બીજા દેશોના વિદ્વાનોથી ઇલમ મેળ-વવાનો શોખ થયો. અને છૂપી રીતે સફરની તૈયારી કરવી શરૂ કરી. જ્યારે એમની બેહે-નને જણાયું તો પોતાનું ઘણું ઘરેણું પોતાના ભાઇના સામાનમાં છૂપી રીતે મુકયું. અને તેવણુને પોતે પણ કહ્યું નહીં.

ફાયદો–કેવી સારી બીબીઓ હતી. એઓને નામની કંઇ ગરજ નહોતી. એમ ચાહતી કે, કોઇ પણ રીતે ઇલમ કાએમ રહે. બીબીઓ! ઇલમ કાએમ રાખવાની મદદ કરવી ઘણો સવાબ છે. દીનના મદરસાઓની જેમ બને તેમ મદદ કરવાનો ખીઆલ રાખો.

હજરત (સલ) ના વખતની બીબીઓ પછીની આ દશ સ્ત્રીઓના કિસ્સા વર્ણાયા જેઓને ઇલમ મેળવવાનો શોખ હતો. હવે ફકીરી તરફ દિલ લગાડનારી બીબીઓનો હાલ લખવામાં આવે છે.

૭૬ હજરત મોઆજા અદવીઆ (રહ) નું વર્ણન*

એમનો હાલ આશ્ચર્યલાયક હતો. જ્યારે દિવસ થતો તો કહેતાં કે, કદાપી આ તેજ દિવસ છે, જેમાં હું મરૂં અને સાંજસુધી સુતાં નહોતાં, કે કદાપી મોત વેળા ખોદાથી ગફલ-તમાં મરૂં. એવીજ રીતે રાત થતી તો સવાર સુધી નહીં સૂતાં અને એજ વાત કહેતાં, અને જો ઊંઘનું જોર થતું તો ઘરમાં દોડતાં ફરતાં અને પોતાના જીવને કહેતાં કે ઊંઘનો વખત આગળ આવે છે. મતલબ આ હતી કે, મર્યા પછી કિયામત સુધી સુજો. રાત દિવસમાં છસો નફલો પઢયા કરતાં હતાં કદી આસમાન તરફ નજર ઉઠાવતાં નહોતાં. જ્યારથી એમના ધણીનું મૃત્યુ થયું તે પછી બીછાને કદી સુતાં નથી. એવણુ હજરત આએશાહ (રદી) થી મળ્યાં છે. અને તેમનાથી હદીસો સાંભળી છે.

ફાયદો–બીબીઓ ખોદાની મોહબ્બત અને યાદ આવી રીતની થાય છે. જરા આંખો ખોલો (વિચારો.)

૭૭ હજરત રાબેઆ અદવીઆ (રહ) નું વર્ણન.

એવણુ ઘણું રડયાં કરતાં. જો દોજખનું વર્ણન સાંભળતાં તો બેહોશ થઈ જતાં, કોઇ કંઇ આપતું તો પાછું ફેરવતાં અને કહેતાં કે મને કંઇ આપવું નહીં જોઇએ. એંસી વર્ષની ઉમરમાં એમની એવી હાલત હતી કે, ચાલવામાં જણાતું હતું કે હમણા પડે હમણા પડે હમેશ કફન પોતાની આગળ રાખતાં. સિજદાની જગ્યા આંસુથી ભીજી જતી. એમની અજાએબ અજાએબ વાતો પ્રખ્યાત છે અને એમને રાબેઆ બસરીયા પણ કહે છે.

ફાયદો–બીબીઓ ! તમો પણ પોતાના દિલમાં ખોદાનો ડર અને મોતની યાદ ઉત્પન્ન કરો. જુવો એવણુ પણ આખર સ્ત્રીજ હતાં.

૭૮ હજરત માજેદહ કોરેશીયહ (રહી) નું વર્ણન.

એવણુ કહ્યા કરતાં હતાં કે, જે ડગલું ભરૂંછું, આ સમજું છું કે આને પછી મોતજ છે. અને ફરમાવતાં હતાં કે દુન્યાના રહેના-રાઓઉપર તાજુબ છે કે, સફર કરવાની ખબર

*અતરેથી તે હજરત નફીસા (રહ) ના વર્ણન સુધી તરજુમએ તબકાતે શઅરાની ઉપરથી.

અપાઇ છતાં ફરી એઓ એવા ગાફેલ છે કે જાણે કોઇએ સફર કરવાની ખબર સાંભળીજ નહીં. અહિઆંજ રહેનાર છે. અને તેવણુ ફરમાવતાં હતાં કે જંનતની કોઈ નેઅમત તથા ખોદાતઆલાની રજામન્દી વગરમેહનતે મળતી નથી.

ફાયદો-બીબીઓ! કેવી કામની નસીહતો છે? એને પોતાના દિલ ઉપર કોતરો અને તે પ્રમાણે વરતો.

૭૯ હજરત આએશાહ બીનતે જાફર સાદિક (રહ) નું વર્ણન.

એમની પદવી નાજ (લાડ) ની હતી. એવણુ આવી રીતે કહેતાં કે, જો મને દોજખમાં નાખશે તો હું સઘળાઓને કહીશ કે હું અલ્લાહને એક માનતી હતી; છતાં મને અજાબ કર્યો. સને ૧૪૫ હિજરીમાં એમનો ઇન્તિકાલ થયો અને બાબે કોરાફા મિસરમાં એમની કબર છે.

ફાયદો-બીબીઓ! આ મરતબો કોઇ કોઇને ભાગ્યે હોય છે. અને જેને થયો છે તેને સંપૂર્ણ તાબેદારીની બરકતથી થાયછે. એને સ્વીકારો અને યાદ રાખો કે, અલ્લાહને એક માનવું પૂરી રીતે આવી રીતે છે કે, ન કોઇને પૂજે અને ન કોઇથી આશા રાખે. ન કોઇથી ડરે, ન કોઇને ખુશ કરવાનો ખીયાલ હોય. ન કોઇના નારાજ થવાની પરવા, કોઇ સારૂં કહે ખુશ નહીં થાય, કોઇ બુરૂં કહે ગમ નહીં કરે. કોઈ દુઃખ આપે તો તે પર નજર કરે નહીં, એમ સમજે કે અલ્લાહને એમજ ગમ્યું હશે. હું તો બંદી છું, દરેક હાલતમાં રાજી રહેવું જોઇએ. તો જે શખ્સ એવી રીતે ખોદાને માનશે તેને દોજખ સાથે શો સંબંધ? આ બીબીની વાતનો આ મતલબ છે કે જાણે તે અલ્લાહને આવી રીતે એક માનવાની બુજરૂગી બયાન કરે છે.

૮૦ રબાહ કેસીની બીબી (રહ) નું વર્ણન.

આ સઘળી રાત ઇબાદત કરતાં જ્યારે એક પેહેર રાત જતી તો ધણીને કહેતાં કે ઉઠો. જો તે નહીં ઉઠતા તો ફરી થોડીવાર પછી તેઓ ઉઠાડતાં. ફરી આખરી રાતમાં કહેતાં ઓ રબાહ ઉઠો, રાત પૂરી થઇ છે અને તમો સુઈ રહ્યા છો. કદી ઝમીન ઉપર તરણુખલું ઉપાડીને કહેતાં કે ખોદાની કસમ મારી આગળ દુન્યા આથી પણુ બેકદરી છે. ઇશાની નમાઝ પઢી સારાં સારાં કપડાં પેહેરીને ખાવિન્દને પૂછતાં કે, તમને કંઇ ઇચ્છા છે? જો તેવણુ ના પાડતા તો તે કપડાં ઉતારી રાખતાં અને સવાર સુધી નફલોમાં લાગેલાં રહેતાં.

ફાયદો-બીબીઓ! તમે જોયું કે કેવી રીતે અલ્લાહતઆલાની ઇબાદત કરતાં હતાં. અને સાથે ધણીનું પણુ કેટલું હક અદા કરતાં હતાં અને ધણીને દીનનો પણુ શીખ આપતાં હતાં. આ સઘળાં કામો કરવાનાં છે.

૮૧ હજરત ફાતેમા નૈશાપૂરી (રહ) નું વર્ણન.

જુન્નુન મિસરી (રહ) જેવણુ એક મોટા કામિલ બુજરૂગ છે તેવણુ ફરમાવે છે કે, આ બીબીથી મને ફેજ (લાભ) પોહોંચ્યો છે. તે ફરમાવતાં કે, જે શખ્સ દરેક વખત અલ્લાહતઆલાનું ધ્યાન નહીં રાખશે તે ગુનાહના દરેક મેદાનમાં પડે છે. જે મોંમાં આવ્યું બકી દીધું. પણુ જે દરેક વખત અલ્લાહતઆલાનું ધ્યાન રાખે છે તે નકામી વાતોથી ગુંગો થાય છે. અને અલ્લાહતઆલાથી શરમ હયા કરે છે. અને હજરત બાયજીદ (રહ) કહે છે કે, મેં ફાતેમા બરાબર કોઈ સ્ત્રી જોઇ નથી. એમને કોઈ પણુ જગ્યાની ખબર આપી તો તે તેમને પ્રથમથી જણાયેલી હતી. સને ૨૨૩ હિજરીમાં મક્કા શરીફમાં ઉમરાના માર્ગમાં એમનો ઇન્તિકાલ થયો.

ફાયદો-જુઓ, ધ્યાન રાખવાની શું સારી વાત કહી છે! જો એને નીભાવ્યા કરોતો સઘળા ગુનાહોથી બચી જાઓ અને આ પણુ જણાયું કે આ બીબીને કશફ થતો હતો. જો કે આ કોઈ મોટો મરતબો નથી પણુ જો સારા માણસને થાય તો સારી વાત છે.

૮૨ હજરત રાબેઆ અથવા રાબેઆ શામીયા બીનતે ઈસમાઇલ (રહ) નું વર્ણન.

આ સઘળી રાત ઇબાદત કરતાં હતાં અને હમેશ રોઝો રાખતાં, અને કહેતાં કે જ્યારે હું અજાન સાંભળું છું તો કિયામતના દિવસનો પુકાર કરનાર ફિરસ્તો યાદ આવે છે. અને જ્યારે ગરમી જોઉંછું તો કિયામતની ગરમી યાદ આવે છે; અને એમના ધણી પણ ઇબ્ન અબીલ હવારી મોટા બુજરૂગ હતા. આ તેમને કહેતાં કે, મને તમારી સાથે ભાઇઓના જેવી મોહબ્બત છે. એનો અર્થ આ છે કે મને મનીચ્છા (નફસની ખાહિશ) નથી. અને તેવણ કહેતાં કે જ્યારે કોઇ ઇબાદતમાં લાગે છે તો અલ્લાહતઆલા તેની ઐબોની ખબર તેને આપે છે અને જ્યારે તેને પોતાની ઐબોની ખબર થાયછે તો ફરીને બીજાઓની ઐબોને જોતો નથી, અને કહેતાં હતાં કે હું જંનતને આવતાં જતાં જોઉંછું અને હુરો મને દેખાયછે.

ફાયદો–બીબીઓ ! ઇબાદત એને કહે છે, અને જુવો કે, તમો જે બીજાઓની ઐબોનો ધંધો લઇ બેઠીઓછો તેનો કેવો સારો ઉપાય બતાવ્યો છે કે પોતાની ઐબો જોયાં કરો; જેથી બીજા કોઇની ઐબ દેખાશેજ નહીં. અને આથી જણાયું છે કે, તેવણને કશફ પણ થતો હતો. કશફનો હાલ ઉપરના કિસ્સામાં આવ્યો છે.

૮૩ હજરત ઉમ્મે હારૂન (રહ) નું વર્ણન.

એમના ઉપર ખોદાનો ડર ઘણો વધેલો હતો અને ઘણી ઇબાદત કરતાં અને રૂખી રોટલી ખાતાં. અને કહેતાં કે રાતના આવ્યાથી મારો જીવ ખુશ થાયછે. અને જ્યારે દિવસ થાયછે તો હું શોકાતુર થાઉંછું. આખી રાત જાગતાં અને ત્રીસ વર્ષથી માથામાં તેલ નાંખતાં નહોતાં. પણ જ્યારે વાળ ઓળતાં તો સાફ અને ચીકણાં હોતાં. એકવાર બહાર નીકળ્યાં, કોઇ શખ્સે ખોદા જાણે કોઇને કહ્યું હશે પકડો. આ સાંભળતાં એમને કિયામત યાદ આવી અને બેહોશ થઇને પડયાં. એકવાર જંગલમાં સામેથી વાઘ આવ્યો તેવણે ફરમાવ્યું કે જો હું તારો ખોરાક છું તો મને ખા. તે પીઠ ફેરવીને ચાલતો થયો.

ફાયદો–સુબ્હાનલ્લાહ ખોદાની યાદમાં કેવાં ચુર હતાં અને ખોદાથી કેટલાં ડરતાં હતાં અને વાઘની વાત તે એમની કરામત છે. જેવો અમે કશફનો હાલ લખ્યો છે તેવોજ કરામતનો સમજો. બીબીઓ ! તમો પણ ખોદાની યાદ તથા ખોદાનો ભય દિલમાં ઉત્પન્ન કરો. આખર કિયામત પણ આવનાર છે. કંઇતો સામાન તૈયાર રાખો !

૮૪ હબીબ અજમીની બીબી હજરત અમરહનું વર્ણન.

આ સઘળી રાત ઇબાદત કરતાં જ્યારે આખર રાત થતી તો ખાવિન્દને કહેતાં, કાફલો આગળ વધી ગયો; તમો પાછળ સૂતા રહ્યા. એકવાર એમની આંખ દુ:ખવા આવી. કોઇએ પૂછ્યું તો કહેવા લાગ્યાં કે મારા દિલનું દરદ આથી પણ વધુ છે.

ફાયદો–બીબીઓ ! ખોદાની મોહબ્બતનું એવું દરદ ઉત્પન્ન કરો, કે તેની આગળ સઘળાં દરદ હલકાં થાય.

૮૫ હજરત અમતુલ જલીલ (રહ) નું વર્ણન.

આ મોટાં આબેદ તથા ઝાહેદ હતાં. એકવાર કેટલાક બુજરૂગોમાં વાદવિવાદ થયો કે, વલી કેવો થાયછે ? સર્વેએ કહ્યું કે, આઓ અમતુલ જલીલ (રહ) ને જઇને પૂછીએ. મતલબ કે તેમને પૂછ્યું, તેવણે ફરમાવ્યું કે વલીની કોઈ ઘડી એવી નથી, કે જેમાં તેને ખોદા સિવાય બીજો ધંધો હોય. જે કોઇ તેને બીજો ધંધો બતાવે તે જૂઠો છે.

ફાયદો–કેવા માનમરતબાનાં બીબી હતાં, કે બુજરૂગ મરદો તેમને એવી વાતો પૂછતા હતા; અને તેવણે પણ કેવી સાચી ઓળખ

બતાવી ? બીબીઓ ! તમો પણ એનો લોભ કરો, કે પોતાના સઘળા ધંધાથી વધુ ખોદાની યાદનો ધંધો રહે.

૮૬ હજરત ઓબેદહ બીનતે કેલાબ (રહ) નું વર્ણન.

માલિક બીન દીનાર એક મોટા બુજરૂગ હતા. તેમની ખીજમતમાં આ બીબી આવતાં જતાં હતાં. કેટલાક બુજરૂગ એમનો મરતબો રાબેઅહ–બસરીયહ (રહ) થી વધુ બતાવે છે. એક શખ્સથી એવણે સાંભળ્યું કે આદમી પૂરો મુત્તકી ત્યારે થાયછે, કે જ્યારે તેને ખોદા પાસે જવું સર્વ વસ્તુથી વધુ પ્યારૂં થાય. આ સાંભળી બેહોશ થઇને પડી ગયાં.

ફાયદો–ખોદા પાસે જવાનો કેવો શોખ હતો ? તેનું વર્ણન સાંભળતાં બેહોશી આવી. હવે આ હાલ છે કે, મોતનું નામ સાંભળવું પસંદ નથી, એનું કારણ માત્ર દુન્યાની મોહબ્બત છે, જેથી જવાને જીવ ચાહતો નથી. એને દિલથી કાઢશો ત્યારે ખોદાને ત્યાં જવાને જીવ ચાહશે.

૮૭ હજરત અશીરહ આબેદહ (રહ) નું વર્ણન.

એક દિવસે કેટલાક આબેદ લોક એમની પાસે આવ્યા અને કહ્યું કે અમારે માટે દોઆ કરો. તેવણે ફરમાવ્યું કે, હું એટલી ગુનેહગાર છું કે જો ગુનાહની સજામાં માણસ ગુંગો થતે તો હું વાત પણ કરી શકતે નહી. એટલે ગુંગી થતે. પણ દોઆ કરવી સુંનત છે માટે દોઆ કરૂં છું. ફરી સઘળાઓ માટે દોઆ કરી.

ફાયદો–જુવો, આવાં આબિદ ઝાહેદ હોવા છતાં પણ પોતાને એવાં આજીજ ગુનેહગાર સમજતાં હતાં. હવે આ હાલ છે કે, જરા બે ત્રણ તસબીહો પઢી કે પોતાને બુજરૂગ સમજવા લાગી. એ ખોદાને ઘણું નાપસંદ છે. દરેક હાલતમાં પોતાને સર્વથી ઘટેલી સમજો અને સાચું પણ છે. સેંકડો એબો દરેક હાલતમાં ભરેલી રહે છે, તો ઇબાદતની સાથે તેને પણ જુએ તો કદી મોટાઇનો વિચાર ઉત્પન્ન થાય નહીં.

૮૮ હજરત શાઅવાના (રહ) નું વર્ણન.

આ ઘણું રડતાં અને કહેતાં કે, હું ચાહું છું કે એટલું રડું કે આંસુ રહે નહી. ફરી રડતાં ખુન નીકળે તે એટલાં સુધી કે, બદનમાં ખુન રહે નહીં. એમની દાસી કહેતી કે જ્યારથી મેં એમને જોયાં એવો ફેજ થયો છે કે, કદી દુન્યાની રગબત મને થઇ નથી. અને કોઈ મુસલમાનને હલકો સમજ્યો નથી. હજરત ફોદેલ બીન અયાજ પ્રખ્યાત મોટા બુજરૂગ છે. તેઓ એમની પાસે જઇને દોઆ કારવતા.

ફાયદો–ખોદાના ડરથી અથવા મોહબ્બતથી રડવું એ મોટી દોલત છે. જો રડવું નહીં આવે તો રડવાની સુરતજ બનાવ્યા કરો. અલ્લાહ મીયાંને આજીજી ઉપર રહમ આવશે. અને જુવો, બુજરૂગો પાસે બેસવાથી કેવો ફેજ થાય છે ! જે તેવણની ખાદેમાએ બયાન કર્યો. તમો પણ સાચી સોહબત ઢુંઢયા કરો અને બુરા માણસથી બચતા રહો.

૮૯ હજરત આમેનહ રમલીયહ (રહ) નું વર્ણન.

બિશર બીન હારિસ એક બુજરૂગ છે. તે એમની જીયારત (મુલાકાતે) ને આવતા. એક વાર હજરત બિશર (રહ) માંદા પડ્યા તો એવણ તેમની બીમાર પૂરસીએ ગયાં. અહમદ બીન હમ્બલ જે મોટા ઈમામ છે તેવણ પણ ખબર લેવા આવ્યા હતા. તેમને જણાયું કે, આ આમેનહ (રહ) છે, રમલાથી આવ્યાં છે. ઈમામ અહમદે (રહ) બિશર (રહ) ને કહ્યું કે એમનાથી અમારે માટે દોઆ કરાઓ. બિશરે (રહ) દોઆ કરવા માટે આજ્ઞા કરી. તેવણે દોઆ કરી. ઓ અલ્લાહ ! બિશર અને અહમદ દોજખથી પનાહ ચાહે છે આ બંનેને પનાહ આપ. ઈમામ અહમદ (રહ) કહે છે કે રાતના એક રૂકો ઉપરથી પડયો. તેમાં બિ-

રિમઅલ્લાહ પછી લખેલું હતું કે અમે કબૂલ રાખ્યું અને અમારે ત્યાં બીજી નેઅમતો પણ છે.

ફાયદો–સુબ્હાનલ્લાહ ! કેવી દોઆ કબૂલ થઈ ! બીબીઓ ! આ સઘળી બરકત તાબેદારીની છે. જે ખોદાનો હુકમ પૂરો કરે છે, અલ્લાહતઆલા તેની માગણી સ્વીકારે છે. તો હુકમ માનવાની કોશીશ કરો.

૯૦ હજરત મનફુસા બીનતે ઝેદ બીન અબીલ ફવારેસ (રહ)નું વર્ણન.

જ્યારે એમનું બચ્ચું મરતું તો તેનું માથું ખોળામાં લઇને કહેતાં કે, તારૂં મારાથી આગળ જવું મારે પાછળ રહેવા કરતાં સારૂં છે. મતલબ આ છે કે, તું આગળ જઇને મને બખશાવશે અને પોતે પણ બખશાશે, પણ જો મારી પાછળ જીવતું રહેતે તો તું પણ સેંકડો ગુનાહ કરતે. અને ખોદા જાણે બખશાવવાને લાએક રહેતે અથવા નહીં. અને તેવણ ફરમાવતાં કે મારી બેચેની કરતાં સબર બેહતર છે. અને ફરમાવતાં કે અગર જો જુદાઇનો અફસોસ છે, પણ તેથી સવાબની ખુશી ઘણી છે.

ફાયદો–બીબીઓ ! કોઈના મરવાના વખતમાં જો એવીજ વાતો કહીને જીવને સમજાવ્યા કરશો તો ઈનશાઅલ્લાહ બસ છે.

૯૧ હજરત સૈયેદહ નફીસા બીનતે હસન બીન ઝેદ બીન હસન બીન અલી (રદી) નું વર્ણન.

આ અમારા હજરત (સલ)ના ખાનદાનથી છે. કારણ કે હજરત અલી (રદી) ના પોત્ર ઝૈદની આ પોત્રી છે. સને ૧૪૫ માં મક્કામાં જન્મ્યાં. ઇબાદતમાંજ ઉછર્યાં. ઇમામ શાફેઈ (રહ) ઘણા મોટા ઈમામ છે. જ્યારે તેવણ મીસરમાં આવ્યા તો આ બીબી પાસે આવ જા કરતા હતા.

ફાયદો–ઇલમ અને બુજરૂગી તે વસ્તુ છે કે, આટલા મોટા ઇમામ તેમની ખીજમતમાં આવતા હતા. તમો પણ દીનનો ઇલમ હાસિલ કરો અને તે પર અમલ કરો, કે જેથી બુજરૂગી મળે.

૯૨ હજરત મૈમુના સૌદા (રહ) નું વર્ણન.*

અબદુલ વાહેદ બીન ઝેદ એક બુજરગ છે. તેવણે બયાન કર્યું છે કે, મેં અલ્લાહથી દોઆ કરી કે ઓ અલ્લાહ ! જંનતમાં જે મારો રફીક થશે તે મને દેખાડ હુકમ થયો કે, તારો રફીક જંનતમાં મૈમુના સૌદા (રહ) છે. મેં પૂછ્યું તે કયાં છે ? જવાબ મળ્યો કે, કુફામાં છે, ફલાણા કબીલામાં. મેં ત્યાં જઇને પૂછ્યું. લોકોએ કહ્યું તે ગાંડી છે પણ બકરીઓ ચરાવે છે. હું જંગલમાં ગયો તો જોઊંછું કે ઊભાં ઊભાં નમાઝ પઢે છે. અને બકરાં અને વરૂ એક જગ્યા ભેગાં મળીને ચાલ્યાં ફરે છે. જ્યારે સલામ ફેરવી તો ફરમાવ્યું કે ઓ અબદુલ વાહેદ ! હમણા જાઓ ! મળવાનો વાયદો જંનતમાં છે. મને તાજુબ થઈ કે મારૂં નામ કેવી રીતે જણાયું ? તેવણ કહેવા લાગ્યાં તમને ખબર નથી ? જે રૂહોમાં ત્યાં જાણપેહેચાન થઇ ચુકી છે તેમાં ઉલફત થાયછે. મેં કહ્યું કે હું વરૂને અને બકરીઓને એક જગ્યા જોઊં છું એનું શું કારણ છે ? તેવણ કહેવા લાગ્યાં જાઓ પોતાનું કામ કરો. મેં પોતાનો મામલો અલ્લાહતઆલાથી ઠીક કર્યો છે. અલ્લાહ તઆલાએ મારી બકરીઓનો મામલો વરૂ સાથે ઠીક કર્યો.

ફાયદો–આ બીબીના કશફ તથા કરામત બંને આથી જણાય છે. આ સઘળી બરકત પૂરી તાબેદારી બજાવવાની છે. બીબીઓ ! ખોદાની તાબેદારીમાં તૈયાર થાઓ.

૯૩ હજરત રૈહાનહ મજનૂનહ (રહ) નું વર્ણન.

અબુર રબીઅ એક બુજરૂગ છે. તેવણ કહેછે કે, હું તથા મોહમ્મદ બીન મુનકદેર

*આ બીબીના વર્ણનથી તે છેવટ સુધી રિયાજુર રિયાહીમ ઉપરથી.

અને સાબિત બોનાની કે આ બંને પણ બુજરૂગ છે. એકવાર સઘળા મળીને રેહાના (રહ) ને ઘેર મેમાન થયા. તેવણ અડધી રાતથી આગળ ઉઠયાં અને કહેવા લાગ્યાં કે ઇચ્છક (ચાહનારી) પોતાના પ્યારાની તરફ જાય છે. અને ખુશીને લીધે દિલનો આ હાલ છે કે નીકળવા ચાહે છે. જ્યારે અડધી રાત થઇ કહેવા લાગ્યાં એવી વસ્તુથી જીવ લગાડવો નહીં જોઇએ, કે જેના જોવાથી ખોદાની યાદમાં ફેર પડે. અને રાત્રીએ ઈબાદતમાં ઘણી મેહનત કરવી જોઇએ, ત્યારે આદમી ખોદાનો દોસ્ત બને છે. જ્યારે રાત પૂરી થઇ, તો બુમો પાડવા લાગ્યાં હાય, હું લુટાઇ ગઇ છું. મેં કહ્યું શું થયું ? કહેવા લાગ્યાં રાત જતી રહી. જેમાં ખોદાની સાથે સારી રીતે જીવ લગાડવામાં આવે છે.

ફાયદો–જુવો રાતની એમને કેવી કદર હતી! અને જેને ઇબાદતની મજા જોઈતી હશે તેને રાતની કદર થશે. બીબીઓ ! તમો પણ પોતાનો રાતનો થોડો ભાગ પોતાની ઇબાદત માટે ઠેરવો. અને જુઓ ખોદાવગર કોઇથી જીવ લગાડવાની બુરાઇ તેવણે કરી. તમો પણ માલ અસબાબ, પોશાક ઘરેણાં, ઓલાદ જાયદાદ, વાંસણ અને ઘરથી જીવ લગાડો નહીં.

૯૪ હજરત સરી સકતી (રહ) ની એક મુરીદનીનું વર્ણન.

આ બુજરૂગનો એક મુરીદ બયાન કરે છે કે, અમારા પીરની એક મુરદની હતી. તેણીનો છોકરો મકતબમાં પઢતો હતો. ઉસતાદે તેને કોઇ કામે મોકલ્યો. તે કેથે પાણીમાં જઇને પડયો અને ડુબી મર્યો. ઉસ્તાદને ખબર થઈ. તેણે હજરત સરી સકતી (રહ)ને પાસે જઇને ખબર કરી. તેવણ ઉઠીને તે મોરીદનીને ઘેર ગયા અને સબર કરવાની આજ્ઞા કરી. તે મોરીદની કહેવા લાગી. હજરત ! તમો સબર વિષેની આજ્ઞા શામાટે ફરમાવો છો ? તેવણે ફરમાવ્યું કે તારો દીકરો ડુબીને મર્યો છે. તે તાજુબ થઇને કહેવા લાગી મારો દીકરો ? તેવણે કહ્યું હા, તારો દીકરો. તે કહેવા લાગી મારો દીકરો કદી ડુબ્યો નથી. અને આ કહીને ઉઠી અને તે જગ્યા જઈ દીકરાનું નામ લઇને પુકાર્યો. ઓ મોહમ્મદ ! તેણે જવાબ આપ્યો કે, કેમ મા! અને પાણીથી જીવતો નીકળીને ચાલ્યો આવ્યો. હજરત સરીએ (રહ) હજરત જોનેદ (રહ) ને પૂછયું કે આ શી વાત છે ! તેવણે ફરમાવ્યું કે આ સ્ત્રીની એક ખાસ પદવી છે અને મરતબો છે, કે એના પર જે મુસીબત આવનારી હોયછે તેની એને ખબર થાયછે અને આ બાબતની ખબર થઈ નહોતી. જેથી તેણીએ કહ્યું કે કદી એવું બન્યું નથી.

ફાયદો–દરેક વલીને જુદો મરતબો મળે છે. આથી કોઈ એમ સમજે નહીં કે જે વલીને પ્રથમથી જણાયું નહીં હોય કે મારા પર શું બનાવ બનવાનો છે તેનાથી આ દરજ્જો મોટો છે. અલ્લાહતઆલાને અખત્યાર છે. જેને સાથે જે વરતાવ ચાહે તેવો રાખે, પણ તોએ મોટી કરામત છે. અને આ સઘળી બરકત અલ્લાહ અને રસૂલની તાબેદારી કરવાની છે. એમાં કોશીશ કરવી જોઇએ. ફરી અલ્લાહતઆલા ચાહે તો આજ પદવી આપે. ચાહે આથી મોટી પદવી આપે.

૯૫ હજરત તોહફહ (રહ) નું વર્ણન.

હજરત સરી સકતી (રહ) નું બયાન છે કે. હું એકવાર દવાખાનામાં ગયો. જોઉંછું કે એક જુવાન છોકરી સાંકળમાં બંધાયેલી રડી રહેલી છે, અને મોહબ્બતની શેઅરો પઢી રહી છે. મેં ત્યાંના રખેવાલને પૂછયું. તે કહેવા લાગ્યો આ ગાંડી છે. આ સાંભળી તે વળી રડી અને કહેવા લાગી હું ગાંડી નથી, હુંતો આશિક છું. મેં પૂછયું કોની આશિક છે? તે કહેવા લાગી જેણે અમને નેઅમતો આપી અને જે દરેક વખત અમારી પાસે છે એટલે અલ્લાહતઆલાની. એટલામાં તેણીનો માલિક આવ્યો અને રખેવાલને પૂછયું, તોહફહ

ક્યાં છે? તેણે કહ્યું અંદર છે અને હજરત સરી સકતી તેણીની પાસે છે. તેણે મારી તાજીમ કરી ત્યારે મેં કહ્યું આ છોકરી મારાથી વધુ તાજીમ આપવાને લાએક છે અને તેં એનો આ હાલ શામાટે કર્યો છે? તે કહેવા લાગ્યો મારી સઘળી દોલત એમાં ખપી ગઈ છે. વીસ હઝાર રૂપીયાની મારી ખરીદ છે. મને આશા હતી કે, ઘણા નફાથી વેચીશ પણ આ નહીં ખાએ છે, નહીં પીએ છે. રાત દિવસ રડ્યા કરે છે. મેં કહ્યું મારે હાથે એને વેચ. તે કહેવા લાગ્યો તમો ફકીર માણસ છો, એટલા રૂપીયા ક્યાંથી આપશો?. મેં ઘેર જઇને ઘણું રડીને દોઆ કરી. એટલામાં એક શખ્સે મારો દરવાજો ઠોકયો. જઇને શું જોઉં છું કે, એક શખ્સ રૂપીઆઓની ઘણી થેલીઓ લઇને ઉભો છે. મેં કહ્યું તું કોણ છે? તે કહેવા લાગ્યો હું અહમદ બીન મોસન્ના છું. મને ખાબમાં હુકમ થયો છે કે, આપની પાસે રૂપીઆ લાઉં. હું ખુશી થયો. અને સવારના દવાખાનામાં પોહોંચ્યો. એટલામાં તેણીનો માલિક પણ રડતો આવ્યો. મેં કહ્યું તું શોકાતુર નહીં થા. હું રૂપીઆ લાવ્યો છું. બેવડા નફા સુધી જો માંગશે તો આપીશ. તે કહેવા લાગ્યો જો સઘળી દુન્યા પણ મળે તો મારે વેચવી નથી. હું એને અલ્લાહને માટે આજાદ કરૂં છું. મેં કહ્યું આ શી વાત છે? તે કહેવા લાગ્યો કે, સ્વપ્નામાં મારાપર ગુસ્સો થયો છે. અને તમો શાક્ષી થાઓ. મેં સઘળો માલ અલ્લાહના માર્ગમાં છોડ્યો. હું જોઉંછું કે અહમદ બીન મોસન્ના પણ રડી રહ્યો છે. મેં કહ્યું તને શું થયું? તે કહેવા લાગ્યો હું પણ સઘળો માલ અલ્લાહના માર્ગમાં ખૈરાત કરૂં છું. મેં કહ્યું બીબી તોહફાની કેવી બરકત છે, કે આટલા માણસોને હિદાયત થઇ. તોહફા ત્યાંથી ઉઠયાં અને રડતાં રડતાં ચાલ્યાં. અમો પણ સાથે ચાલ્યા. થોડે આઘે જઇને ખોદા જાણે તે ક્યાં જતી રહી? અને અમે સઘળા મક્કે ચાલ્યા. અહમદ બીન મોસન્નાનો તો માર્ગમાં ઇન્તેકાલ થયો, અને હું તથા તે માલિક મક્કે પોહોંચ્યા. અમો તવાફ કરતા હતા તેવામાં એક દુઃખી અવાજ સાંભળ્યો. પાસે જઇને પૂછ્યું તું કોણ છે? તે કહેવા લાગ્યાં સુબ્હાનલ્લાહ! ભૂલી ગયા? હું તોહફા છું. મેં કહ્યું કહો શું શું મળ્યું! તે કહેવા લાગ્યાં કે, પોતાને સાથે મારો જીવ લગાડ્યો છે અને બીજાઓથી છોડવ્યો છે. મેં કહ્યું અહમદ બીન મોસન્ના (રહ) નો ઇન્તેકાલ થયો છે. તે કહેવા લાગ્યાં તેને મોટા મોટા દરજા મળ્યા છે. મેં કહ્યું તમારો માલિક પણ આવ્યો છે. તેવણે કંઇ છાની રીતે કહ્યું જોઉંછું કે મરેલાં છે. માલિકે જ્યારે આ બનાવ જોયો, બે અખત્યાર થઇને પડી ગયો. તેને હલાવીને જોયું તો મુરદું છે. મેં બંનેને કફન દઇને દફનાવ્યા.

ફાયદો—સુબ્હાનલ્લાહ કેવાં અલ્લાહનાં આશિક હતાં? બીબીઓ! એવી વાતનો લોભ કરો. આ કિસ્સાને અમારા મુરશેદ હજરત હાજી ઇમદાદુલ્લાહ મોહાજેરે મક્કા કુદ્દેસ સિર્રોહુએ (રહ) પોતાની કિતાબ તોહફતુલ ઉશ્શાકમાં વધુ ખુલાસાથી લખ્યો છે.

૯૬ હજરત જોવૈરહ (રહ) નું વર્ણન.

આ એક બાદશાહનાં લોંડી હતાં. તે બાદશાહે આજાદ કર્યાં હતાં. તે પછી અબુ અબદુલ્લાહ તોરાબી એક બુજર્ગ છે. તેમની ઇબાદત જોઇ તેમનાથી નિકાહ કર્યો હતો. અને ઇબાદત કર્યા કરતાં હતાં. એકવાર સ્વપ્નામાં મોટા મોટા સારા તંબુ લાગેલા જોયાં. પૂછ્યું આ કોને માટે છે? જણાયુ કે તહજ્જોદમાં જે લોકો કુરઆન પઢે છે તેઓને માટે. તે પછી રાતનું સુવું તજ્યું. અને ધણીને કહેતાં કે કાફલો ચાલ્યો ગયો.

ફાયદો—બીબીઓ! પોતે પણ ઇબાદત કરો અને ખાવિન્દને પણ સમજાવ્યા કરો.

૯૭ હજરતશાહ બીન શોજાઅ કીરમાની (રહ) ની દીકરીનું વર્ણન.

આ બુજરૂગ બાદશાહી છોડી ફકીર થયા હતા. એમની એક દીકરી હતાં. એક બાદશાહે માંગુ મોકલ્યું તે સ્વીકાર્યું નહીં. અને એક ગરીબ નેકબખ્ત છોકરાને સારી રીતે નમાઝ પઢતાં જોઇ તેની સાથે નિકાહ કરી આપ્યો. જ્યારે તે ધણીને ઘેર વલાવવામાં આવ્યાં તો એક સુકી રોટલી ઘડા ઉપર ઢાંકેલી જોઇને પૂછ્યું આ શું છે ? છોકરાએ ઉત્તર આપ્યો કે, આ રાતની બચેલી છે. રોઝો ખોલવા માટે રાખી છે. આ સાંભળી તે પાછલા પગે હઠયાં. છોકરાએ કહ્યું હું પ્રથમથી જાણુતો હતો કે વારૂં બાદશાહની દીકરી મારા ગરીબ ઉપર કયારે રાજી થશે? તે બોલી બાદશાહની દીકરી ગરીબીથી નારાજ નથી, પણુ તે આથી નારાજ છે કે, તમને ખોદા ઉપર ભરોસો નથી. અને મને બાપથી તાજ્જુબ આવે છે કે, તેવણે મને એમ કહ્યું હતું કે એક નેકબખ્ત જુવાન છે, પણુ જેને ખોદાપર ભરોસો નહીં તે નેકબખ્ત કેવો! તે જુવાન ઉજર કરવા લાગ્યો (કારણુ બયાન કરવા લાગ્યો.) તે બોલી ઉજરને હું જાણુતી નથી. કાંતો ઘરમાં હું રહીશ, કાંતો આ રોટલી રહેશે. તે જુવાને તરત તે રોટલી ખૈરાત કરી ત્યારે તે ઘરમાં બેઠાં.

ફાયદો—આ પણુ સ્ત્રી હતી. તમો કંઇતો સબર શીખો અને માલ અસબાબનો લોભ ઓછો કરો.

૯૮ હજરત હાતિમ અસમ્મ (રહ) ની એક નાની દીકરીનું વર્ણન.

આ એક મોટા બુજરૂગ છે. કોઇ અમીર જતો હતો તેને તરસ લાગી. એમનું ઘર માર્ગમાં હતું. પાણી માગ્યું. અને જ્યારે પી રહ્યો ત્યારે કંઇ નગદી ફેંકીને ચાલતો થયો. આ સઘળાઓનો તવક્કોલ ઉપર ગુજારો હતો. સઘળાં ખુશ થયાં. અને એમના ઘરમાં એક નાની દીકરી હતી તે રડવા લાગી. ઘરવાળાંઓએ પૂછ્યું તો કહેવા લાગી કે, એક નાચીજ બંદાએ અમારો હાલ જોયો તો અમે ગની (તાલેવાન) થયાં, અને અલ્લાહતઆલા તો અમને હરવખ્ત જુવે છે. અફસોસ! અમો પોતાનું દિલ ગની રાખતા નથી.

ફાયદો—કેવી સમજદાર છોકરી હતી! અફસોસ કે, હમણુા મોટી બુઢીઓને પણુ આટલી બુદ્ધિ નથી. ખોદાપર નજર રાખતી નથી અને લોકોપર નજર રાખ્યા કરે છે, કે ફલાણુાથી કંઇ લાભ થશે, ફલાણો મદદ કરશે. ખોદાવાસતે દિલને ઠીક કરો.

૯૯ હજરત સિત્તુલ મોલુક (રહ) નું વર્ણન.

આ પશ્ચિમ દેશના રહેનાર હતાં. એમના વખતના સઘળા વલી તથા આલિમો એમને માન આપતા હતા. એકવાર બૈતુલ મોકદ્દસની ઝીયારત માટે એવણુ આવ્યાં હતાં. તે વખતમાં ત્યાં અલી બીન અલબસ યમાની નામના બુજરૂગ હતા. તેમનું કહેવું છે કે, હું તેજ મસજીદમાં હતો. મેં જોયું કે આસમાનથી મસજીદના ગુમ્બજ સુધી નૂરનો એક તાર બંધાયો છે. મેં જઈ જોયું તો તે ગુમ્બજને નીચે આ બીબી નમાઝ પઢે છે. અને તે તાર એમનાથી મળેલો છે.

ફાયદો—આ નૂર પરહેજગારીનું હતું. સર્વ પરહેજગારોના દિલમાં આ ઉત્પન્ન થાયછે; પણુ કદી જાહેરમાં પણુ અલ્લાહ દેખાડે છે. પણુ એ નૂરની જગ્યા દિલ છે. બીબીઓ ! પરહેજગારી સ્વીકારો, નેક કામો હમેશ કર્યા કરો અને જે વસ્તુની મનાઈ છે તેથી બચો.

૧૦૦ અબુ આમિર વાએજની લોંડીનું વર્ણન.

એમનું કહેવું છે કે મેં એક લોંડીને ઘણીજ નિર્જીવ કીંમતમાં વેચાતાં જોઈ. જેનો રંગ પીળો થયો હતો અને પેટ પીઠ વળગી

ગયાં હતાં અને મેલથી વાળ ચોંટી ગયા હતા. મને તેનાપર મેહેર આવી મેં તેણીને ખરીદી. તેણીને કહ્યું બજારમાં જઇને રમજાનનો સામાન ખરીદી લાવ. તે કહેવા લાગી ખોદાનો ઉપકાર છે. મારે માટે બારે મહીના બરાબર છે. તે દિવસના હમેશાં રોઝો રાખતી અને રાતના ઇબાદત કરતી. જ્યારે ઇદ આવી ત્યારે મેં તેણી માટે સામાન ખરીદવાનો વિચાર કર્યો. તે કહેવા લાગી તમારા મિઝાજમાં દુન્યાનો બખેડો છે, ફરી પોતાની નમાઝમાં લાગી ગઇ. એક આયત પઢી જેમાં દોઝખનું વર્ણન હતું. ફરી એક ચીંખ મારીને પડી અને મરી ગઈ.

ફાયદો-જુવો ખોદાનો ખોફ આવો થાય છે. ખૈર ! આવો હાલ પોતાની શકિતથી બહાર છે, પણ આટલું તો જરૂર થવું જોઇએ કે ગુનાહથી રોકાયેલી રહે. ફરી તે ગમે તે રીતનો ગુનોહ હોય. હાથ પગનો હોય અથવા દિલનો કે જીભનો હોય.

આ ભાગમાં કુલ્લે સો નેક બીબીઓના કિસ્સા વર્ણાયા. તે આવી રીતે કે પ્રથમની ઉમ્મતોની બીબીઓના પચ્ચીસ (૨૫) અને હજરત (સલ) ની બીબીઓ દીકરીઓના પંદર (૧૫) અને હજરત (સલ) ના વખતની બીબીઓના પચ્ચીસ (૨૫) અને હજરત (સલ) ના વખત પછીની બીબીઓમાં ઇલમવાળી બીબીઓના દસ (૧૦) અને દરવેશ બીબીઓના પચ્ચીસ (૨૫) આ સઘળા મળી સો થયા. કીતાબોમાં બીજા પણ ઘણા કિસ્સા છે, પણ નસીહત માનનારીઓને માટે આટલા ઘણા છે.

નેક બીબીઓનો સ્વભાવ, પ્રશંસા, અને મરતબા-કુરઆન તથા હદીસ ઉપરથી.

અહિં સુધી નેક બીબીઓના સો કિસ્સા લખ્યા છે. અને આ કિસ્સાઓથી મુળ મતલબ સારા સ્વભાવનું બતાવવું છે. જેથી મુનાસેબ જણાય છે કે, કેટલીક આયતો અને હદીસોનો તરજુમો સાર રૂપી લખવામાં આવે, જેમાં અલ્લાહે રસુલે નેક બીબીઓનો સારો સ્વભાવ પ્રશંસા અને દરજા બયાન કર્યા છે. કારણ કે જ્યારે નેક બીબીઓને ખબર પડશે કે આમાં તો ખાસ અમારૂંજ બયાન કર્યું છે તો તેથી તેમનું દિલ ઘણું વધશે અને નેક કામોનો વધુ શોખ ઉત્પન્ન થશે અને મુશકેલ વાત આસાન થશે.

આયતોનું મજમુન.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું જે સ્ત્રીઓ એવી છે કે ઇસ્લામનાં કામ કરે છે એટલે નમાઝ રોઝા હમેશ કરતી જાયછે ગુનાહ સવાબના કામોનો ખિયાલ રાખે છે. અને જે ઇમાન દુરૂસ્ત રાખે છે એટલે હદીસ કુરઆનને વિરૂદ્ધ કોઈ વાતમાં પોતાનું દિલ જમાવતી નથી. અને જે સ્ત્રીઓ તાબેદારીથી રહે છે, એટલે શેખી કરતી નથી, અને જે સ્ત્રીઓ ખૈરાત ઝકાત આપે છે અને જે સ્ત્રીઓ રોઝહ રાખે છે અને જે સ્ત્રીઓ પોતાની ઇજ્જત આબરૂ બચાવે છે એટલે કોઇની આગળ આવવાથી તથા કોઇને અવાજ સંભળાવવાથી તથા શરીઅત વિરૂદ્ધ કપડાં પેહેરવાથી, તથા વગર જરૂરતે કોઇથી હસવા બોલવાથી તથા દરેક તરેહની બેશરમીથી પરહેઝ રાખે છે. અને જે સ્ત્રીઓ અલ્લાહની ઘણી યાદ કરે છે એટલે દિલથી તેનું ધ્યાન રાખે છે તથા જબાનથી પણ તેનું નામ લ્યા કરે છે એવી સ્ત્રીઓ માટે અલ્લાહતઆલાએ પોતાની બખશીશ તથા મોટો સવાબ તૈયાર રાખ્યો છે.

૨ અને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું જે નેક બખ્ત સ્ત્રીઓ હોયછે તેમાં આ વાતો હોયછે કે તે તાબેદાર હોય છે અને ધણી ઘરમાં નહીં પણ હોય તોએ પોતાની આબરૂનો બચાવ રાખે છે.

૩ અને અલ્લાહતઆલાએ ફરમાવ્યું આ

બીબીઓ સારી છે જે શરીઅતના કામોના બંધનમાં હોય અને તેના અકીદા ઠીક હોય અને તે તાબેદારી કરતી હોય અને જ્યાં શરીઅત વિરૂદ્ધ કોઇ વાત હોય તરત તોહબ કરતી હોય અને અલ્લાહતઆલાથી ઇબાદતમાં લાગેલી હોય અને રોઝો રાખતી હોય.

હદીસોનું મજમુન. *

૧ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું. એવી સ્ત્રીઓપર અલ્લાહતઆલાની રહમત ઉતરે કે જે રાતના ઉઠી તહજ્જોદ પઢે અને પોતાના ખાવિન્દને પણ જગાડે કે તે પણ નમાઝ પઢે.

૨ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું. જે સ્ત્રી કુંવારપણમાં અથવા હમેલમાં અથવા બચ્ચું જણતાં અથવા નિફાસના દિવસોમાં મરે તેને શહીદોનો મરતબો મળે છે.

૩ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું જે સ્ત્રીનાં ત્રણ બચ્ચાં મરે અને તે સવાબ સમજીને સબર કરે તે જંનતમાં દાખલ થશે. એક સ્ત્રી બોલી ઓ રસૂલુલ્લાહ અને જેનાં બેજ બચ્ચાં મર્યાં હોય ? હજરતે (સલ) ફરમાવ્યું કે તેને પણ આજ સવાબ છે. એક રિવાયતમાં છે કે એક સહાબીએ પૂછયું એક બચ્ચું મર્યું હોય ? હજરતે (સલ) તેમાં પણ મોટો સવાબ બતાવ્યો.

૪ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું જે હમેલ પડે છે તે પણ પોતાની માને જો સવાબ સમજી સબર કર્યો હશે તો જંનતમાં ઘસડીને લઇ જશે.

૫ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે સર્વથી સારો **ખજાનો** નેકબખત સ્ત્રી છે, કે જેના જોવાથી ખાવિન્દ ખુશ થાય, અને જ્યારે ખાવિન્દ તેણીને કંઇ કામ બતાવે તો હુકમ બજાવી લાવે. અને જ્યારે ખાવિન્દ ઘેર નહીં હોય તો ઇજ્જત આબરૂ સંભાળીને બેસે.

૬ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું. અરબની સ્ત્રીઓમાં કોરૈશની નેક સ્ત્રીઓ બે વાતોમાં સઘળીઓથી સારી છે. એક તો બચ્ચાંઓ પર પ્યાર ઘણો કરે છે, બીજું ખાવિન્દના માલની સંભાળ કરે છે. **ફાયદો**—આથી જણાયું કે સ્ત્રીઓમાં આ સ્વભાવ થવો જોઇએ. આજકાલની સ્ત્રીઓ ધણીના માલને ઘણી બેફદરીથી ઉડાવે છે, અને ઓલાદ ઉપર ખાવા પેહેરાવવાનો જે પ્યાર થાયછે તેથી વધુ તેઓની ચાલચલગત સણગારવાનો પ્યાર થવો જોઇએ. નહીંતો તે પ્યાર અધુરો છે.

૭ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું. કુંવારી છોકરીઓથી નિકાહ કરો. કારણકે તેણીની બોલચાલ ધણી સાથે નરમ થાય છે, એટલે શરમ હયાના કારણથી બેહયા મોંજોર હોતી નથી. અને તેણીને થોડો ખરચ આપો તો ખુશ થાય છે. **ફાયદો**—આથી જણાયું કે સ્ત્રીઓમાં શરમ હયા અને સંતોષ સારી ટેવ છે. આની આ મતલબ નથી કે વિધવાથી નિકાહ કરો નહીં પણ કુંવારી સ્ત્રીની એક પ્રશંસા છે. અને બીજી હદીસોમાં છે કે, અમારા હજરતે (સલ) વિધવાથી નિકાહ કરનાર એક સહાબીને દોઆ કરી છે.

૮ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું. સ્ત્રી જ્યારે પાંચ વખતની નમાઝ પઢા કરે છે. અને રમજાનના રોજા રાખ્યા કરે છે. અને પોતાની આબરૂની સંભાળ કરે છે, અને પોતાના ધણીની તાબેદારી કરે છે એવી સ્ત્રી જંનતમાં જે દરવાજે ચાહે દાખલ થશે. **ફાયદો** મતલબ આ છે કે દીનની જરૂરી વાતોની બંધનમાં રહે. અને ઘણી મહેનતની ઇબાદતો કરવાની એને અગત્ય નથી. જે મરતબો આ મેહનતવાળી ઇબાદતોથી મળે છે તે સ્ત્રીને ધણીની તાબેદારી ઓલાદની પરવરિશ અને ઘરના બંદોબસ્તથી મળે છે.

૯ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, જે સ્ત્રીનો ધણી તેણીથી રાજી ખુશી હોય એવી હાલતમાં તેણીનું મોત આવે તે સ્ત્રી જંનતમાં જશે.

૧૦ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, જે

* મિશકાત શરીફ ઉપરથી.

શખ્સને ચાર વસ્તુ મળી તેને દુન્યા તથા આખેરતની દોલત મળી ગઇ (૧) એવું દિલ કે નેઅમતનું શુકર કરતું રહે (૨) એવી જીભ કે જેથી ખોદાનું નામ લે (૩) એવું બદન, કે બલા અને મોસીબત ઉપર સબર કરે. અને (૪) એવી બીબી કે પોતાની આબરૂ અને ધણીના માલમાં દગો ફટકો નહીં કરે.

ફાયદો–એટલે ન આબરૂ ખુએ અને ન ધણીની મરજી વિરૂદ્ધ માલ ખરચ કરે.

૧૧ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, જે સ્ત્રી એવા બને અને તે ખાનદાની પણ છે, માલદાર પણ છે, પણ તેણીએ પોતાનાં બચ્ચાંઓની ખીજમતમાં પાળવામાં લાગી પોતાનો રંગ મેલો કર્યો (રૂપ રંગ ખોયાં) તે એટલા સુધી કે તે બચ્ચાં મોટાં થઈ જુદાં પડ્યાં અથવા મરી ગયાં. તો એવી સ્ત્રી જંનતમાં કલેમાની આંગળી અને વચલી આંગળીની જેમ મારી પાસે થશે.

ફાયદો–આની આ મતલબ નથી કે વિધવાનું બેસી રહેવું સવાબ છે. પણ આ મતલબ છે કે જે વિધવા એમ સમજે કે નિકાહ કર્યાથી મારાં બચ્ચાં રઝળી જશે અને તે સ્ત્રીને પોતાના શણગારની તથા મનીચ્છાની કંઇ મતલબ નહીં હોય તેનો આ મરતબો છે.

૧૨ રસૂલુલ્લાહને (સલ) એક શખ્સે અરજ કરી ઓ રસૂલુલ્લાહ ! ફલાણી સ્ત્રી નફલ નમાઝ ધણી પઢે છે, રોઝા ખૈર ખૈરાત ઘણાં કરે છે પણ જબાનથી પડોસીઓને તકલીફ પણ આપે છે, હજરતે (સલ) ફરમાવ્યું કે તે દોઝખમાં જશે. ફરી તે શખ્સે અરજ કરી કે ફલાણી સ્ત્રી નફલ નમાઝો રોજા અને ખૈરખૈરાત ઘણાં કરતી નથી. પનીરના કકડા કદી કદાચ આપે છે. પણ પડોસીઓને જબાનથી દુઃખ આપતી નથી. હજરતે (સલ) ફરમાવ્યું કે તે જંનતમાં જશે.

૧૩ રસૂલુલ્લાહ (સલ) ની સેવામાં* એક સ્ત્રી હાજર થઇ. તેણીની સાથે બે બચ્ચાં હતાં. એક કેડે ચઢાવેલું હતું અને બીજાની આંગળી પકડી હતી. તેણીને જોઇને હજરતે (સલ) ફરમાવ્યું, આ સ્ત્રીઓ પ્રથમ બચ્ચાં પેટમાં રાખે છે. ફરી જણે છે, ફરી તેની સાથે કેવી મોહબ્બત અને મેહેરબાની કરે છે ! જો એઓનો મામલો ખાવિન્દો સાથે બુરો નહીં હતે તો એઓમાંથી જે નમાઝની પાબંદ હતે તે જંનતમાં જતે.

* ઈબને માજા ઉપરથી.

કુરઆન અને હદીસથી કેટલીક ઐબો વિષે સ્ત્રીઓને બોધ.

જ્યારે અમો નેક બીબીઓની ખસલતો બતાવી ગયા તો સ્ત્રીઓમાં કેટલીક ઐબો મળી આવે છે અને તેથી તેઓની નેકીઓ ઘટી જાયછે, તે ઐબોવિષે જે અલ્લાહે તથા રસૂલે ખાસ સ્ત્રીઓ માટે બંદોબસ્ત કર્યો છે તથા આજ્ઞા કરી છે, તેનો સાર પણ લખવો અગતયનો જણાય છે કે જેથી તે ઐબોનો અણગમો કરી બચે. જેથી પુરતી રીતે નેકી કાએમ રહે.

આયતોનો મજમુન.

૧ અલ્લાહતઆલાએ ફરમાવ્યું, જે બીબીઓમાં કહ્યું નહીં માનવાનાં ચિન્હ તમને જણાય તો પ્રથમ તેઓને બોધ આપો; અને તેથી નહીં માને તો તેઓની પાસે સૂવું બેસવું તજીદો. અને તેથી નહીં માનેતો તેઓને મારો. તે પછી જો તેઓ તાબેદારી કરવા લાગે તો તેઓને દુઃખ આપવાનો કોઇ માર્ગ ઢુંઢો નહીં. **ફાયદો**–આથી જણાયું કે ખાવિન્દની વાત નહીં માનવી ઘણું ખરાબ કામ છે.

૨ અલ્લાહતઆલાએ ફરમાવ્યું, ચાલવામાં જમીન ઉપર જોરથી પગ નહીં રાખો. જેમાં ઘરેણા વગેરેની પારકા પુરૂષને ખબર થાય. **ફાયદો**–વાજતું ઘરેણું પેહેરવું તો તદ્દન દુરૂસ્ત નથી અને જેમાં વાજું નહીં હોય પણ એક બીજાથી લાગવાથી વાજતું હોય તેમાં આ એહતેયાત (બચાવ) છે. આથી

સમજો કે, જ્યારે પગમાં એક ચીજ હોય તેના અવાજની આટલી બેહુરમત છે તો પોતે સ્ત્રીના અવાજની અને તેના બદન ખુલવાની તો કેટલી સખતાઈ હશે.

હદીસોનું મજમુન.*

૧ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, ઓ સ્ત્રીઓ! મેં તમને દોજખમાં ઘણી જોઇ છે. સ્ત્રીઓએ પૂછ્યું એનું શું કારણ? હજરતે (સલ) ફરમાવ્યું કે, તમો સર્વ વસ્તુને ધિટકાર (શાપ) આપો છો અને ધણીની અઉપકારી થાઓ છો અને તેઓની આપેલી વસ્તુ પર નાક ચઢાઓ છો.

૨ રસૂલુલ્લાહ (સલ) ની આગળ એક સ્ત્રીએ તાવ (બોખાર) ને બુરૂં કહ્યું. હજરતે (સલ) ફરમાવ્યું કે, બોખારને બુરૂં કહો નહીં. એનાથી ગુનાહ માફ થાય છે.

૩ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, વિલાપ કરનારી સ્ત્રી જો તોબહ નહીં કરશે તો કિયામતને દિવસે એવી રીતે ઉભી રાખવામાં આવશે કે તેના બદન ઉપર કુડતાની જેમ એક તેલથી ખડવામાં આવશે, જેમાં અગ્નિ જલદી લાગે છે. અને કુડતાની જેમ તેના સઘળા બદનમાં ખુજલી પણ થશે. એટલે તેને બે દુઃખ થશે. ખુજલીથી સઘળું બદન ઘરવડશે અને દોજખની અગ્નિ લાગે એ જુદી.

૪ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, ઓ મુસલમાન સ્ત્રીઓ! કોઇ પડોસણ પોતાની પડોસણની મોકલેલી વસ્તુને હલકી (નિર્જીવ) સમજે નહીં અગર જો બકરીની ખુરી હોય. ફાયદા— એટલે કેટલીક સ્ત્રીઓમાં આ ટેવ ઘણી હોય છે કે, બીજાના ઘરની આવેલી વસ્તુપર નાક ચઢાવે છે અને દોષ મુકે છે.

૫ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, એક સ્ત્રીને એક બીલાડીને લીધે અજાબ થયો હતો. તેણીએ તેને પકડીને બાંધી હતી. ન ખાવાનું આપ્યું અને ન છોડી. એમજ તડપી તડપીને મરી. ફાયદા—એવી રીતે જાનવર પાળી તેના ખાણા પાણીની ખબર નહીં લેવી અજાબનું કારણ છે.

૬ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, કેટલાંક પુરૂપ સ્ત્રી સાઠ વર્ષ સુધી ખોદાની ઇબાદત કરે છે. ફરી મોતનો વખત આવેછે ત્યારે શરીઅત વિરૂદ્ધ વસીયત કરી દોજખને લાયક બનેછે. ફાયદા—જેમ કે કેટલીકોની ટેવ હોયછે કે આવી રીતે કહીને મરે છે. જુવો, મારી ચીજ મારા નવાસાને આપશો, ભાઇને આપશો નહીં. અથવા ફલાણી દીકરીને ફલાણી વસ્તુ, બીજી દીકરીને વધુ આપશો. આ સઘળું હરામ છે. વસીયત અને વારસાની બાબત મૌલવીઓને પૂછી કદી તેની વિરૂદ્ધ કરે નહીં.

૭ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, કોઇ સ્ત્રી બીજી સ્ત્રીથી એવી રીતે મુલાકાત નહીં કરે કે પોતાના ખાવિન્દ આગળ તેણીનો હાલ એવી રીતે બયાન કરે કે જાણે તે તેને જોઈ રહ્યો છે.

૮ રસૂલુલ્લાહ (સલ) ની પાસે એક વાર તેવણની બે બીબીઓ બેઠાં હતાં. એક આંધળા સહાબી આવવા લાગ્યા. હજરતે (સલ) બંનેને પરદામાં જવાનો હુકમ આપ્યો. બંનેએ તાજુબ થઇને અરજ કરી તેતો આંધળા છે. હજરતે (સલ) ફરમાવ્યું, તમો તો આંધળાં નથી, તમો તો એને જુઓ છો.

૯ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, જ્યારે કોઈ સ્ત્રી પોતાના ખાવિન્દને દુન્યામાં દુઃખ આપે છે તો જંનતમાં જે હુર એના ખાવિન્દને મળનાર છે તે કહે છે—ખોદા તારો નાશ કરે, તેતો તારી પાસે મેમાન છે. તારી પાસેથી અમારી પાસે જલદી આવશે.

૧૦ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું, મેં એવી દોજખી સ્ત્રીઓને જોઇ નથી. એટલે મારા જમાના પછી એવી સ્ત્રીઓ પૈદા થશે, કે કપડું પેહેરેલું હશે અને નાંગી હશે. એટલે

* મિશકાત શરીફ ઉપરથી.

બદન ઉપર નામનું કપડું હશે. પણ કપડું એવું બારીક હશે, કે સઘળું બદન દેખાશે અને ઈતરાઇને દ્દવરાં હીલાવતી ચાલશે. અને વાળોમાં મુબાફ અથવા કપડું નાખીને વાળને લપેટી એવા બાંધશે કે જેથી વાળ ઘણા જણાએ, જાણે ઉંટની ખુંધ. એવી સ્ત્રીઓ જંનતમાં જશે નહી. એટલુંજ નહીં, પણ તેની ખુશબો પણ મળશે નહીં. **ફાયદો**—એટલે જ્યારે પર-હેઝગાર બીબીઓ જંનતમાં જશે, એઓની સાથે તેઓનું જવું થશે નહીં. ખરી ઇમાનની બર-કતથી જોઇએ જાય.

૧૧ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું જે સ્ત્રી સોનાનું ઘરેણું દેખાડવા (ઇતરાવા) માટે પેહે-રશે તેણીને તે ઝેવરથીજ અઝાબ અપાશે.

૧૨ રસૂલુલ્લાહ (સલ) એક સફરમાં* પધારેલા હતા. એક અવાજ સાંભળ્યો કે, કોઇ બીજા પર લઅનત કરે છે. હઝરતે (સલ) પૂછ્યું, આ શી વાત છે ? લોકોએ અરજ કરી કે આ ફલાણી સ્ત્રી છે, તે પોતાની સ્વારીની ઊંટણી ઉપર લઅનત કરે છે. તે ઊંટણી ધીમી ચાલતી હશે. અથવા ચાલવામાં મસતી કરતી હશે. તે સ્ત્રીએ સ્ત્રીઓની ટેવ પ્રમાણે ઝાંજ ખાઇને કહ્યું હશે. તને ખોદાની લઅનત (ખોદાની માર—ખોદાનો ફિટકાર) રસૂલુલ્લાહે (સલ) લોકોને હુકમ કર્યો કે આ સ્ત્રીને તથા એના અ-સબાબને આ ઊંટણી ઉપરથી ઉતારો. આ ઊંટણીતો આ સ્ત્રીના માનવાપ્રમાણે શાપપાત્ર છે. ફરી તેને કામમાં શામાટે લે છે ? **ફાયદો**—શું ઉમદા સજા કરી !

* અબુ દાઊદ ઉપરથી.

આ બંને મજમુનો એટલે તારીફ અને નસી-હતમાં આ જગ્યા પાંચ આયતો અને પચ્ચીસ હદીસો લખાઈ છે. અને આ હિસ્સાની શરૂમાં અમે પૈગમ્બર (સલ) ની મુબારક ખસલતો ઘણી લખી છે જેને દરેક વખતે વરતવાની જરૂરત છે. અને આથી પ્રથમ સાત ભાગમાં દરેક તરેહની નેકી અને દરેક તરેહની નસીહતો લખી છે. સઘ-ળાનું ધ્યાન રાખો અને અમલ કરો. ઈનશા અલ્લાહો તઆલા કિયામતમાં મોટા મોટા દર-જ્જા મેળવશો, અને નહીંતો ખોદાની પનાહ. ખરાબ સ્ત્રીનો ખરાબ હાલ થશે. જો કુરઆન હદીસ સમજવાને લાએક કદી થાઓ તો ઘણા કિસ્સા એવી બદદીન, બદજાત બદઅકીદા અને બદઅમલ સ્ત્રીઓના તમને જણાશે. અલ્લાહ-તઆલા નેકોમાં તમારો ગુજર કરે અને તે-ઓમાં ખાતેમા થાએ અને તેઓમાં હશર થાએ. **આમીન.**

સમાપ્ત.

તા. ૧૨ મી ૨ જોમાદા સને ૧૩૨૯ હિજરીના અગિયાર વાગ્યાને શુમારે મારી કલમે આ તરજુમો કરવાથી આરામ લીધો છે. અલ્લાહતઆલા એને કબૂલ કરે અને નવમા ભાગના તરજુમાની તોફીક આપે !!!

હકીમુલ ઉમ્મહ હજરત મૌલાના અશરફઅલી સાહેબ (સલ્લમહુ) ની રચેલી ઉર્દુ કિતાબો.

જઝાઉલ આમાલ કી. આ. ૨

ફેરૂઉલ ઇમાન કી. આ. ૨ાા

તાલીમુદ્દીન કી. આ. ૬

ઇસલાહુર રેસુમ કી. આ. ૪

કસદુસ સબીલ ઇલા મૌલલ જલીલ કી. આ. ૧ાા

કૌલુસ સવાબ ફી મસઅલતીલ હિજાબ પરદાવિષે કી. આ. ૧

અલકૌલુલ બદીઅ કી. આ. ૨

ઇસલાહે નજીરીયા. નઝીર અહમદના કુરઆનના તરજુમાની ભુલો કી. આ. ૨

ઇસિલાહુલ ખીયાલ નવી રોશનીવાળાઓ માટે કી આ. ૨ાા ગુજરાતી કી. આ. ૪

મજમુઆ રસાએલ કી. આ. ૧ાા

મજમુઆ એલાજુલ કહત વલ વબા કી. આ. ૧ાા

ફસલુલ ખેતાબ કાગળ વિષે કી. આ. ૨

તાલીમુત્તાલિબ ચાર શજરા સહીત કી. આ. ૧ાા

અખબારે ઝલઝલા કી. બે પૈસા.

ઇસ્તિબસાર ઇસ્તિગફાર વિષે કી. આ. ૧

જાદુસ સઇદ કી. આ. ૨ાા

મોનાજાત મકબુલ તરજુમા સહીત કી. આ. ૭

કલીદે મસનવી ભા. ૧ લો કી. રૂ. ૧)=

કલીદે મસનવી ભા. ૨ જો કી. રૂ. ૧)=

આ બંને ભાગ મસનવી મૌલાના રૂમના પ્રથમ દફતરની શરહ ઉર્દુમાં ઘણીજ ઉમદા છે.

ખોલાસા સાંઇસ ઓર ઇસ્લામ તાલીમુદ્દીન સહીત કી. રૂ. ૧)=

સાંઇસ ઓર ઇસ્લામ અસલ કી. રૂ. ૧ાા=

ઇકતેસાદ તકલીદ તથા ઇજતેહાદ વિષે કી. આ. ૩

હોકુકુલ ઇસ્લામ કી. બે પૈસા

કમાલાતે ઇમદાદીયા કી. આ. ૪ાા

કરામાતે ઇમદાદીયા કી. આ. ૩ાા

મવાએજે અશરીફીયા કી. આ. ૧ાા

અશરફુલ મવાએજ ભા. ૧ લો કી. આ. ૪

એજ ભા. ૨ જો કી. આ. ૩ આ ત્રણે કીતાબોમાં મૌલાના સાહેબની વઅજોનો સંગ્રહછે.

તજકીરે આખેરત. ઇજાઝુલઝેલતની સુરાનો વઅજ કી. આ. ૩

રોઝેકા વઅજ કી. આ. ૨ાા

મવાએજે હસના સૂરા વલ અસરેનો વઅજ કી. આ. ૨ાા

સફાઇ મોઆમલા કી. આ. ૨

ખેતાબુલ મલીહ. મસીહ તથા મહદી વિષે કાદયાનીનો રદ કી. આ. ૧ાા

તૈસીરૂલ મુબતદી કી. આ. ૪ાા

ફતાવા અશરફીયા. ભા. ૧ લો કી. આ. ૩

એજ ભા. ૨ જો કી. આ. ૪

હકકુસ સેમા. રાગ વિષે કી. આ. ૧ાા

તજવીદુલ કુરઆન કી. આ. ૧ાા

આમાલે કુરઆની ભા. ૧ લો કી. આ. ૧

એજ ભા. ૨ જો કી. આ. ૨

એજ ભા. ૩ જો કી. આ. ૨

બેહેશતી ઝેવર દસ ભાગમાં કીતાબ પૂરી. કી. રૂ. ૨ા દરેક ભાગની કી. આ. ૪ આ કિતાબ દરેકને અને ખાસ કરીને છોકરીઓને શીખવવી ઘણી ઉપયોગી છે. એમાં દીન દુન્યા બંનેની તાલીમ છે.

બેહેશતી ગોહર કી. આ. ૮ એ બેહેશતી ઝેવરનો વધારો છે, અને ઘણા મસલા મરદોને લાએક તથા મરદોના ઇલાજના છે.

તહકીકે તાલીમે ઇંગ્રેજી કી. બે પૈસા

તરીકે મૌલુદ શરીફ કી. આ. ૧

ઇકસીર દરબયાને તકદીર કી. આ. ૮

રિસાલએ અખબાર બીની કી. આ. ૧

તફસીર બયાનુલ કુરઆન ભા. ૧ લો કી રૂ ૧ાાા

એજ ભા. ૨ જો કી. રૂ. ૧ાાા

એજ ભા. ૩ જો કી. રૂ. ૧ાાા

મીરાસુલ મુસલેમીન કી. આ. ૩

મોફીદુલ વારેસીન કી. રૂ. ૧)= આ બંને કીતાબ બીજા મોલવીની છે.

જાહેર ખબર.

વિચાર સુધારક—ગુજરાતી કી. અ. ૪ એમાં મુસલિમ યુનીવરસીટીનું તથા અલીગઢવાળાઓનું ખંડન છે. અને સર સૈયદના બુરા અકીદાતું વર્ણન છે.

એઅલાએ કલેમતુલ હક ઉરદુ કી. અ. ૫

કશફુલ ગેતા ઉરદુ કી. અ. ૪

આ બંને ચોપડી ઇલમે ગેબ વિષે ઘણી ઉમદા છે.

ફરાએજ—હિસ્સા વારસાની કિતાબ ગુજરાતી કી. આ. ૮

રદેશિર્ક—ગુજરાતી કી. આ. ૨

માલા બુદ મિન્હો—આ જગત જાણીતી ફારસી કીતાબનો તરજુમો સઘળી નોટો સાથે ગુજરાતીમાં થયો છે. જેમાં નમાઝ, રોઝા, ઝકાત, અકાએદ વગેરેના આશરે બે હજાર મસલા છે કીં. રૂા. ૧

તોહફતુલ હિંદ—નામની કિતાબ જે ઉરદુ ભાષામાં માન પામી ૧૨ વાર છપાયલી તેનો ઇંગ્રેજી ભાષામાં તરજુમો થયો છે અને જોકે કર્તાએ માત્ર હિંદુ ધર્મ અને ઇસલામી ધર્મની સરખામણી કીધી હતી, પણ ભાષાંતર કર્તાએ નોટમાં ખ્રીસ્તીઓની અને આર્યાસમાજવાળાઓની પણ સરખામણી કરી તેઓના લખાણનો જવાબ પણ લખ્યો છે. જેથી તે અસલ કિતાબ સહીત ત્રણગણી મોટી થઇ છે, મતલબ કે એ કિતાબનો વાંચનાર હિન્દુ ખ્રીસ્તી અને ઇસ્લામી ધર્મથી વાકેફ થઇ જશે કીં. રૂા. ૨)

મશારેકુલ અનવાર :ભાગ ૧ લો-૨ જો અને ૩ જો ગુજરાતી જેમાં ૨૨૭૦ હદીસો છે. કી. દરેક ભાગની રૂા. ૧

બેહેશ્તી ઝેવર ભાગ ૩ જો ગુજરાતી— જેમાં રોઝો, ઝકાત, ફિત્રનો સદકો, કુરબાની વગેરે ઘણા વિષયો છે. કી. આ. ૫

બેહેશ્તી ઝેવર—ભાગ ૫ મો ગુજરાતી કી. આ. ૫ એમાં વેચાણુ, કીરાયા, બક્ષીસ. વગેરેના મસલા છે. કી. આ. ૫

બેહેશ્તી ઝેવર—ભાગ ૬ ઠો કી.. આ. ૬

બેહેશ્તી ઝેવર—ભાગ ૭ મો કી. અ. ૪ એમાં અખલાક આદાબ સો હદીસનો તરજુમો, કયામતની નિશાનીયો વગેરે ઘણા વિષયોછે

" તોહફતુલ હિંદ " ઉર્દુ કી. આ. ૧૦

" ઇજહારૂલ હક " નામનું પુસ્તક કે જે મૌલવી રહમતુલ્લાહ મોહાજેરે મકકા સાહેબનું અરબીમાં રચેલું છે તેનો તરજુમો ગુજરાતી ભાષામાં કરી ગ્લેઝ ૫૦ રતલી કાગળ ઉપર આઠ પેજી પૃષ્ટ ૫૦૦ ઉપર છપાવ્યું છે, એ આખી જગતના પાદરીઓને અઉત્તર કરનારૂં છે. હજરતની નોબુવ્વત ઘણી સારી રીતે તેઓની બાયબલથી પણ સાબેત કરધામાં આવી છે કી. રૂા. ૨—૦—૦

ઝમાનુલ ફીરદોસ—ગુજરાતી કી. આ. ૪

ઝમાનુલ ફીરદોસ ઉર્દુ કી. અ. ૨

બૈબલ પરીક્ષા કીમત આના ૨

જેહાદની હકીકત કી. આનો ૧

રાહેનજાત ગુજરાતી ઉમદા કાગળ ઉપર કીં. આના ૨

મઝહરૂલ ઇસ્લામ ગુજરાતી કીં આ. ૪

કુરઆને શરીફ મોટા તથા ઉમદા ખતમાં અને તેની નીચે શાહ અબદુલ કાદિર (રહ) નો જગત જાણીતો તરજુમો ગુજરાતી અક્ષરોમાં કી. રૂ ૫

તફસીર મુજેહુલ કુરઆન શાહ અબદુલ કાદિર (રહ) ની કી. રૂા. ૪ જીલદ વાળાના રૂા. ૪।।=

કુરઆને શરીફ તેની સાથે ગુજરાતી અક્ષરમાં પણ કુરઆન એટલે ગુજરાતી જાણનાર પણ કુરઆન પઢી શકે અને તેની સાથે ગુજરાતીમાં તરજુમો એક જીલદમાં કી. રૂ. ૧૨ અને બે જીલદમાં રૂા. ૧૩

પ્રોફેસર ઇસફેહાનીનો કુરઆનનો તરજુમો ગુજરાતી બે ભાગ જીલદ ઉમદા, કાગળ ઉમદા કી. રૂા. ૫।।

મોનબ્બેહાત—ગુજરાતી. નસીહત તથા અખલાક શિખવનાર સારી ચોપડી છે અને ગુજરાતીમાં એની સાથે લુકમાન હકીમ (અલે) ની સો નસીહતો પણ છાપી છે કીં આ. ૪

મોનબ્બેહાત—ઇંગ્રેજી કીં આ ૧૨ આની સાથે અલ્લાહનાં સો નામો તથા હજરત અલી (રદી) ની નસીહતોનો પણ તરજુમો છે.

અબદુલ્લાહ બી. ગુલામમોહમ્મદ સાદિક

મુ૦ રાંદેર જીલ્લે સુરત.

જાહેર ખબર.

આર્યાઓના ખંડનનાં પુસ્તકો.

સત્યાર્થ પ્રકાશનું ખંડન ગુજરાતી ભાગ ૧ લો એમાં દયાનંદની ૧૫૯ શંકામાંની ૬૪ શંકાઓનો ઉત્તર છે એથી આર્યાઓનું પોકલપણું સિધ્ધ થાય છે, આર્યાઓની મંડલીમાં કેટલીક પ્રતો મોકલી ત્રણ વર્ષ થવા આવ્યાં છતાં હજુ તેનો ઉત્તર કોઇથી થયો નથી. કીં. આ. ૧૦

રેફ્યુટેસન ઓફ ધી સત્યાર્થ પ્રકાશ ઉપલા પુસ્તકને અંગ્રેજીમાં છપાવ્યું છે કી. રૂ. ૧

ગઉરક્ષકને ચેતવણી ગુજરાતી મફત. એજ ચોપડી અંગ્રેજીમાં પણ છે. કીં. આ. ૬

રસુલુલ્લાહકે હુકમકી તામીલ ઓર ગાયકે ફવાએદકી તફસીલ. ઉર્દુ ગઉરક્ષા વિરૂદ્ધ આ ચોપડી ઘણી ઉમદા છે. કીં. આ. ૫

આર્યા સમાજકી પોલ ઉર્દુ ભાગ ૧ ભાગ ૨ દરેક ભાગની કીં. રૂા. ૧ાા આર્યા સમાજના એક ઉપદેશકે ઇસ્લામી ધર્મ સ્વીકારી તેઓના ખંડનમાં આ પુસ્તક રચ્યું છે. એમાં આર્યાઓના મુળ સિદ્ધાંતનું ખંડન કરી તેઓને નાસ્તીક ઠેરવ્યા છે.

બરકે ઇસ્લામ ઉર્દુ કીં. આ. ૬

તુરકે ઇસ્લામ ઉર્દુ કીં આ. ૧૨

નુરૂદ્દીન ઉર્દુ કી. રૂા. ૧

ઇસ્લામ ઉર્દુ કીં. આ. ૮

તકજીબે વેદ ઔર તસદીકે કુરઆન ઉર્દુ કી. આ. ૭ આ પાંચ પુસ્તકો ધર્મપાલના તરકે ઇસ્લામના જવાબો છે. અને દરેક જોવા લાયક છે.

દયાનંદ ચરીત્ર ઉર્દુ કીં. આ. ૩

રેવ્યુ ઉર્દુ કીં. આ. ૮ આ બંને ચોપડી દયાનંદ ચરીત્રના ખંડનમાં છે.

નમાઝ ઔર સંધ્યા ઉર્દુ કીં. આ. ૧

તહકીકે ઇલહામ ઉર્દુ કીં. આ. ૨

મેયારૂલ ઇલહામ ઉર્દુ કીં. આ. ૩

તહજીબુલ મોકજજેબાન ઉર્દુ કીં. આ. ૫

સત્યાર્થ પ્રકાશ દર્પણ ઉર્દુ કીં. આ. ૭

હક્ક પ્રકાશ ઉર્દુ કીં. રૂ. ૧

વેદની હકીકત ઉર્દુ કીં. આ. ૧

રદ્દે ખતરાત ઉર્દુ કી. આ. ૫

વેદ ઔર કુરઆનકા મુકાબલા ઉર્દુ કીં. આ. ૧૦

બહસે તનાસોખ ઉર્દુ કી. આ૦ ૩

હોદુસે દૂન્યા ઉર્દુ કીં. આ. ૩

સુરમએ ચશમે આર્યા કીં. આ. ૧૪

શહાદતે ઇસ્લામ ઉર્દુ આમાં ખ્રીસ્તીઓનું ખંડન છે કી. રૂા. ૧ાા

અબ્દુલ્લાહ બી. ગુલામ મોહમ્મદ સાદેક.

મુ. રાંદેર જી. સુરત.